સાંધ્ય દૈનિક

# પ્રતાપ દર્પણ

RNI NO : 67531/97 | મુદ્રક તથા પ્રકાશક : રાજેશ બાલુભાઈ પટેલ ● તંત્રી : પ્રવીણ ગોહિલ ● સહતંત્રી : જગદીશ વાલજીભાઈ ચાવડા ● વર્ષ : ૩૦ ● અંક : ૨૮૧ ● મોબાઈલ નં. ૯૮૨૫૫ ૩૨૫૦૫

www.pratapdarpan.in | pratapdarpan_official | pratapdarpansrt@gmail.com | pratapdarpan_official11

# અમેરિકામાં ટ્રમ્પના શાસનમાં મોંઘવારી બેફામ વધી

## અમેરિકામાં થયેલા સર્વેના ચોંકાવનારા તારણોઃ અમેરિકાનું અર્થતંત્ર પણ કથળ્યુંઃ ટ્રમ્પની નીતિથી બહુમતી અમેરિકનો નારાજ

નવી દિલ્હી, તા. ૪

ડોનાલ્ડ ટ્રમ્પ મોટા-મોટા વાયદા આપીને બીજીવાર પ્રેસિડેન્ટ બન્યા હતા પરંતુ તેમના અત્યારસુધીના કાર્યકાળમાં તેમણે આપેલા વચનો હથેળીમાં બતાવાયેલા ચાંદ જેવા પૂરવાર થયા હોય તેવું અમેરિકન્સને લાગી રહ્યું છે. દ્વારા અમેરિકન્સનો મૂડ જાણવા માટે કરવામાં આવેલા એક પોલમાં એવું જાણવા મળ્યું છે કે, ૬૬ ટકા અમેરિકન્સને એવું લાગે છે કે દેશ ખોટી દિશામાં આગળ વધી રહ્યો છે અને વધી રહેલી મોંઘવારી માટે ૫૯ ટકા અમેરિકન્સે ટ્રમ્પ અને તેમની નીતિઓને જવાબદાર ઠેરવ્યા છે.

આ ઉપરાંત અડધાથી વધુ અમેરિકન્સનું એવું માનવું છે કે, ટ્રમ્પના પ્રેસિડેન્ટ બન્યા બાદ ઈકોનોમીની હાલત બદતર થઈ ગઈ છે, એટલું જ નહીં બહુમતી અમેરિકન્સ એવું પણ માની રહ્યા છે કે પ્રેસિડેન્ટ ટ્રમ્પની સાથે-સાથે ડેમોક્રેટ્સ અને રિપબ્લિકન્સને હાલ દેશ કઈ સ્થિતિમાંથી પસાર થઈ રહ્યો છે તેની કશીય સમજ નથી. આર્થિક સ્થિતિ ઉપરાંત સતત લાંબા ખેંચાઈ રહેલા શટડાઉનને કારણે પણ અમેરિકન્સ ચિંતિત છે.

આ સર્વેમાં ડેમોક્રેટિક પાર્ટી ઉપરાંત રિપબ્લિકન પાર્ટીના સપોર્ટર હોય તેવા લોકો તેમજ ઈન્ડિપેન્ડન્ટ્સને પણ આવરી લેવામાં આવ્યા હતા, તેમાં ભાગ લેનારા ૯૫ ટકા ડેમોક્રેટિક પાર્ટીના સપોર્ટર્સે દેશ ખોટી દિશામાં આગળ વધી રહ્યો હોવાનું જણાવ્યું હતું.

જ્યારે આમ માનનારા ઈન્ડિપેન્ડન્ટ્સની સંખ્યા ૭૭ ટકા હતી અને ૨૯ ટકા રિપબ્લિકન્સનું પણ કંઈક આવું જ માનવું હતું. નવાઈની વાત એ છે કે વ્હાઈટ અમેરિકન્સ કરતાં હિસ્પેનિક, બ્લેક અને એશિયન્સમાં ટ્રમ્પ સામે વધારે નારાજગી જોવા મળી હતી.

મતલબ કે ટ્રમ્પની પોલિસી સાથે સહમત ના હોય



તેવા એશિયન્સ અને હિસ્પેનિક્સનું પ્રમાણ ૭૧ ટકા જેટલું થાય છે. જોકે, મહત્વની વાત એ પણ છે કે હાલ ભલે ૬૬ ટકા જેટલા લોકો આમ માનતા હોય પરંતુ નવેમ્બર ૨૦૨૪માં જ્યારે અમેરિકામાં પ્રેસિડેન્શિયલ ઈલેક્શનની તૈયારી હતી.

ત્યારે આમ માનનારા લોકોનું પ્રમાણ ૭૫ ટકા પર હતું અને સરકાર બદલાયા બાદ પણ તેમાં કોઈ ખાસ ઘટાડો નથી થયો, મતલબ કે ટ્રમ્પ પ્રત્યે લોકોને જે આશા હતી તે કદાચ ઠગારી નિવડી છે. મોંઘવારી માટે ટ્રમ્પને જવાબદાર માનતા હોય તેવા લોકોનું પ્રમાણ ૬૦ ટકા જેટલું થાય છે જ્યારે એટલા જ લોકો ટ્રમ્પ ટેરિફ, ઈકોનોમી અને ફેડરલ ગવર્મેન્ટ સહિતના જે ઈશ્યૂને જે રીતે હેન્ડલ કરી રહ્યા છે તેનાથી નારાજ છે. આ ઉપરાંત ૬૪ ટકા લોકોનું એવું પણ માનવું છે કે, ટ્રમ્પ સર્વસત્તાધીશ બનવા માટે પ્રયાસ કરી રહ્યા છે. ટ્રમ્પ સામે ભલે લોકોમાં નારાજગી વધી રહી હોય પરંતુ ડેમોક્રેટિક પાર્ટીની હાલત પણ કંઈ ખાસ સારી નથી. ડેમોક્રેટ્સને લોકોની સ્થિતિનો કોઈ અંદાજ નથી તેવું માનનારા લોકોનું પ્રમાણ ૬૮ ટકા થાય છે, જે દર્શાવે છે કે ટ્રમ્પ સામેની નારાજગીનો ડેમોક્રેટ્સને હાલ પૂરતો કોઈ ફાયદો થતો નથી દેખાઈ રહ્યો. અમેરિકાની ઓળખ જગત જમાદાર તરીકેની રહી છે પરંતુ ૪૮ ટકા અમેરિકન્સનું માનવું છે કે, ટ્રમ્પના શાસનમાં અમેરિકાની લીડરશિપ નબળી પડી છે જ્યારે ૩૩ ટકાનું માનવું છે કે દુનિયામાં અમેરિકાના માન-સમ્માન વધ્યા છે. આવી જ હાલત ઈકોનોમીની પણ છે, આ સરવેમાં ભાગ લેનારા ૫૨ ટકા અમેરિકન્સનું માનવું હતું કે ટ્રમ્પના પ્રેસિડેન્ટ બન્યા બાદ ઈકોનોમી નબળી પડી છે જ્યારે ૨૭ ટકા માને છે કે ઈકોનોમી ઈમ્પ્રુવ થઈ છે.

# લડાઈ માટે સૈન્ય દળોની તૈયારીની સમિક્ષા કરતા સેના પ્રમુખ દ્વિવેદી

### ખરગા કોર્પ્સની મુલાકાત લેતા સેના પ્રમુખ જનરલ

નવી દિલ્હી, તા. ૪

સેના પ્રમુખ જનરલ ઉપેન્દ્ર દ્વિવેદી સતત લશ્કરી તૈયારીઓની સમીક્ષા કરી રહ્યા છે. તાજેતરમાં અનેક સરહદી વિસ્તારોની મુલાકાત લીધા બાદ, ચીફે હવે ડ્રોન તૈયારીઓ અને તાલીમમાં નવીનતાઓ સહિત વિવિધ વિષયોનું નિરીક્ષણ કર્યું છે. હકીકતમાં, સેના પ્રમુખ જનરલ ઉપેન્દ્ર દ્વિવેદીએ ખરગા કોર્પ્સની મુલાકાત લીધી હતી, જ્યાં તેમણે ઓપરેશનલ તૈયારીઓની સમીક્ષા કરી હતી. મુલાકાત દરમિયાન, તેમને લડાઈ ક્ષમતાઓને મજબૂત કરવા, અત્યાધુનિક ટેકનોલોજીઓને એકીકૃત કરવા, આંતર-એજન્સી સંકલન વધારવા અને રાષ્ટ્રનિર્માણને પ્રોત્સાહન આપવા માટેની પહેલો વિશે માહિતી આપવામાં આવી હતી. નોંધનીય છે કે આધુનિક યુદ્ધની યુક્તિઓ અને તકનીકો સતત વિકસિત થઈ રહી છે. પરંપરાગત યુદ્ધથી વિપરીત, યુદ્ધ હવે બંદૂકો અને તોપખાના સુધી મર્યાદિત નથી. ડ્રોન અને કૃત્રિમ બુદ્ધિ આજના યુદ્ધોમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. વધુમાં, રોબોટ્સ અને ડેટા યુદ્ધે પણ પાયદળને નવી દિશા આપી છે. આનું એક મજબૂત ઉદાહરણ ખરગા કોર્પ્સમાં જોવા મળે છે. ડ્રોન જેવી ટેકનોલોજી અહીં વ્યાપકપણે તૈનાત કરવામાં આવી છે.

સેના પ્રમુખે ડ્રોન તૈયારીઓની સમીક્ષા કરી અને ઓપરેશન સિંદૂર દરમિયાન કોર્પ્સના ઉત્તમ પ્રદર્શન માટે તેની પ્રશંસા કરી. તેમણે ડ્રોન ડિઝાઈન અને તાલીમમાં નવીનતાઓ, લોજિસ્ટિક્સ અને વહીવટમાં અદ્યતન તકનીકી ઉકેલો અપનાવવા, નિવૃત્ત સૈનિકો અને તેમના પરિવારોના કલ્યાણ માટેના પ્રયાસો અને ઓપરેશન રાહત હેઠળ માનવતાવાદી સહાય પ્રવૃત્તિઓની પ્રશંસા કરી.

સેના પ્રમુખે એ પણ ભાર મૂક્યો કે ખારગા કોર્પ્સ લશ્કરી-નાગરિક સંમિશ્રણને પ્રોત્સાહન આપીને ટકાઉ

અનુસંધાન પાના ૭ પર

# અમેરિકામાં ૩૪માં દિવસે પણ સરકારનું શટ ડાઉન યથાવત

### પોષણ સહાય યોજના માટે સરકારની આશિંક મદદ

વોશિંગ્ટન, તા. ૪

ટ્રમ્પ વહીવટીતંત્રે જાહેરાત કરી છે કે તે પૂરક પોષણ સહાય કાર્યક્રમ (SNAP) માટે આંશિક ભંડોળ પૂરું પાડશે. આ નિર્ણય ત્યારે આવ્યો છે જ્યારે અમેરિકામાં ફેડરલ સરકારનું શટડાઉન ૩૪મા દિવસમાં પ્રવેશ્યું છે, જે દેશના ઈતિહાસમાં સૌથી લાંબુ બની શકે છે. યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે શુક્રવારે TruthSocial પર લખ્યું હતું કે તેઓ નથી ઈચ્છતા કે લોકો ભૂખ્યા રહે કારણ કે વિપક્ષ સરકાર ફરીથી ખોલવાના નિર્ણય સાથે સહમત નથી. તેથી, તેમણે વકીલોને કોર્ટ સમક્ષ સ્પષ્ટતા કરવા કહ્યું છે કે SNAP ને કાયદેસર રીતે કેવી રીતે ઝડપથી ભંડોળ પૂરું પાડી શકાય. યુએસ ડિપાર્ટમેન્ટ ઓફ એગ્રીકલ્ચરે સોમવારે કોર્ટને જણાવ્યું હતું કે નવેમ્બર મહિના માટે જીદ્દછે લાભો માટે ઈ૪.૬૫ બિલિયન ઈમરજન્સી ફંડનો ઉપયોગ કરવામાં આવશે. આ લગભગ અડધા પાત્ર પરિવારો માટે જરૂરી સહાયના ૫૦ ટકાને આવરી લેશે.

ગયા શુક્રવારે રોડ આઈલેન્ડની એક કોર્ટે કૃષિ વિભાગને લાભાર્થીઓને ચુકવણી કરવા માટે આ ઈમરજન્સી ફંડનો ઉપયોગ

અનુસંધાન પાના ૭ પર

# વારાણસીમાં વિમાનનો ઈમરજન્સી ગેટ ખોલવા મુસાફર દ્વારા પ્રયાસ

### વિમાનના ટેકઓફ સમયે ગંભીર હરકત કરનાર મુસાફરની અટકાયતા

નવી દિલ્હી, તા. ૪

વારાણસીના લાલ બહાદુર શાસ્ત્રી ઈન્ટરનેશનલ એરપોર્ટ પર એક મુસાફરે ફ્લાઈટનો ઈમરજન્સી દરવાજો ખોલવાનો પ્રયાસ કર્યો. મુંબઈ માટે ટેકઓફ કરતા પહેલા વિમાન એપ્રોનથી રનવે તરફ આગળ વધી રહ્યું હતું ત્યારે મુસાફરની કૃત્યથી અફરા-તફરી મચી ગઈ. ક્રૂએ તાત્કાલિક પાઈલટને ઘટનાની જાણ કરી. પછી ATCનો સંપર્ક કરવામાં આવ્યો, અને વિમાનને એપ્રોન પર પાછું લાવવામાં આવ્યું. આરોપીને કસ્ટડીમાં લેવામાં આવ્યો હતો.

અન્ય તમામ મુસાફરોને પણ નીચે ઉતારવામાં આવ્યા હતા અને વિમાનની તપાસ કરવામાં આવી હતી. અહેવાલો અનુસાર, ધરપકડ કરાયેલો યુવાન જૌનપુરના મુંગારાબાદ શાહપુરનો રહેવાસી છે. તેની ઓળખ સુજીત સિંહ તરીકે થઈ છે. પોલીસ અને ગુપ્તચર ટીમો તેની પૂછપરછ કરી રહી છે. આ ઘટના સોમવારે સાંજે બની હતી. નિરીક્ષણ પછી, વિમાનને સાંજે ૭:૪૫ વાગ્યે ઉડાન ભરવાની મંજુરી આપવામાં આવી હતી.

એરપોર્ટ અધિકારીઓના જણાવ્યા અનુસાર, અકાસા એરલાઈન્સની ફ્લાઈટ QP-૧૪૯૮ સાંજે ૪ વાગ્યે મુંબઈથી રવાના થઈ હતી અને ૬:૨૦ વાગ્યે વારાણસી એરપોર્ટ પર પહોંચી હતી. મુસાફરોને ઉતાર્યા પછી, તે સાંજે ૬:૪૫ વાગ્યે મુંબઈ માટે ઉડાન ભરવાની હતી. સાંજે ૬:૪૫ વાગ્યે (QP-1497), વિમાને ATCનો સંપર્ક કર્યો અને એપ્રોનથી ટેકઓફ માટે રનવે તરફ આગળ વધ્યું.

રનવે પર, ક્રૂ મેમ્બર્સે એક યુવાનને વિમાનનો ઈમરજન્સી ગેટ ખોલવાનો પ્રયાસ કરતા જોયો. તાત્કાલિક પાઈલટનો સંપર્ક કરવામાં આવ્યો અને

અનુસંધાન પાના ૭ પર

# ભારતમાં રાજકારણ ફેમિલિ બિઝનેસ સમાન : શશિ થરૂર

### વંશવાદી રાજકારણની ટીકા કરતા કોંગ્રેસના સાંસદ

નવી દિલ્હી, તા. ૪

કોંગ્રેસના સાંસદ શશિ થરૂરે ભારતના વંશવાદી રાજકારણની ટીકા કરી છે. આંતરરાષ્ટ્રીય પ્રકાશન પ્રોજેક્ટ સિન્ડિકેટ માટે લખેલા એક લેખમાં થરૂરે કહ્યું, "ભારતમાં રાજકારણ એક પારિવારિક બિઝનેસ બની ગયું છે. જ્યાં સુધી રાજકારણ પરિવારોની આસપાસ ફરે છે, ત્યાં સુધી લોકશાહી સરકારનો સાચો અર્થ અધૂરો રહેશે."

થરૂરે 'Indian Politics Are a Family Business' નામના તેમના લેખમાં લખ્યું, ભારત માટે પરિવારવાદ છોડીને યોગ્યતા આધારિત વ્યવસ્થા અપનાવવાનો સમય આવી ગયો છે. આ માટે કાયદેસર રીતે નિશ્ચિત કાર્યકાળ, આંતરિક પક્ષની ચૂંટણીઓ અને મતદાતા જાગૃતિ જેવા મૂળભૂત સુધારાઓની જરૂર છે.

થરૂરે પોતાના લેખમાં નેહરુ-ગાંધી પરિવારને ભારતનો સૌથી પ્રભાવશાળી રાજકીય પરિવાર ગણાવ્યો હતો. તેમણે લખ્યું હતું કે પરિવારનો વારસો સ્વતંત્રતા ચળવળ સાથે જોડાયેલો છે, પરંતુ તેના કારણે એવી ધારણા પણ ઉભી થઈ છે કે રાજકારણ કેટલાક પરિવારોનો જન્મસિદ્ધ અધિકાર છે.

થરૂરે દેશભરના અનેક રાજકીય પરિવારોના ઉદાહરણો આપતા કહ્યું

અનુસંધાન પાના ૭ પર

# ગુરુવારે બિહારમાં પ્રથમ તબક્કામાં ૧૨૧ બેઠકો માટે યોજાશે મતદાન

## ૧૨૧ બેઠકો પર આજે સાંજથી ચૂંટણી પ્રચાર સમાપ્ત

નવી દિલ્હી, તા. ૪

આ વર્ષની અંતિમ તથા આગામી વર્ષમાં યોજાનારી મહત્વના વિપક્ષ શાસનના રાજ્યોની ધારાસભા ચૂંટણીઓ માટે નિર્ણાયક બિહાર વિધાનસભા ચૂંટણીઓમાં પ્રથમ તબકકાના તા.૬ ગુરુવારે યોજાનારા મતદાન માટે આજે પ્રચારના પડઘા શાંત થઈ ગયા છે. રાજ્યમાં કુલ ૨૪૩ વિધાનસભા બેઠકમાં આજે પ્રથમ તબકકામાં ૧૮ જીલ્લાની ૧૨૧ બેઠકો માટે મતદાન યોજાશે. જ્યારે બીજા તબકકા માટે ૧૧ નવે.ના મતદાન થશે. રાજ્યમાં અત્યંત



તિવ્ર અને આક્ષેપભર્યા ચૂંટણી પ્રચારના અંતે ગુરુવારે ૧૨૧ બેઠકો પર એનડીએ મહાગઠબંધન અને જનસુરાજ પાર્ટી સહિતના છે. ૧૩૧૧ ઉમેદવારોના ભાવી સીલ થશે. બન્ને તબકકાના મતદાન બાદ તા.૧૪ નવેમ્બરે મતગણતરી યોજાશે. રાજ્યમાં પ્રથમ તબકકાની ૧૦૨ સભાની ૧૯ અનુસૂચીત જાતી માટે અનામત બેઠકો માટે મતદાન થનાર છે અને ૩.૭૫ કરોડ મતદારો તેમાં ભાગ લેશે. કુલ ૪૫૩૪૧ મતદાન કેન્દ્ર પર મતદાન થશે. રાજ્યમાં જાતિગણના અને મતદાર યાદી પુનઃસમીક્ષા બાદ આ પ્રથમ વખત યોજાઈ રહેલી ધારાસભા ચૂંટણીમાં બન્ને વિવાદી બનેલા મુદ્દાની કસોટી થશે તો ૨૦ વર્ષથી રાજ્યમાં એક યા બીજા ગઠબંધન સાથે રહીને ખુદનું મુખ્યમંત્રી પદ બચાવવામાં સફળ રહેલા નીતીશકુમાર માટે હવે આ આખરી ચુંટણી હશે. જો કે તેઓ ખુદ ચુંટણી લડતા નથી.

અનુસંધાન પાના ૭ પર

# ઉત્તર કોરિયાના પૂર્વ પ્રમુખ કિમ યોંગ નામનું નિધન

### ૯૭ વર્ષીય કિમ યોંગ નામ બે દાયકા સુધી ઉત્તર કોરિયાના પ્રમુખ રહ્યા હતા

નવી દિલ્હી, તા. ૪

ઉત્તર કોરિયાના પૂર્વ પ્રમુખ કિમ યોંગ નામનું ૯૭ વર્ષની વયે નિધન થયું છે. તેમનું મૃત્યુ સોમવારે મલ્ટીપલ ઓર્ગન ફેલ્યોરને કારણે થયું હતું.

તેમણે ૧૯૯૮ થી એપ્રિલ ૨૦૧૯ સુધી લગભગ બે દાયકા સુધી દેશના ઔપચારિક પ્રમુખ તરીકે સેવા આપી હતી. જોકે, વાસ્તવિક સત્તા હંમેશા શાસક કિમ પરિવાર પાસે જ રહી છે. તેઓ શાસક કિમ રાજવંશના સંબંધી ન હતા.

કિમ યોંગ નામ શાસક પરિવાર પ્રત્યેની તેમની અતૂટ નિષ્ઠા અને સરકારી કાર્યક્રમોમાં તેમના બુલંદ અવાજમાં ભાષણો માટે જાણીતા હતા. ૨૦૧૮માં, તેમણે કિમ જોંગ ઉનની બહેન કિમ યો જોંગ સાથે દક્ષિણ કોરિયામાં પ્યોંગચાંગ ઓલિમ્પિકના ઉદ?ઘાટન સમારોહમાં ભાગ લઈને આંતરરાષ્ટ્રીય સ્તરે ચર્ચા જગાવી હતી. ઉત્તર કોરિયાના વર્તમાન નેતા કિમ જોંગ ઉને તેમના પાર્થિવ શરીર પર શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી. તેમના અંતિમ સંસ્કાર ગુરુવારે યોજાશે.

# બારાબંકીમાં ટ્રક કારની ટક્કર છ લોકોનાં મોત, બે ઈજાગ્રસ્ત

### અકસ્માતમાં એક પરિવારના ત્રણ લોકો મોતને ભેટયા

બારાબંકી, તા. ૪

ઉત્તર પ્રદેશના બારાબંકીમાં દેવા-ફતેહપુર રોડ પર બિશુનપુર શહેર નજીક સોમવારે મોડી રાત્રે થયેલા એક દુઃખદ માર્ગ અકસ્માતમાં છ લોકોના મોત અને બે ગંભીર રીતે ઘાયલ થયા. મૃતકોમાં એક જ પરિવારના ત્રણ સભ્યોનો સમાવેશ થાય છે. અહેવાલો અનુસાર, એક ઝડપી ટ્રક અને નોંધણી વગરની એર્ટિગા કાર સામસામે અથડાતાં આ અકસ્માત થયો હતો. ટક્કર એટલી ગંભીર હતી કે એર્ટિગાના ટુકડા થઈ ગયા હતા, જેના કારણે આસપાસના વિસ્તારમાં ભારે ગભરાટ ફેલાયો હતો. મૃતકોની ઓળખ ડ્રાઈવર શ્રીકાંત શુક્લા, પ્રદીપ સોની, તેમની પત્ની માધુરી સોની અને પુત્ર નીતિન તરીકે થઈ છે. અન્ય બે મૃતકોની હજુ સુધી ઓળખ થઈ નથી. ઘાયલોમાં પ્રદીપ સોનીનો પુત્ર નૈમિષ અને એક અજાણ્યો પુરુષનો સમાવેશ થાય છે. કાનપુરના બિથુરમાં ગંગામાં સ્નાન કરીને પીડિતો ઘરે પરત ફરી રહ્યા હતા.

અકસ્માતની માહિતી મળતાં જ જિલ્લા મેજિસ્ટ્રેટ શશાંક ત્રિપાઠી અને પોલીસ અધિક્ષક અર્પિત વિજયવર્ગીય ઘટનાસ્થળે પહોંચ્યા હતા. સ્થાનિક રહેવાસીઓની મદદથી, પોલીસે ઘાયલોને કારમાંથી બહાર કાઢ્યા અને એમ્બ્યુલન્સ દ્વારા જિલ્લા હોસ્પિટલમાં મોકલ્યા. તેમની ગંભીર સ્થિતિને કારણે, બધા ઘાયલોને લખનૌ ટ્રોમા સેન્ટરમાં રિફર કરવામાં આવ્યા.

એસપી અર્પિત વિજયવર્ગીયએ જણાવ્યું હતું કે પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું છે કે અકસ્માત વધુ ઝડપને કારણે થયો હતો. ટ્રક અને કાર વચ્ચે ટક્કર બાદ, રસ્તા પર લાંબો ટ્રાફિક જામ થઈ ગયો હતો. ક્રેનની મદદથી વાહનોને હટાવીને ટ્રાફિક પુનઃસ્થાપિત કરવામાં આવ્યો હતો. પ્રારંભિક તપાસમાં જાણવા

અનુસંધાન પાના ૭ પર

# જોધપુર અને જેસલમેરમાં ૨૦ દિવસમાં અકસ્માતમાં ૫૨નાં મોત

### રાજસ્થાનમાં મુસાફરો માથે કાળનું ચક્ર ફરે છે

જોધપુર, તા. ૪

રાજસ્થાનમાં છેલ્લા ૨૦ દિવસમાં ખોફનાક અકસ્માતની ઘટનાઓ બની ગઈ, આ માર્ગ અકસ્માતમાં ૨૦ દિવસમાં ૫૨ જેટલા લોકોએ જીવ ગુમાવ્યા છે.

પહેલી દુર્ઘટના દિવાળીથી એક સપ્તાહ પહેલા ૧૪ ઓકટોબરે જેસલમેરમાં સર્જાઈ હતી, જ્યાં સ્લીપર બસમાં શોર્ટ સર્કીટથી આગ લાગતા ૨૮ લોકોના દર્દનાક મોત નિપજયા હતા.

ત્યારબાદ રવિવારે માતોડમાં થયેલા અકસ્માતમાં ૧૫ લોકોના જીવ ગયા હતા. અકસ્માત બાદ રવિવારે અડધી રાતથી મહાત્મા ગાંધી હોસ્પિટલની મોર્ચરી બહાર મૃતકોના પરિવારજનોએ ધરણા શરૂ કરી દીધા હતા.

કોંગ્રેસ નેતા કરણસિંહ ઉચિયારડા સહિત અનેક લોકો ધરણામાં સામેલ થયા હતા અને મૃતકોના પરિવારોને ૨૫-૨૫ લાખ રૂપિયાનું વળતર અને ઘાયલોને પાંચ-પાંચ લાખ રૂપિયા આપવાની માંગ કરી હતી.

# બોગસ દાવા કરનારા ગ્રાહકો પર ઈરડાની સતત નજર રહેશે

### વીમા ગ્રાહકોને સાઈબર ઠગાઈથી બચાવવા ઈરડાએ નવા નિયમો તૈયાર કર્યા

નવી દિલ્હી, તા. ૪

વીમાધારકોને કોઈપણ પ્રકારની છેતરપીડી કે સાઈબર ઠગાઈથી બચાવવા માટે નવા નિયમ લાગુ કરવાની તૈયારી છે. તેના માટે ભારતીય વિમા વિનિયામક અને વિકાસ ઓથોરિટી (ઈરડા)એ વીમા છેતરપીડી વોચ રૂપરેખા દિશા નિર્દેશ ૨૦૨૫ તૈયાર કર્યા છે. જે અંતર્ગત દરેક વીમા કંપનીએ દરેક સ્તરે પુરતી વ્યવસ્થા કરવી પડશે. નવા નિયમો ૧ એપ્રિલ ૨૦૨૬થી લાગુ પડશે.

નિયમો અનુસાર, કંપનીઓએ એ નિશ્ચિત કરવું પડશે કે કોઈપણ પ્રકારની છેતરપીંડી પછી તે ઓનલાઈન હોય કે એજન્ટોના માધ્યમથી હોય કે પોલીસીધારક તરફથી હોય, તેનો તરત રિપોર્ટ કરવામાં આવે. કંપનીઓ માટે એ પણ ફરજીયાત કરી દેવામાં આવ્યું છે કે, તે બધા છેતરપીડીના મામલાની જાણકારી વીમા સૂચના બ્યુટોને શેર કરે. જેથી તેનો એક સમાન ડેટાબેઝ તૈયાર થઈ શકે. દરેક વીમા કંપનીએ એક છેતરપીડી વોચ સમીતી બનાવવી પડશે. તેમાં કંપનીના વરિષ્ઠ અધિકારી અને મુખ્ય વિભાગોના લોકો સામેલ થશે. તેમનું કામ હશે છેતરપીડીની ઓળખ કરવી અને રિપોર્ટ તૈયાર કરવો. કંપનીઓએ એક છેતરપીડી વિરોધ નીતિ પણ બનાવવી પડશે. જેને કંપનીના બોર્ડથી મંજુરી અપાવવી પડશે.

દિશા-નિર્દેશોમાં પહેલી વાર સાઈબર ઠગાઈને અલગ શ્રેણીના રૂપમાં સામેલ કરાઈ છે. એટલે કે હવે ઓનલાઈન ઠગાઈ, હેકીગ કે કોઈ ડિજીટલ માધ્યમથી કરાયેલી છેતરપીડી પર પણ નજર રહેશે.

નવા નિયમ મુજબ વીમા એજન્ટની પણ જવાબદારી નકકી થશે. ઘણીવાર દેખાયું છે કે, અનેક છેતરપીડી એજન્ટો કે મધ્યસ્થીઓથી થતી હોય છે.

અનુસંધાન પાના ૭ પર





# ઓલપાડના ૧૦૮માંથી ૯૯ ગામોમાં ડાંગરના પાકને ભારે નુકશાન થયું

### કમોસમી વરસાદથી ઓલપાડ તાલુકામાં ૨૫,૭૦૦ હેક્ટર વિસ્તારમાં ૧૦,૫૦૦ હેક્ટર વિસ્તાર અસરગ્રસ્ત

સુરત, તા.૪

વાતાવરણમાં આવેલા પલટાથી કમોસમી વરસાદને પરિણામે સુરત જિલ્લામાં ઊભી થયેલી પાક નુકસાનની પરિસ્થિતિને અનુલક્ષી મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શનમાં જગતના તાતના હિતમાં નિર્ણય લેવા માટે રાજ્ય સરકાર કટિબદ્ધ છે. મુખ્યમંત્રીશ્રીની સૂચના અનુસાર સુરત જિલ્લા ખેતીવાડી વિભાગ દ્વારા તાત્કાલીક ધોરણે સર્વે થઈ રહ્યો છે.

ખેતીવાડી વિભાગ દ્વારા ઓલપાડ તાલુકામાં ઓક્ટોબર મહિનામાં પડેલા કમોસમી વરસાદને કારણે તાલુકાના ખેડૂતોને નુકશાન ભોગવવું પડ્યું છે ત્યારે સમગ્ર તાલુકામાં સર્વેની કામગીરી પુરજોશમાં ચાલી રહી છે જે અંગે વધુ વિગતો આપતા ઓલપાડના તાલુકા વિસ્તરણ અધિકારી (ખેતી) શ્રી દેવેશભાઈ પટેલે કહ્યું હતું કે, ઓલપાડ તાલુકાના કુલ ૧૦૮ ગામોમાંથી આશરે ૯૯ ગામોમાં પાકને નુકશાની જોવા મળી છે.

તાલુકામાં ખરીફ સિઝનમાં કુલ ૨૫,૭૦૦ હેક્ટર વિસ્તાર હેઠળ વાવેતર કરવામાં આવ્યું હતું, જેમાંથી ૧૦,૫૦૦ હેક્ટર વિસ્તાર અસરગ્રસ્ત બન્યો છે. અત્યાર સુધીમાં ૮૦ ટકા સર્વે પૂર્ણ કરી લેવામાં આવ્યો છે, જેમાંથી આશરે ૧,૭૨૦ હેક્ટર વિસ્તારને પાક નુકશાન થયાનું બહાર આવ્યું છે. સર્વે કામગીરી ઝડપથી પૂર્ણ કરવામાં આવશે.

તેમણે વધુમાં કહ્યું કે, ખાસ કરીને કાંઠા વિસ્તારના ગામોમાં વરસાદ અને પાણી ભરાવાના કારણે ડાંગરનો ઉભો પાક નમી ગયો છે. ઘણા સ્થળોએ રસ્તા પર સુકવવા મૂકેલા ડાંગરના દાણા પણ ભેજને કારણે બગડી ગયા છે.

અમારું આખો પરિવાર ખેતી પર નિર્ભર છે, સરકાર પાસેથી સહાયની અપેક્ષા છેઃ ખેડુત મહેન્દ્રભાઈ પટેલ

કમરોલી ગામના ખેડુત મહેન્દ્રભાઈ હર્ષજીભાઈ પટેલે જણાવ્યું હતું કે, ''અમારા પરિવારનું ગુજરાન ખેતી આધારિત છે. આવકનો મુખ્ય સ્ત્રોત જ ખેતી છે. તાજેતરના કમોસમી વરસાદને કારણે મારા ૨૭ વીઘા ડાંગરનો પાક સંપૂર્ણ બગડી ગયો છે. ગામના આશરે ૭૫ ટકા ખેડૂતોના પાકને નુકશાન થયું છે. તેમણે કહ્યું હતું કે, ઓલપાડ તાલુકા સહિત સમગ્ર જિલ્લામાં થયેલા આ નુકશાનને ધ્યાનમાં લઈ વળતર રૂપે સરકાર સહાય આપે તેવી અપેક્ષા વ્યક્ત કરી હતી. સહાય મળે તો અમને થોડી રાહત મળશે અને આગામી સીઝન માટે હિંમત પણ મળશે.''

### ઉનાળામાં પણ પાકને નુકશાન થયું હતું : ખેડૂત જીગ્રેશ પટેલ

કમરોલી ગામના ખેડુત જીગ્નેશભાઈ પટેલે જણાવ્યું હતું કે, ''અમારું ગામ પૂરેપૂરું ખેતી આધારિત છે. અમારા ગામમાં કુલ ૩૨૭ હેક્ટર જેટલો વિસ્તાર ડાંગરના પાક હેઠળ છે એટલે કે આશરે ૧૫૦૦ વીઘા પાકનું વાવેતર કર્યું હતું. જેમાં મેં ૩૦ વીઘા વાવેતર કર્યું હતું. જેમાંથી ૧૮ વીઘા પાકને ભારે નુકશાન થયું છે. ઉનાળાની સિઝનમાં પણ અમને કમોસમી વરસાદના લીધે નુકશાન થયું હતું, અને હવે ફરી એ જ હાલત બની છે. સરકાર પાસે એક જ અપેક્ષા છે કે અમારા જેવા ખેડૂતોને યોગ્ય વળતર અને સહાય મળે જેથી અમો ફરી ખેતીમાં ઉભા થઈ શકીએ.''

### જાન્યુઆરી ૧૫થી પાણી પુરૂ પાડવા ખેડૂતોએ માંગણી કરી

કમરોલી ગામના ખેડુત કનૈયાલાલ નરસિંહભાઈ પટેલે જણાવ્યું હતું કે, ''હું છેલ્લા ઘણા વર્ષોથી ખેતી કરું છું, પણ આ વર્ષે જે કમોસમી વરસાદ આવ્યો એણે આખી મહેનત બગાડી નાંખી. ૧૨ વીઘામાં કરેલા ડાંગરનો પાક પૂરેપૂરો બગડી ગયો છે. હાલ તો પાક બચાવવો મુશ્કેલ છે, પણ જો જાન્યુઆરી ૧૫ સુધી ઉનાળાના પાક માટે પૂરતું પાણી ઉપલબ્ધ થાય તો થોડી બચત થઈ શકે. સરકારને વિનંતિ છે કે વરસાદથી થયેલી હાલની નુકશાનીમાં સહાયરૂપ બને અને ઉનાળાના પાણીની સુવિધા સમયસર પૂરી પાડે.''

### સરકાર સહાય જાહેર કરે તેવી મહિલા ખેડૂતને આશા

પારડી ઝાંખરી ગામ વતની એવા મહિલા ખેડુત ઉષાબેન પ્રવિણભાઈ પટેલે જણાવ્યું હતું કે, ''અમોએ ૬ વીઘામાં ડાંગરનું વાવેતર કર્યું હતું. તાજેતરના કમોસમી વરસાદથી અમારા પાકમાં અંદાજે ૮૦ ટકા સુધીનું નુકશાન થયું છે. ખેતીવાડી વિભાગના અધિકારીઓએ સર્વે કરી લીધો છે, અમે ખેતી પર જ નિર્ભર છીએ, ત્યારે જો સરકાર સહાયરૂપે યોગ્ય વળતર આપે તો ફરીથી ખેતી કરી શકીશું.

# ડભોલીમાં મિત્રની હત્યા કરનાર પ્રશાંત રાજપૂતને આજીવન કેદ

### કોર્ટે સજા સંભળાવતા આરોપીની પત્ની ધ્રુસકે-ધ્રુસકે રડવા લાગી

સુરત, તા.૪

ચાર વર્ષ પૂર્વે ડભોલી ચાર રસ્તા પાસે નાણાંકીય લેવડ- દેવડની તકરારમાં મિત્રની હત્યા કરનાર પ્રશાંત રાજપૂતને સેશન્સ કોર્ટે આજીવન કેદની સજા ફટકારી છે. કોર્ટના હુકમ બાદ આરોપીની પત્ની કોર્ટમાં ધ્રુસકે-ધ્રુસકે રડવા લાગી હતી.

કોર્ટ સૂત્રો પાસેથી મળતી માહિતી અનુસાર ગત તા.૨૮-૭-૨૦૨૧ ના રોજ ડભોલી ચાર રસ્તા પાસે નાણાંકીય લેવડ દેવડ ની તકરારમાં સંજય વાણીયા (રહે. ભગવાન નગર, કતારગામ) નામના યુવાનની હત્યા થઈ હતી. જે ગુનામાં જે પોલીસે પ્રશાંત ચંદ્રકાન્ત રાજપૂત (ઉ.વ. ૨૩, રહે. પ્રભુનગર, કતારગામ) ની ધરપકડ કરી અત્રેની કોર્ટમાં ચાર્જશીટ કરી હતી. મરનાર અને આરોપી બન્ને મિત્રો હતા અને આ કેસની ટ્રાયલ ચાર વર્ષ ચાલી હતી. જેમાં સરકાર તરફે દિગંત તેવારએ દલીલો કરી હતી. જયારે મૂળ ફરિયાદી તરફે અશ્વિન જે. જોગડીયા અને કાજલ વાઢેળએ લેખિત દલીલ રજૂ કરી હતી. જે માન્ય રાખી કોર્ટે આરોપીને આજીવન કેદની સજાનો હુકમ કર્યો હતો. આરોપી ચાલુ ટ્રાયલમાં જ્યુડીશયલ કસ્ટડી માં જ હતો. જેથી કોર્ટે આરોપીએ કાચા કામના કેદી તરીકે ભોગવેલ સજા મજરે આપવા પણ હુકમ કર્યો હતો. હુકમ સાંભળ્યા બાદ આરોપીની પત્ની કોર્ટમાં જ રડવા લાગી હતી અને કોર્ટ પાસે દયાની ભીખ માંગી હતી. પરંતુ ગુનાની ગંભીરતા જોઈને કોર્ટે આજીવન કેદની સજા કરી હતી.

વધુમાં કોર્ટે ચુકાદામાં ટાંક્યુ હતું કે, બનાવવાળી જગ્યાએથી લોહીના ડાધાઓ તેમજ તુટેલી કાચની બોટલના ટુકડાઓ સિવાય અન્ય કોઇ ચિજ વસ્તુ મળી આવેલ નથી પરંતુ હાથ પરનો કેસ સાયોગીક પુરાવા આધારિત નથી પરંતુ પ્રત્યક્ષ પુરાવો આધારિત છે, અને નજરે જોનાર સાહેદે કેસને સમર્થનકારક જુબાની આપી છે. ઉપરાંત મરનારના કપડા, બંને નજરે જોનાર સાહેદોના કપડા ઉપર તથા બનાવવાળી જગ્યાએથી કાચની? તુટેલી બોટલના ટુકડાઓ ઉપરથી, હોન્ડાસીટી કાર ઉપરથી તથા જાહેરાતના બોર્ડ ઉપરથી લેવામાં આવેલ બ્લડના નમુનાઓમા એક જ પ્રકારનું બ્લડ જુથ મળી આવેલ છે અને આમ, ફરિયાદ પક્ષના કેસને સાયન્ટિફિક પુરાવાથી પણ સમર્થન પ્રાપ્ત થાય છે.



# જયપુર નગર નિગમનું ડેલીગેશન સુરત મહાનગર પાલિકાની મુલાકાતે

### કમાન્ડ-કંટ્રોલ સેન્ટરમાં સુરત પાલિકાની વિવિધ કામગીરીનું પ્રેઝન્ટેશન

સુરત, તા.૪

આજરોજ રાજસ્થાનનાં ડિપાર્ટમેન્ટ ઓફ લોકલ સેલ્ફ ગવર્મેન્ટ, ગવર્મેન્ટ ઓફ રાજસ્થાનના જયપુર નગર નિગમના કમિશનરશ્રી ગૌરવ સૈની (IAS) (સમિતિ અધ્યક્ષ) સહિત ૧૧ સભ્યોનું ડેલીગેશન સુરત મહાનગરપાલિકાની મુલાકાતે આવેલ, જેમાં માન. ડેપ્યુટી કમિશનર શ્રી નિધિ સિવાચ, IAS તથા માન. ડેપ્યુટી કમિશનરશ્રી સ્વાતિ પી. દેસાઈની અધ્યક્ષતામાં ઈન્ટીગ્રેટેડ કમાન્ડ એન્ડ કંટ્રોલ સેન્ટર ICCC ખાતે મીટીંગ યોજયેલ.

સદર મિટીંગમાં સુરત મહાનગરપાલિકાના વિવિધ વિભાગના અધિકારીઓ હાજર રહ્યા હતા. જેઓ ધ્વારા સુરત મહાનગરપાલિકાની માળખાગત સુવિધાઓની રૂપરેખા પ્રેઝન્ટેશન ધ્વારા રજૂ કરી તથા સુરત મહાનગરપાલિકા ધ્વારા કરવામાં આવતી કામગીરીની સમજણ આપેલ. આજ ની મિટિંગમાં પ્રોપર્ટી ટેક્ષ વિભાગ ધ્વારા વેરાબીલ ને લગતી તમામ માહિતી વિસ્તૃત સ્વરૂપે રજૂ કરેલ જેમાં આકારણી ની પધ્ધતિ બાબતે યુઝર્સ ચાર્જિસ (પાણી, સફાઈ, ડ્રેનેજ, ફાયર ચાર્જ , સ્ટ્રીટ લાઈટ,) બાબતે સંપૂર્ણ માહિતી અંગે ચર્ચા કરેલ.

સુરત મહાનગરપાલિકા ના ઍેજી સેલ વિભાગ દ્વારા ''ઈ-ગવર્નન્સ'' ક્ષેત્રે GIS અને રીમોટ સેન્સિંગ ટેકનોલોજી કેવી રીતે અપનાવવામાં આવી છે તેની વિગતવાર રજૂઆત કરવામાં આવી હતી. આ પ્રસંગે સુરત મહાનગરપાલિકા દ્વારા વિકસિત GIS પોર્ટલમાં ઉપલબ્ધ વિવિધ GIS લેયર ડેટા(૨૦૦+) & ટાઉન પ્લાનિંગ અને ડેવલપમેન્ટ, પ્રોપર્ટી ટેક્સ, ફિઝિકલ તથા સોશિયલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર, અને પ્રોજેક્ટ મેનેજમેન્ટ સિસ્ટમ (PMS) જેવા મોડ્યુલ સાથેના

અનુસંધાન પાના ૭ પર

# ગાય પગલા શ્રી સીતારામ સેવા આશ્રમમાં હનુમાન ચાલીસા પાઠ

### કાર્તિક પૂનમથી દર મહિનાની પૂનમે હનુમાન ચાલીસા પાઠ યોજવા શ્રી સીતારામ સેવા આશ્રમના સેવકોએ કરેલો દ્રઢ સંકલ્પ

સુરત, તા.૪

શ્રી રામભક્ત હનુમાન મહારાજની અસીમ કૃપાથી અને શ્રી ૧૦૦૮ મહામંડલેશ્વર ધ્રુવદાસજી મહારાજના આર્શિવાદથી શ્રી સીતારામ સેવા આશ્રમ ગાયપગલા મંદિર ની બાજુમાં ગાય પગલા, ધોરણ પારડી કામરેજ ખાતે ૫-૧૧- ૨૦૨૫ ના બુધવાર પૂનમના રોજ હનુમાન ચાલીસા પાઠનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. શ્રી સીતારામ સેવા આશ્રમ દ્વારા દર પુનમે હનુમાન ચાલીસા પાઠનું આયોજન કરવાનો આશ્રમના શ્રધ્ધાળુ સેવકો દ્વારા સંકલ્પ કરાયો છે અને આવતીકાલે પૂનમ થી હનુમાન ચાલીસા પાઠના સંકલ્પનો શુભારંભ થશે ,જેમાં સવારે હનુમાન પૂજન બાદ બપોરે ૧-૦૦ વાગ્યાથી સાંજે ૫-૩૦ વાગ્યા કલાક સુધી હનુમાન ચાલીસા ના પાઠ કરાશે અને સાંજે ૬-૦૦ કલાકથી મહાપ્રસાદીનો કાર્યક્રમ યોજાશે. શ્રદ્ધાળુ ભક્તોને ધોરણ પારડી ગાય પગલાં સ્થિત શ્રી સીતારામ સેવા આશ્રમ ખાતે દર મહિનાની પૂનમ ની યોજાતા હનુમાન ચાલીસા પાઠના ધાર્મિક કાર્યક્રમમાં સહભાગી થવા શ્રી સીતારામ સેવા આશ્રમ દ્વારા જાહેર આમંત્રણ પાઠવાયું છે.



# મોઢ વણિક સમાજનો સૂરમયી સ્નેહ મિલન સમારંભ યોજાયો

### મોઢ ભવન ખાતે એર કન્ડિશન હોલ નું ઉદ્ઘાટન કરાયું

સુરત, તા.૪

સુરતી મોઢ વણિક સમાજ દ્વારા દાતા શ્રી ધીરજલાલ હીરાલાલ તમાકુવાલા એરકન્ડિશનર હોલના લોકાર્પણ અને સૂરમય સ્નેહ મિલન સમારોહનું ભવ્ય આયોજન સમાજની પાલવાડી ખાતે કરવામાં આવ્યું હતું. દાતાશ્રીના તમાકુવાલા પરિવારજનો, સમાજનાં ભૂતપૂર્વ પ્રમુખશ્રીઓ, હોદ્દેદારશ્રીઓ, સમાજનાં શ્રેષ્ઠીઓ, કમિટી સભ્યોની મોટી સંખ્યાની હાજરીમાં હોલનું ઉદઘાટન સમાજનાં ભૂતપૂર્વ ખજાનચી તેમજ દાતાશ્રી ધીરજલાલ હીરાલાલ તમાકુવાલાનાં શુભહસ્તે કરવામાં આવ્યું હતું. સમાજ દ્વારા સુરત શહેરની સેવામાં વધુ એક આધુનિક સગવડોથી સુસજ્જ એરકન્ડિશનર હોલ જોઈને તમામ હાજર સભ્યો ખૂબ જ પ્રસન્ન થયાં હતાં.

દરેક મહેમાનોએ હોલની રચના અને સગવડો જોઈ જણાવ્યું હતું કે આવનારાં સમયમાં નાનાં મોટાં કાર્યક્રમો જેવાં કે ગ્રહશાંતિ, મહેંદી, હલ્દી, સેમિનાર તેમજ કોન્ફરન્સ માટે આ હોલ ખૂબ જ આશીર્વાદરૂપ સાબિત થશે. દાતાશ્રીએ પ્રતિભાવમાં જણાવ્યું હતું કે સમાજ દ્વારા મળેલ સેવાકીય પ્રવૃતિઓની તક, લોકો પાસેથી મળેલ માન, સન્માન તેમજ પ્રેમને પોતાનાં જીવનની સાર્થકતા તરીકે સ્વીકારે છે. આ હોલની લોકાર્પણ વિધિ બાદ પંચમ ગ્રુપ દ્વારા સમાજનો ભવ્ય સૂરમય સ્નેહમિલન કાર્યક્રમ લોકોનાં મન મોહી ગયો હતો. સમાજનાં યુવા પ્રમુખ શ્રી ધર્મેશ તમાકુવાલા, ભૂતપૂર્વ પ્રમુખશ્રીઓ, હોદ્દેદારો અને સમાજનાં શ્રેષ્ઠીઓ દ્વારા સમાજનાં તમામ સભ્યો અને તેઓનાં પરિવારજનોને નવાં સંવત વર્ષ ૨૦૮૨ માટે શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી.

# પ્રેરણા ગ્રુપના સભ્યોએ આશિર્વાદ માનવ સેવા મંદિરની મુલાકાત લીધી

### નિરાધાર, અશક્ત લોકોની મુલાકાત ભાવનાત્મક બની

સુરત, તા.૪

સુરત શહેરના જાણીતા પ્રેરણા ગ્રુપ, સુરતના સભ્યોએ તાજેતરમાં આશીર્વાદ માનવ મંદિર , માનવ સેવા ચેરિટેબલ ટ્રસ્ટની મુલાકાત લીધી હતી. આ મુલાકાત અત્યંત ભાવનાત્મક અને હ્દયસ્પર્શી બની રહી હતી. આ સંસ્થા વર્ષો થી નિરાધાર, શારીરિક અશક્ત, માનસિક રીતે પીડિત અને બીમાર લોકોની સેવા માટે સમર્પિત રહી છે. પ્રેરણા ગ્રુપના સભ્યોએ ત્યાં આશરે ૭૦૦ થી વધુ લોકોને મળ્યા અને તેમની સંભાળ માટેના ટ્રસ્ટના કાર્યને નજીકથી અનુભવી શક્યા. આશ્રમની અંદર દરેક વિભાગમાં ઉદાત્ત સેવાભાવ જોવા મળ્યો હતો — સ્વચ્છતા, નિયમિત ચેકઅપ, સમયસર ખોરાક, સારવાર અને માનવીય સ્પર્શ સાથેની કાળજી જેવી વ્યવસ્થાઓ અદભૂત રીતે સંચાલિત થઈ રહી છે. આ પ્રસંગે ખાસ આકર્ષણ તરીકે વસંતભાઇ, મદનભાઇ, સુરેશભાઇ અને તેમની કુલ ૨૨ સભ્યોની ટીમે મળીને લગભગ ?૭૦,૦૦૦નો ખર્ચ કરીને આ સમગ્ર કાર્યક્રમનું આયોજન અને પ્રાયોજન કર્યું હતું. વસંતભાઇ, મદન ભાઈ અને સુરેશ ભાઈ જે સુરત શહેરમાં એક સામાન્ય ઇડલી—ઢોસા વેચનાર છે, તેઓએ પોતાના સોનેરી હ્દયથી ૨૦૦૦થી વધુ ઢોસા અને ઇડલી, મેદુ વડા બનાવી આશ્રમના




તમામ રહેવાસીઓને પીરસ્યા હતા.તેમનો અને સમગ્ર ટીમનો આ માનવતાભર્યો પ્રયાસ સૌને પ્રેરણા આપનારો રહ્યો. પ્રેરણા ગ્રુપ નું માનવું છે કે — ''જ્યારે હાથ સેવા માટે આગળ વધે છે, ત્યારે ઈશ્વર પોતે આશીર્વાદ આપે છે.'' પ્રેરણા ગ્રુપના સભ્યોએ જણાવ્યું કે આ મુલાકાતે દરેકને અંતરથી સ્પર્શી લીધા છે. માનવ સેવા ચેરિટેબલ ટ્રસ્ટ જે રીતે નિરાધાર લોકોની સેવા કરી રહ્યું છે તે ખરેખર સમાજ માટે પ્રેરણાસ્ત્રોત છે. આ મુલાકાત માત્ર એક કાર્યક્રમ નહોતી, પરંતુ માનવતા, કરુણા અને નિઃસ્વાર્થ સેવાનો જીવંત પાઠ બની રહી.



# અંકલેશ્વરમાં રાધા વલ્લભજી મંદિર ખાતે તુલસી વિવાહ

અંકલેશ્વર, તા.૪

અંકલેશ્વરના પંચાતીબજાર મા આવેલા રાધા વલ્લભજી મંદિર ખાતે દેવ ઉઠી અગિયારસ નિમિત્તે તુલસી વિવાહ મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું જેનો મોટી સંખ્યામાં ભાવિક ભક્તોએ લાભ લીધો હતો.

અંકલેશ્વર શહેર ના રાધા વલ્લભજી મંદિર ખાતે દેવ ઉઠી અગિયારસ નિમિત્તે તુલસી વિવાહ મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું જેનો મોટી સંખ્યામાં ભાવિક ભક્તોએ લાભ લીધો હતો. અંકલેશ્વર ના રાધા વલ્લભજી મંદિર ખાતે વિવિધ ધાર્મિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે ત્યારે દેવ ઉઠી અગિયારસ નિમિત્તે તુલસી વિવાહ મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં તુલસીજી તેમજ ઠાકોરજીના વિવાહ કરાવવામાં આવ્યા હતા. આ પ્રસંગે મંડપ મુહૂર્ત, જાન આગમન અને હસ્તમેળાપ સહિતના કાર્યક્રમ યોજાયા હતા.જેમાં મોટી સંખ્યામાં ભાવિક ભક્તો જોડાયા હતા.

# ચેમ્બર પ્રમુખ નિખિલ મદ્રાસીની રાષ્ટ્રીય સ્તરની કમિટિમાં વરણી

### ચેમ્બર પ્રમુખની નિમણૂંકોથી રાષ્ટ્રીય તથા આંતરરાષ્ટ્રીય સ્તરે સહકાર, ભાગીદારી અને નેટર્વકિંગના નવા માર્ગો ખુલશે

સુરત, તા.૪

સુરત ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રીના પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસીની રાષ્ટ્રીય સ્તરે વિવિધ અગ્રણી ઉદ્યોગ સંસ્થાઓમાં પ્રતિષ્ઠિત નિમણૂકો કરવામાં આવી છે. ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસીની એસોચેમ (ASSOCHAM) — એસોસિએટેટ ચેમ્બર્સ ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી ઓફ ઇન્ડિયા, નવી દિલ્હી ખાતે મેનેજિંગ કમિટીના ઈલેકટેડ સભ્ય તરીકે, ફિક્કી (FICCI) — ફેડરેશન ઓફ ઈન્ડિયન ચેમ્બર્સ ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી, નવી દિલ્હી ખાતે નેશનલ એકિઝક્યુટિવ કમિટીના નોમિનેટેડ સભ્ય તરીકે, (IMC) — ઈન્ડિયન મર્ચન્ટ ચેમ્બર, મુંબઈ ખાતે મેનેજિંગ કમિટીના નોમિનેટેડ સભ્ય તરીકે અને જીસીસીઆઈ (GCCI) — ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી, અમદાવાદ ખાતે મેનેજિંગ કમિટીના નોમિનેટેડ સભ્ય તરીકે નિમણૂંક થઇ





અનુસંધાન પાના ૭ પર


# પ્રાથમિક શાળાના હિન્દી શિક્ષકો માટે સરકાર માન્ય તાલિમ શિબિર

સુરત, તા.૪

રાષ્ટ્રભાષા પ્રચારક મંડળ સુરત દ્વારા આગામી તા.૧૪ નવેમ્બરથી તા.૨૭ નવેમ્બર સુધી પ્રાથમિક શાળાના હિન્દી શિક્ષકો માટે "કેન્દ્રીય હિન્દી યુનિવર્સિટી આગ્રા" દ્વારા સરકાર માન્ય તાલિમ શિબિરનું આયોજન કરવામાં આવ્યું છે. આ શિબિરમાં શિક્ષકો જેટલા દિવસ ઉપસ્થિત રહેશે તેના ૩૦૦ રૂપિયા આપવામાં આવશે.આ તાલિમ શિબિરમાં મોટી સંખ્યામાં શિક્ષકોને ઉપસ્થિત રહેવા રાષ્ટ્રભાષા પ્રચારક મંડળ દ્વારા વિનંતી કરવામાં આવી છે.આ શિબિરમાં ભાગ લેવા માટે ડો.અતુલ પાઠકજીનો ૯૮૨૫૪૪૩૭૭૯ પર સંપર્ક કરવા વિનંતી કરવામાં આવી છે.







# યુવતીઓના ફેવરિટ ઓવર સાઈઝ શર્ટ

હાલમાં યુવતીઓમાં ઓવર સાઈઝ શર્ટ ખૂબ જ પ્રખ્યાત છે. ઓવર સાઈઝ શર્ટ એટલે તમારી જે સાઈઝ હોય તેના કરતા બે કે ત્રણ સાઈઝ મોટા શર્ટ પહેરવા. આ શર્ટ પહેરવામાં ખૂબ જ આરામદાયક લાગે છે અને જોવામાં સ્ટાઈલિશ લુક આપે છે. મોટાભાગે આ શર્ટની પ્રિન્ટ બોલ્ડ હોય છે અને ફેબ્રિક કોટન કે સિલ્ક બેસ્ડ હોય છે.

આ શર્ટ પહેરવા માટે એક ચોક્કસ પર્સનાલિટીની જરૂર હોય છે. આ શર્ટ તમે અલગ અલગ રીતે પહેરી શકો. શર્ત માત્ર એટલી જ કે તમને ફેશનની આગવી સૂઝ હોવી જોઈએ. ચાલો જાણીયે ઓવર સાઈઝ શર્ટ કોણ પહેરી શકે અને કઈ રીતે પહેરી શકાય.

લેગિંગ અને ઓવર સાઈઝ શર્ટ-લેગિંગ સાથે ઓવર સાઈઝ શર્ટ બેસ્ટ લુક આપે છે. ખાસ કરીને કોલેજ ગોઈંગ યુવતીઓનો આ મનપસંદ આઉટફિટ છે. એમાં વધારે કાઈ મિક્સ મેચની જરૂર પડતી નથી એટલે કે, બ્લેક લેગિંગ સાથે કોઈ પણ કોન્ટ્રાસ્ટ કલરનું ઓવર સાઈઝ શર્ટ પહેરી શકાય.

જો તમને કંઈક અલગ લુક જોઈતો હોય તો બ્લેક લેગિંગ સાથે સોલિડ કલરના પ્લેન શર્ટ પહેરી શકાય એટલે કે, બ્લેક કલરના લેગિંગ સાથે રોયલ બ્લુ શર્ટ કે પછી ઓરેન્જ કલરનું શર્ટ કે પછી ડાર્ક ગ્રીન કલરનું શર્ટ. તમારી પર્સનલ ચોઈસ મુજબ તમે લેગિંગના કલર બદલી શકો જેમકે, વાઈટ કલરના લેગિંગ સાથે રાની પિન્ક કલરનું ઓવર સાઈઝ શર્ટ પહેરી શકાય.

કંઈક અલગ લુક માટે એન્કલ લેન્થના લેગિંગ સાથે ઓવર સાઈઝ શર્ટ પહેરી થી બેલ્ટ પહેરી શકાય અને પગમાં હાઈ હિલ્સ પહેરી એક હટકે લુક આપી શકાય. જો તમને ઓવર સાઈઝ શર્ટ પહેરી કોઈ પાર્ટીમાં જવું છે તો રેગ્યુલર લેગિંગની બદલે મેટાલિક લેગિંગ પહેરી શકાય જેથી એક શાઈની લુક આવે.

ડેનિમ સાથે ઓવર સાઈઝ શર્ટ-ડેનિમ સાથે ઓવર સાઈસ્ડ શર્ટ પહેરવાની એક અલગ જ સ્ટાઈલ છે. ખાસ નોંધવા જેવી એ વાત છે કે, કોઈ પણ સ્ટાઈલના ડેનિમ સાથે ઓવર સાઈઝડ શર્ટ સારા લાગી શકે. ડીપેન્ડિંગ તમને કઈ પેટર્નનું ડેનિમ પહેરવું છે. સ્કિની ડેનિમ સાથે ઓવર સાઈઝ શર્ટ પહેરવું હોય તો શર્ટના કમર સુધીના બટન બંધ કરવા બાકીના બટન ખુલ્લા રાખી તેની કમર પર ગાંઠ બાંધવી. આ સ્ટાઈલ યન્ગ યુવતીઓની ફેવરિટ છે.

લુઝ ડેનિમ સાથે જો ઓવર સાઈઝ ડેનિમ પહેરવું હોય તો કમર સુધી આ બટન બંધ રાખવા અને એક સાઈડનું શર્ટ ડેનિમમાં ઈન્ટક કરવું અને બીજી સાઈડનું શર્ટ બહાર જ રાખવું. આ સ્ટાઈલ એક ફન્કી લુક આપે છે. ડેનિમ સાથે પ્લેન અને પ્રિન્ટેડ એમ બન્ને ટાઈપના શર્ટ પહેરી શકાય.લુઝ ડેનિમ સાથે અંદર બોડી હગિંગ ટીશર્ટ પહેરવું અને તેની પર ઓવર સાઈઝ શર્ટ પહેરી શર્ટના બટન ખુલ્લા રાખવા. આ બધીજ સ્ટાઈલ પહેરવા માટે જો તમે કોન્ફિડન્ટ ન હોવ તો આ સ્ટાઈલના કપડાં ન પહેરવા. આ સેટિલ સાથે ચોક્કસ પ્રકારના શૂઝ જ ચાલશે. જેમકે, સ્પોર્ટ્સ શૂઝ, સ્નીકર્સ કે પછી લોફર્સ પહેરી શકાય.ઓવર સાઈઝ શર્ટ એઝ ડ્રેસ-ઓવર સાઈઝ શર્ટ એટલે કે તમે જે સાઈઝ પહેરો છો તેના કરતા મોટું શર્ટ કે જે પહેર્યા પછી તેની લંબાઈ નોર્મલ શર્ટ કરતાં વધારે લાગે. આ ઓવેર સાઈઝ શર્ટ તમે ડ્રેસ તરીકે પણ પહેરી શકો. કે જેને ફિટિંગ આપવા માટે થી કે બ્રોડ બેલ્ટ પહેરી શકાય. તમારા બોડીને અનુરૂપ તમે બેલ્ટની પસંદગી કરી શકો. અને ઈવેન્ટ અનુસાર ફૂટવેર પહેરી કેઝ્યુઅલ કે ફોર્મલ લુક આપી શકાય.



# પરણ્યા એટલે પ્યારા લાડી

આપણા ધર્મમાં જે સોળ સંસ્કાર ગણાવ્યા છે તેમાનો એક અગત્યનો સંસ્કાર 'વિવાહ-સંસ્કાર' છે.વૈદિક મંત્રોથી સુસંસ્કૃત બનેલાં પતિ-પત્ની બીજા જન્મે પણ આ દૃઢ સૂત્રમાં બંધાયેલા રહે એવી પાક, પવિત્ર ઈચ્છા વ્યક્ત કરે છે.હિન્દુ વિવાહ જગતમાં સર્વોત્તમ આદર્શ ગણાય છે,

તે પ્રાચીનતમ અને અનાદી છે.

તેનો આધાર ઋગ્વેદમાં જોવા મળે છે. ઋગ્વેદના દસમાં મંડળમાં પંચ્યાસીમું સુક્ત 'વિવાહ-મુક્ત'ના નામથી ઓળખાય છે તથા અથર્વવેદના ૧૪મા કાંડના પહેલા સુક્તમાં વિવાહનો વિસ્તારથી ઉલ્લેખ થયો છે.

આ વેદમંત્રોને આધારે પારસ્કર અને અન્ય ઋષિઓએ ગૃહ્ય સૂત્રોના માધ્યમથી લગ્ન-પદ્ધતિનું નિર્માણ કર્યું હતું. આ વિધિમાં ત્રણ ભાગ હોય છેઃ કન્યા દાન, ૨. લાભહોમ અને ૩. સપ્તપદી

આ ત્રણેનો ઘરની ત્રણ વ્યક્તિઓ સાથે સંબંધ છેઃ કન્યાદાનનો કન્યાના માતાપિતા સાથે, લાભહોમનો કન્યાના ભાઈઓ સાથે અને સપ્તપદીનો કન્યા સાથે સંબંધ છે. આદર્શ લગ્નમાં કોઈપણ પ્રકારનું લખાણ જરૂરી નથી.

વેદમંત્રનું ઉચ્ચારણ કરતી કધયા પિતાના કુટુંબથી છૂટી પડીને કાયમ માટે પતિના કુટુંબનો આશ્રય મેળવીને કુલવધૂના રૂપમાં રહે છે.

મંગલ ચરણથી વિધિમાં સ્વસ્તિવાચન કરતા પહેલાં ગણપતિ, ગૌરી અને કળશની સ્થાપના કરવામાં આવે છે, ત્યારબાદ નવગ્રહ વગેરેની સ્થાપના કરવામાં આવે છે.

સ્વસ્તિવાચનના સાત શ્ર્લોકો બોલ્યા પછી દેવોની પૂજા કરવામાં આવે છે તે શ્ર્લોકનો ભાવાનુવાદ આ મુજબ છેઃ 'મનુષ્ય પવિત્ર કે અપવિત્ર ભલે હોય, કોઈ પણ અવસ્થામાં હોય, પરંતુ શુદ્ધ તો તે જ હોય છે કે જે શ્રદ્ધાથી વિષ્ણુનું નામ લે છે.' 'વિષ્ણુના નામથી અંદર અને બહારની અશુદ્ધિઓ સદા દૂર થાય છે.' 'બુરાઈ નાશ પામે છે અને સઘળાં કષ્ટો ટળે છેપ!' ત્યારબાદ સંકલ્પ કરવામાં આવે છે, અને શાંતિ માટે ગણેશનું આવાહન કરવામાં આવે છે. 'મુંબઈ સમાચાર'ની 'લાડકી'પૂર્તિની વ્હાલી વાચક બહેનો! ધર્મમાં સંસ્કારનું સ્થાન ઘણું મહત્ત્વનું છે. સંસ્કારથી માનવજીવન ઘડાય છે. ભારતીય સંસ્કૃતિ અને ધર્મમાં સાંખ્ય તત્ત્વનું વિવેચન જોવા મળે છે.

સંસ્કારનો હેતુ ભૌતિકતા તરફથી આધ્યાત્મિકતા તરફ જવાનો છે.



# ફોલ્ટી જીન ખતરનાક હોય

તાજેતરમાં જ કરવામાં આવેલા એક નવા અભ્યાસમાં ચોકાવનારો ધડાકો કરવામાં આવ્યો છે. આમા જણાવવામાં આવ્યું છે કે મહિલાઓમાં સ્તન કેન્સરના ખતરાને વધારવામાં ભુમિકા ભજવનાર ફોલ્ટી જીન અથવા તો ખામીવાળા જનીનથી પુરુષોમાં પણ પ્રોસ્ટેટ કેન્સરનો ખતરો અનેકગણો વધી જાય છે. આ સંશોધન હાથ ધરનાર લંડનમાં ઈન્સ્ટીટ્યુટ ઓફ કેન્સર રિસર્ચમાં પ્રોફેસર રોશ ઈલેસે કહ્યું છે કે હજુ સુધી કેટલી શંકાઓ હતી. પ્રોસ્ટેટ કેન્સરનો ખતરો ફોલ્ટી જીન વધારે છે કે કેમ તેને લઈને શંકા હતી પરંતુ હવે આ શંકા દુર થઈ રહી છે. તેમણે કહ્યું છે કે અમારા અભ્યાસમાં સાબિતી મળે છે કે પ્રોસ્ટેટ કેન્સર સાથે ગ્રસ્ત પુરુષોમાં ખામીવાળા જીન રહેલા છે. ખામીવાળા જીનના લીધે જ પુરુષોમાં પણ કેન્સરનો ખતરો વધી જાય છે. ફોલ્ટી અથવા તો ખામીવાળા બીઆરસીએ-૧ જીનથી પ્રોસ્ટેટ કેન્સર થવાનો ખતરો ૧૧ પૈકી ૧માં રહેલો હોય છે. અભ્યાસ મુજબ ફોલ્ટી જીનના સીધા સંબંધ જુદા જુદા રોગ સાથે હોય છે. બીઆરસીએ-૧ પ્રોસ્ટેટ કેન્સરના ખતરાને ૫ ગણો વધારવામાં ભુમિકા ભજવે છે. મહિલાઓમાં સ્તન કેન્સરના ખતરાને વધારે છે. ૧૦ પૈકીની ૬ મહિલાઓમાં આના લીધે ખતરો વધી જાય છે. જ્યારે સ્વસ્થ મહિલાઓમાં ૮ પૈકી ૧ મહિલામાં આ રોગનો ખતરો રહે છે. ફોલ્ટી જીન ધરાવતી કેટલીક મહિલાઓમાં સ્તન કેન્સરનો જોખમ સૌથી ઉંચો છે.

# કુદરતી ડિપ ફ્રિઝર યાકુત્સ્કના લોકોને માઈનસ ૧૦ ડિગ્રીએ ગરમી લાગે!

શિયાળાના એંધાણ સાથે વસાણા, સ્વેટર, મફલર, ધાબળા, મસાલેદાર ચા, કોફી, રમ વગેરેની બોલબાલા વધી જાય. ઠંડી અને હુંફની જુગલબંધી વિશે ઘણું કહી શકાય.

ઠંડીના તાપમાનની વાત કરીએ તો ૧૯૮૩ની ૨૧મી જુલાઈએ પૃથ્વી પરનો સૌથી ઠંડો દિવસ હતો. એન્ટાર્કટિકાના રશિયન વોસ્ટોક સ્ટેશન પર માયનસ ૮૯.૨ સેન્ટિગ્રેડ એટલે કે –૧૨૮ ફેરનહિટ ઉષ્ણતામાન નોંધાયું હતું.મેરા ભારત મહાનના સૌથી ઠંડા દિવસ કે સ્થળ ક્યા? લદ્દાખના દ્રાસને નામે દેશનો ઠંડીનો રેકોર્ડ બોલે છે. અહી માયનસ ૪૫થી લઈને માઈનસ ૬૦ ડિગ્રી ઠંડી પણ પડી ચુકી છે. હિમાચલ પ્રદેશની સ્પીતી ખીણમાં પારો માયનસ ૩૦સુધી પહોંચી જાય છે. ગુજરાતમાં કચ્છના નલિયામાં જોરદાર ટાઢ ધ્રુજાવી નાખે. ૨૦૨૩ની ૧૬મી જાન્યુઆરીએ અહીં પારો બે ડિગ્રીએ પહોંચ્યો હતો, જે રાજયભરમાં ન્યુનતમ છે.ભારતનાં મહાનગરોમાં સૌથી વધુ ઠંડી દિલ્હીમાં, ૯.૪ ડિગ્રી, ૨૦૧૯ની ૩૧મી ડિસેમ્બરે નોંધાઈ હતી. મસ્ત મુંબઈએ ૧૯૬૨ની ૨૨મી જાન્યુઆરીએ હાડ ઠારી નાખતી ૭.૪ ડિગ્રી વિક્રમી ઠંડી અનુભવી હતી.જોકે આ બધાં સ્થળોનું યાકુત્સ્ક (રૂઠ્ઠોંજા) ની સરખામણીમાં ઠંડીની બાબતમાં કઇ ન ઊપજે હો. હા, રશિયાના સાઈબેરિયા સ્થિત આ છે વિશ્વનું સૌથી ઠંડું શહેર. અહી શિયાળામાં તો અધધ ઠંડી પડે જ છે, બાકીના વર્ષનું સરેરાશ તાપમાન પણ આશરે માયનસ સાંઠ ડિગ્રી જેટલું હોય છે.યાકુત્સ્ક માત્ર વિશ્વના સૌથી ઠંડા શહેર તરીકે જ નહિ પણ અને તેની એકદમ અલગ પ્રકારની જીવનશૈલી માટે પણ જાણવા જેવું ખરું. અહી શિયાળામાં તાપમાન -૬૦ ડિગ્રી સેલ્સિયસ સુધી નીચે પડી જાય છે અને ક્યારેક તો -૬૪.૪ઓઈ (અર્થાત -૮૩.૯ઓ ફેરનહીટ) સુધી પહોંચી જાય છે. આ વિક્રમી તાપમાન ૫ ફેબ્રુઆરી, ૧૮૯૧ના રોજ નોંધાયું હતું.આટલી ઠંડીમાં આખું શહેર જાણે કુદરતી ડિપ ફ્રીઝર બની જાય એ કહેવાની જરૂર રહેતી નથી. આથી યાકુત્સ્કના ખુલ્લા બજારોમાં વસ્તુઓ બગડતી જ નથી. અરે, માછલી માર્કેટમાં જરાય દુર્ગંધ આવતી નથી! કારણ એ કે અતિશય કે ઠંડીમાં બધું જ થીજી જાય છે.અહીંના લોકોનો આહાર મોટાભાગે માંસ પર આધારિત છે. દુનિયાના સૌથી ઠંડા સ્થળના રહેવાસીઓને -૧૦ ડિગ્રીએ ગરમી લાગે! હકીકતમાં અહીં દસ મિનિટથી વધુ સમય બહાર રહેવું જોખમી સાબિત થઈ શકે છે.ટાઢની પરાકાષ્ઠા સમાન યાકુત્સ્કની વસતી અંદાજે ૩,૫૫,૪૪૩ (૨૦૨૧ની ગણતરી પ્રમાણે) છે. અહિંની પ્રજા જાન્યુઆરીમાં સરેરાશ -૪૨ સેલ્સિયસ તાપમાનમાં જીવે છે. આખા દિવસમાં સૂર્યદેવ માંડ માત્ર ચાર કલાક દર્શનઆપે. શહેરની ઈમારતો કોન્ક્રીટના થાંભલાઓ પર ઊભી છે જેથી ગરમીથી જમીન ન પીગળે.અહીંના પ્રજાજનો ઠંડીથી બચવા માટે એક ઉપર એક એમ કેટલાય સ્તરના વસ્ત્રો એટલેકે ગરમ કપડાં પહેરે છે. આમાં મુખ્યત્વે રેંડિયર, સસલા કે શિયાળના ચામડા વપરાય. આમ છતાં ઘરની બહાર ૧૦ મિનિટથી વધુ ઠંડીમાં રહેવાથી ફ્રોસ્ટબાઈટ (ચામડી થીજી-જામી જવી) થઈ જાય.ટ્રાવેલ વ્લોગર અંકિતા કુમારના અનુભવ જાણવા જેવો છે : મેં બજારમાં એક મોટી માછલી ઉઠાવી હતી, પણ માછલીની જરાય ગંધ આવી ન હતી. અહીંના લોકો મુખ્યત્વે માંસાહારી છે કારણકે નહિતર ઠંડીને કારણે ખેતી કરવી શક્ય ન બને. હવે વધુ ઠંડી લાગે ત્યારે કુદરતી ડિપ ફ્રિઝર યાકુત્સ્કને યાદ કરજો.

# ભારતમાં લોકો પ્રદૂષણની પરવા શા માટે નથી કરતા?

તાજેતરમાં દિવાળી દરમિયાન દિલ્હીમાં ફટાકડા ફોડવાના પગલે હવાનું પ્રદૂષણ સાધારણ કરતાં ઘણું બધું વધી ગયું હતું. દેશમાં મોસમના બદલાવની સાથે તહેવારોનો પ્રભાવ પણ હવામાં સ્પષ્ટ જોવા મળી રહ્યો છે. દરેક વર્ષની જેમ આ વર્ષે પણ દિવાળી પ્રસંગે દેશભરમાં જબરદસ્ત ફટકડા અને આતશબાજી થઇ હતી, જેણે હવાને ફરીથી વધુ ઝેરી બનાવી દીધી હતી.

કેન્દ્રિય પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ દ્વારા ૨૩ ઓક્ટોબરે જાહેર કરવામાં આવેલા આંકડાઓના વિશ્ર્લેષણથી ખબર પડે છે કે દેશમાં માત્ર ૧૬ ટકા શહેરમાં જ શુદ્ધ હવા છે. લગભગ ૩૩ ટકા શહેરોમાં સ્થિતિ સંતોષજનક છે, જ્યારે બીજી બાજુ ૫૧ ટકા શહેરોમાં સ્થિતિ ચિંતાજનક છે અર્થાત્ દેશમાં મોટા ભાગના શહેરોમાં આજે હવા ચિંતાજનક છે.

આ બધા વચ્ચે રાહતની વાત એ છે કે દિવાળીના બીજા દિવસથી શહેરોમાં હવા શુદ્ધ થવા લાગી હતી.

આવું દર વર્ષે થાય છે. કેમ?

દિલ્હી જેવાં શહેરોમાં હવાનું પ્રદૂષણ મોસમની જેમ નિયમિત થઇ ગયું છે તે બતાવે છે કે તેનો સંબંધ ટેકિનકલ કમી અથવા જાગૃતિના અભાવ સાથે નથી. તેમાં મનોવિજ્ઞાન, સમાજ-સંસ્કાર, આર્થિક અને સંસ્થાકીય કારણો બધાનું મિશ્રણ છે. આ વાત જરા સમજવાની કોશિશ કરીએઃ

દિવાળી અને ફટાકડા અસ્થાયી તો હોય છે, પરંતુ તેની અસર ખૂબ જ તીવ્ર હોય઼ છે. ફટાકડા ફૂટવાથી સ્ર ૨.૫ અને સ્ર ૧૦ (અત્યંત સૂક્ષ્મ કણો)નું જબરદસ્ત ઉત્સર્જન થાય છે; અનેક અભ્યાસે દર્શાવ્યુ છે કે દિવાળીની રાત્રે હવામાં આ કણોની ઘનતા તહેવાર પહેલાંના નાના સ્તર કરતાં અનેક ગણી વધી જાય છે અને તેમાં લોખંડ આધારિત મિશ્રણો (બેરિયમ, સ્ટ્રોન્શિયમ વગેરે) પણ હોય છે જે સ્વાસ્થ્ય માટે ગંભીર છે-તેનાથી શ્વાસના—હ્રદયના રોગો, શ્વસન સંક્રમણ અને દીર્ઘકાલીન કેન્સરની સમસ્યાઓનું જોખમ વધે છે. ઉપરાંત, શિયાળામાં હવા સ્થિર રહે છે અને ધુમાડાને વિખરવા નથી દેતા, તેથી ઉત્સર્જન જમીનના સ્તરે રહે છે, જેને આપણે 'સ્મોગ' અથવા ધુમ્મસ કહીએ છીએ. આટલી સાદી અને વૈજ્ઞાનિક સ્પષ્ટતા આપણી સમજમાં કેમ નથી આવતી? મૂળ કારણ છે માનસિકતા. માણસ 'દેખીતા અને તાત્કાલિક' જોખમ પર ઝડપથી પ્રતિક્રિયા આપે છે, પણ ભવિષ્યના જોખમ પ્રત્યે ઉદાસીન હોય છે. પ્રદૂષણનું જોખમ ધીમું, અસ્પષ્ટ અને સમયમાં ફેલાયેલું હોય છે-થોડી ખાંસી આવે કે આંખોમાં જલન થાય તો માણસોને એવું નથી લાગતું કે આ જીવન-મરણનો મામલો છે. લોકો તેને તરત જ અવગણી કાઢે છે એટલું જ નહી, તેને હવાની સમસ્યા ગણવાને બદલે શરીરની કમજોરી પણ માની લેતા હોય છે. બીજું, ઉત્સવોમાં લોકો સામૂહિક રીતે ઉત્સાહિત હોય છે. તે સોશ્યલ કોન્ટેજન (સામાજિક સંસર્ગ) કામ કરે છે- જ્યારે આસપાસમાં અનેક લોકો ફટાકડા ફોડતા હોય ત્યારે, વ્યક્તિગત જોખમને જોવા-સમજવાની ક્ષમતા ઓછી થઇ જાય છે. આપણી 'ક્રાઉડ સાઈકોલોજી' એવું પ્રતીત કરાવે છે કે આટલા બધા લોકો ફટાકડા ફોડતા હોય, તો એ બધા સારું જ કરતા હશે ને! ઉપરાંત, કોગ્નેટિવ ડિઝોનન્સ (બૌદ્ધિક અસંગતિ) પણ કામ કરે છે. લોકો જાણે છે કે ફટાકડા હાનિકારક છે, પરંતુ આનંદની પરંપરાની વિરુદ્ધ જવું મુશ્કેલ લાગે છે. તેમના માટે આનંદ જોખમ પર ભારે પડે છે એટલે એ બધા જાતને આ રીતે સમજાવે છે; 'થોડાંક જ ફટાકડા ફોડીશું' અથવા 'ગ્રીન-ક્રેકર્સની અસર તો ઓછી હોય છે.' અને આ રીતે એ મનને 'મનાવી' લે છે. આ સાથે સામાજિક અને સાંસ્કૃતિક કારણો પણ વધુ ઊંડા હોય છે. દિવાળી જેવા તહેવારોનો સામાજિક-સાંસ્કૃતિક અર્થ માત્ર રોશની નથી. તે ઓળખ, સમુદાય સાથે મેળ-મિલાપ અને 'પરંપરાગત સ્વાતંત્ર્ય'નું પ્રતીક પણ છે એટલે આ તહેવારોમાં ફટાકડા ફોડવાનો સંદર્ભ સદીઓ જૂની પરંપરાઓ સાથે જોડાયેલો છે-તે બાળકોની ખુશી છે અને અંધકારનો વિનાશ છે. હા, જ્યારે સરકાર અથવા અદાલત એના પર પ્રતિબંધ મુકે ત્યારે કેટલાક જૂથ આ પ્રતિબંધને સાંસ્કૃતિક દબાવ તરીકે લેતા હોય છે- અને તેનો વિરોધ સહજ બની જાય છે. આ વિરોધ પ્રદર્શનની પાછળ રાજકીય ઓળખ, સામુદાયિક ગર્વ અને 'અલગાવનો ભય' પણ હોય છે તેથી લોકો નિયમોનું ઉલ્લંઘન કરવાને રાજકીય અથવા સાંસ્કૃતિક અવાજ ગણી લેતા હોય છે. એટલા માટે સરકાર અને કોર્ટ હથિયાર હેઠાં મૂકી દેતી હોય છે. બીજી તરફ, લોકોએ પણ સમજતા નથી કે પ્રદૂષણ બહુ-સ્તરીય સ્ત્રોતોનું મિશ્રણ છે. વાહનો, બાંધકામ, બાયોમાસ સળગાવવો, ઔદ્યોગિક ધુમાડા, અને ઉત્સર્જન કરતા ફટાકડા- આ બધાનો સંયુક્ત પ્રભાવ બને છે. જ્યારે કારણો અલગઅલગ હોય ત્યારે વ્યક્તિગત જવાબદારીનો ભાર ઓછો લાગતો હોય છેઃ 'મારા એક-બે ફટાકડા શું ખરાબી લાવશે?' પ્રદૂષણ જ્યારે પ્રણાલીગત હોય અને તેના ઉપાય માટે મોટા પાયે પગલાં લેવાની જરૂર હોય (કૃષિ-કચરાની વ્યવસ્થા, પાવર-પ્લાન્ટ સ્વચાલન), ત્યારે વ્યક્તિગત નિર્ણયનો પ્રભાવ સીમિત લાગે છે, અને લોકો એવું માનતા થઇ જાય છે કે આ કામ મારું નથી, સરકારનું છે.



**તે સોશ્યલ કોન્ટેજન (સામાજિક સંસર્ગ) કામ કરે છે- જ્યારે આસપાસમાં અનેક લોકો ફટાકડા ફોડતા હોય ત્યારે, વ્યક્તિગત જોખમને જોવા-સમજવાની ક્ષમતા ઓછી થઇ જાય છે. આપણી 'ક્રાઉડ સાઈકોલોજી' એવું પ્રતીત કરાવે છે કે આટલા બધા લોકો ફટાકડા ફોડતા હોય, તો એ બધા સારું જ કરતા હશે ને! ઉપરાંત, કોગ્નેટિવ ડિઝોનન્સ (બૌદ્ધિક અસંગતિ) પણ કામ કરે છે. લોકો જાણે છે**

તંત્રી લેખ...

મંગળવાર, તા. ૦૪ નવેમ્બર ૨૦૨૫

## મહિલા ક્રિકેટ વિકાસનો માણેક સ્તંભ રોપાયો

થોડા મહિના પહેલાંનો સિનારિયો હતો કે ક્રિકેટ એટલે માત્ર 'મેન ઈન બ્લૂ'... ટીમ ઈન્ડિયાના સ્ટાર ખેલાડીઓની જ ચર્ચા, પણ હવે હરમનપ્રીત કૌર, શેફાલી, દીપ્તિ, શ્રીચરણી, અમનજ્યોત, ક્રાંતિ ગૌઠ, રિચા ઘોષ, સ્નેહા રાણા જેવી ક્રિકેટરોને દરેક ભારતીય જાણતો થઈ ગયો છે. રવિવારે નવી મુંબઈમાં રમાયેલી ફાઈનલમાં ભારતની વીરાંગનાઓએ મજબૂત પ્રતિસ્પર્ધી દક્ષિણ આફ્રિકા પર શાનદાર જીત સાથે બાવન વર્ષે વિશ્વ ચેમ્પિયન બનવાનો વિક્રમ રચ્યો છે. હરમનપ્રીત કૌરનું નામ કપિલ દેવ, ધોની, રોહિત શર્મા સાથે વર્લ્ડ ચેમ્પિયન કેપ્ટન તરીકે જોડાઈ ગયું છે. ભારતીય ક્રિકેટ માટે આ મહાન ઉપલબ્ધિ છે . એ માટે ટીમના દરેક ખેલાડીને અભિનંદન. દેશ આખો આપણી વીરાંગનાઓની સિદ્ધિ પર ઓળઘોળ છે. શેફાલી અને કૌર કહે છે કે આ જીતનું સપનું સાકાર થયું એ હજુ માનવામાં નથી આવતું. ક્રિકેટ અનિશ્ચિતતાની રમત કહેવાય છે. ૧૯૮૩માં કપિલ આણિ મંડળીને વન – ડે રમવાનો ખાસ મહાવરો નહી, છતાં લોર્ડ્સ ફાઈનલમાં બે વખતની વિશ્વવિજેતા કેરેબિયન ટીમને ધૂળ ચાટતી કરી દીધી હતી. અલબત્ત, હરમનની ટીમનું વિજેતા બનવું એ કોઈ અકસ્માત નથી. સમગ્ર સ્પર્ધા દરમ્યાન ખેલાડીઓએ નિરંતર સાતત્ય જાળવ્યું. ઊંચાં લક્ષ્ય હાંસલ કર્યાં. લીગ મેચમાં ઓસ્ટ્રેલિયા અને દક્ષિણ આફ્રિકા સામે પરાજય મળ્યો હતો. સેમિફાઈનલ અને ફાઈનલમાં એનું દબાણ ખંખેરીને લડાઈ લડી. સેમિ.માં પાંચ વખતની વિજેતા કાંગારુ ટીમે ૩૩૯ રનનું આપેલું લક્ષ્યાંક બહાદુરીથી પાર કરીને સૌને ચકિત કરી દીધા. મહિલા ટીમ ૨૦૦૫ અને ૨૦૧૭માં ફાઈનલમાં પહોંચીને હારી ગઇ હતી. ટીમનો અભિશાપ આ વખતે તૂટયો છે એનું ૧.૪૦ અબજ ભારતીયોને ગૌરવ છે. રવિવારના મહાવિજય સાથે મહિલા ક્રિકેટમાંય ભારત એક શક્તિ તરીકે ઊતર્યું હતું. આ જુસ્સો, ફોર્મ, સફળતાને આગળ લઈ જવાના રહેશે. બીસીસીઆઈએ ખેલાડીઓને બિરદાવવામાં કોઈ કચાશ નથી રાખી. ફાઈનલ વખતે ક્રિકેટ જગતના તમામ દિગ્ગજ અને બોર્ડના વડેરાઓની ઉપસ્થિતિ ખેલાડીઓને પ્રેરિત કરી ગઈ. આંતરરાષ્ટ્રીય ક્રિકેટ કાઉન્સિલના ચેરમેન જય શાહ છે. તેમણે આ સ્પર્ધા શરૂ થવા પહેલાં જ ઇનામી રકમમાં ૩૦૦ ટકા વધારો કરતાં ચેમ્પિયન ટીમને રૂા. ૪૧.૭૭ કરોડ મળ્યા છે. એ ઉપરાત બીસીસીઆઈએ ટીમ, ખેલાડીઓ, કોચ, સપોર્ટ સ્ટાફ માટે રૂા. ૫૧ કરોડની રકમ જારી કરવાની જાહેરાત કરી છે. આવી ચેષ્ટા બીજી મહિલા ખેલાડીઓને ક્રિકેટ મેદાન તરફ આકર્ષશે. વિશ્વકપ વિજય સાથે અનેક ખેલાડીઓનું કૌવત દુનિયા સમક્ષ આવ્યું છે. શેફાલી વર્મા વિશ્વકપ ટીમમાં જ નહોતી... શાનદાર દેખાવ કરનારી ઓપનર પ્રીતિકા રાવલ ઈજાગ્રસ્ત થઇ ને શેફાલીની એન્ટ્રી થઈ. કલ્પનાય નહી હોય કે ફાઈનલની 'પ્લેયર ઓફ ધ મેચ'નું સન્માન શેફાલીને મળશે. ટીમનાં સંયોજન, તાલમેલ, ફિલ્ડિંગ ગોઠવણી અને બોલિંગમાં બદલાવના નિર્ણયો સાથે કેપ્ટન હરમનપ્રીત સૌની પ્રશંસા મેળવી ગઈ. દક્ષિણ આફ્રિકન કેપ્ટન વુલ્વાર્ટ સદી ફટકારીને મજબૂતાઈથી પીચ પર હતી ત્યાં સુધી મેચ બંને તરફ હતી. વુલ્વાર્ટ આઉટ થતાં જ પલડું ભારતની તરફેણમાં નમી ગયું. આ ઐતિહાસિક જીત ગેમ ચેન્જર સાબિત થશે. નવા સ્પોન્સર, કોર્પોરેટ વિશ્વ મહિલા ક્રિકેટને હવે ગંભીરતાથી લેશે. દેશની અન્ય રમતોમાં પણ મહિલા ખેલાડીઓનું મહત્ત્વ રેખાંકિત થશે.

## વિદ્યાર્થીઓમાં વધતી આત્મહત્યા

બદલાતા જતા સમયની સાથે શિક્ષણ સંસ્થાઓની જવાબદારી પણ વધી રહી છે. વિદ્યાર્થીઓને શ્રેષ્ઠ શિક્ષણ આપીને તેમને ઉમદા નાગરિક બનાવવાની પ્રાથમિક ફરજમાં હવે તેમને માનસિક રીતે મજબૂત બનાવીને જીવનની સામેના પડકારોનો સામનો કરવા માટે સજ્જ બનાવવાની જવાબદારી પણ શિક્ષણ સંસ્થાઓના ભાગે આવી છે. વિશ્વનાં આ બદલાઈ રહેલાં ચલણની સાથે તાલ મિલાવવામાં ભારતની શિક્ષણ સંસ્થાઓ ઊણી ઊતરી રહી હોવાનો તાલ સર્જાયો છે. દેશભરમાં વિદ્યાર્થીઓમાં આત્મહત્યાના વધી રહેલાં જોખમી ચલણે શિક્ષણ સંસ્થાઓની સાથોસાથ સંબંધિત સરકારી તંત્રોની સામે ગંભીર પડકાર ખડો કર્યો છે. આમ તો સરકાર વિદ્યાર્થીઓમાં માનસિક તાણ ઘટાડવા માટે સંખ્યાબંધ પગલાં લીધાં છે, પણ કમભાગ્યે આ પગલાંમાં પાયાનાં સ્તરે કોઈ અમલ જણાતો નથી. હવે એવી પ્રતીતિ થઈ રહી છે કે, સંસ્થાઓ દ્વારા સૂચવાયેલાં પગલાંના અમલ તરફ દુર્લક્ષને લીધે આત્મહત્યાના બનાવો ચોંકાવનારી રીતે વધી રહ્યા છે. હવે સર્વોચ્ચ અદાલતે તમામ રાજ્યો અને કેન્દ્ર શાસિત પ્રદેશોને શિક્ષણ સંસ્થાઓના વિદ્યાર્થીઓના માનસિક આરોગ્ય અંગેની સમસ્યાઓ અને આત્મહત્યાઓના કિસ્સાને પહોંચી વળવા નિયત દિશા-નિર્દેશ કાર્યરત કરવા અંગે આઠ સપ્તાહની અંદર વિગતવાર અહેવાલ રજૂ કરવાની તાકીદ કરી છે. આ અહેવાલ આવે ત્યાં સુધી તાકીદનાં પગલાં લેવાની જરૂરત આત્મહત્યાના આંકડા છતી કરી રહ્યા છે. કેન્દ્રના ગુના સંબંધી રેકર્ડ બ્યૂરોના એક અહેવાલ મુજબ વર્ષ ૨૦૨૩માં વિદ્યાર્થીઓમાં આત્મહત્યાના ૧૩,૮૯૨ કિસ્સા સામે આવ્યા હતા. આ આંકડા ૨૦૧૩ના બનાવોની સરખામણીએ ૩૪ ટકા જેટલા વધુ છે. વળી ઉલ્લેખનીય બાબત એ છે કે, વર્ષ ૨૦૨૩માં દેશમાં આત્મહત્યાના જે બનાવો નોંધાયા હતા તેમાં વિદ્યાર્થીઓના બનાવોની સંખ્યા આઠ ટકાથી વધુ રહી હતી. હવે તો સૌ કોઈ જાણે છે કે, આત્મહત્યા જેવાં અંતિમ પગલાં માટે વિદ્યાર્થીઓની માનસિક હાલતને બદતર કરવાની પાછળ ઘણા કારણો કામ કરતા હોય છે. ભણતરનું દબાણ, શિક્ષણ સંસ્થાઓનો માહોલ અને જાતિ આધારિત ભેદભાવ જેવાં કારણો ઉપરાંત ઘરની કે આર્થિક તકલીફની તાણમાં જેવી સમસ્યાઓ વિદ્યાર્થીઓને આત્મહત્યા તરફ દોરી જતી હોય છે. આ માટે સર્વોચ્ચ અદાલતે ગઈ ૨૫મી જુલાઈએ સરકાર અને શિક્ષણ સંસ્થાઓને જરૂરી સૂચનાઓ પણ આપી હતી, પણ આત્મહત્યાના વધી રહેલા બનાવોએ આ સૂચનાઓના અમલ માટે પૂરતું ધ્યાન અપાતું ન હોવાની વાસ્તવિકતા સામે આણી છે. હવે સર્વોચ્ચ અદાલતની નવેસરની સક્રિયતાથી આશા જાગી છે કે, સરકારો અને શિક્ષણ સંસ્થાઓ વિદ્યાર્થીઓને તાણ મુક્ત કરવાની અગાઉ અપાયેલી સૂચનાઓના અમલ માટે ગંભીરતા સાથે અમલીકરણ કરાવવાની એક સમાન વ્યવસ્થા તાકીદે ગોઠવશે.

### ઈન્ડિયન વીમેન્સ ક્રિકેટ ટીમ માટે ૨૦૨૫ની આ વર્લ્ડ કપ જીત મોટી સિદ્ધિ તો છે

# ભારત વર્લ્ડ ચેમ્પિયન, મહિલા ક્રિકેટરોની મહાન સિદ્ધિ

### ન્યૂઝીલેન્ડ સામેની મેચમાં ભારત માટે જીત અનિવાર્ય હતી તેથી જેમિમાહને પાછી લેવાઈ.

ભારતની દીકરીઓએ વીમેન્સ વન-ડે વર્લ્ડ કપની ફાઈનલમાં સાઉથ આફ્રિકાને બાવન રનથી હરાવીને ઈતિહાસ રચી દીધો. નવી મુંબઈના ડી. વાય. પાટીલ સ્ટેડિયમમાં રમાયેલી વન-ડે વર્લ્ડ કપની ફાઈનલમાં હરાવી ભારત ટોસ હારેલું પણ મેચ જીતી ગયું.

સાઉથ આફ્રિકાએ ટોસ જીતીને બોલિંગ પસંદ કરી પછી ભારતે ૭ વિકેટ ગુમાવીને ૨૯૮ રન કરેલાં પણ ૨૯૯ના ટાર્ગેટ સામે આફ્રિકાની છોકરીઓ વામણી સાબિત થઈ. ભારતની દીકરીઓએ ૧૫ ઓવર થતાં સુધીમાં જ બે વિકેટો પાડીને આફ્રિકાને દબાણમાં લાવી દીધેલું ને આફ્રિકાની ટીમ આ દબાણમાંથી બહાર આવી જ ના શકી. નિયમિત અંતરે વિકેટો પડતી ગઈ ને છેવટે ૪૬મી ઓવરમાં ૨૪૬ રને આફ્રિકાના વાવટા સંકેલાઈ જતાં ભારત ચેમ્પિયન બની ગયું. પુરુષો માટેનો વન ડે વર્લ્ડ કપ પહેલી વાર ૧૯૭૫માં રમાયેલો ને તેના બે વર્ષ પહેલાં ૧૯૭૩માં વીમેન્સ વર્લ્ડ કપની શરૂઆત થયેલી પણ ભારતે તેમાં ભાગ લીધો ન હતો. ૧૯૭૮માં ડાયના એડલજીની કેપ્ટન્સીમાં ભારતની ટીમ પહેલી વાર વર્ડ કપ રમી પણ અત્યાર સુધી કદી ચેમ્પિયન નહોતી બની. ૨૦૦૫માં ભારતની ટીમ પહેલીવાર ફાઈનલમાં પહોંચેલી પણ ઓસ્ટ્રેલિયા સામે હારી ગઈ હતી. ૨૦૧૭માં ઓસ્ટ્રેલિયાને સેમિફાઈનલમાં હરાવીને ભારતની ટીમ ફાઈનલમાં પહોંચેલી પણ ફાઈનલમાં ઈંગ્લેન્ડ સામે હારી ગઈ હતી તેથી બધાં ઉચાટમાં હતાં પણ આ વખતે આપણી દીકરીઓએ કોઈ ચૂક ના કરી અને ફાઈનલમાં સાઉથ આફ્રિકાને હરાવીને ટ્રોફી જીતી લીધી. ભારતીય ટીમ માટે આ સિદ્ધિ મોટી છે કેમ કે ઈન્ડિયા વુમન્સ સિનિયર ટીમ પહેલી વાર આઈસીસી ટ્રોફી જીતી છે. આપણી મહિલા ટીમ પહેલાં ટી-૨૦ વર્લ્ડ કપની ફાઈનલમાં પહોંચી પણ હારી ગયેલી. ફાઈનલમાં ભારતને જીતાડવામાં ઘણાં બધાંનું યોગદાન છે પણ સૌથી શાનદાર દેખાવ દીપ્તિ શર્મા અને શેફાલી વર્માનો છે. દીપ્તિ શર્માએ ફાઈનલમાં ૫૮ રન ફટકાર્યા અને પાંચ વિકેટ લઈને અકલ્પનિય ઓલરાઉન્ડ પરફોર્મન્સ કર્યું. શેફાલીએ ૮૭ રન ફટકાર્યા અને પછી ૨ વિકેટ લીધી. સ્મૃતિ મંધાનાએ ૪૫ અને રિચા ઘોષે ૩૪ રન બનાવીને મહત્ત્વનું યોગદાન આપ્યું. ભારતને ચેમ્પિયન બનાવવામાં જેમિમાહ રોડ્રિગ્ઝ અને શેફાલી વર્માના યોગદાનની ખાસ નોંધ લેવી પડે. જેમિમાહે સાત વારની ચેમ્પિયન ઓસ્ટ્રેલિયાની ટીમ સામે સેમી ફાઈનલમાં અણનમ સદી ફટકારી તેમાં ભારત ૩૩૯ રનનો સ્કોર ચેઝ કરીને ફાઈનલમાં પહોંચ્યું હતું. ફાઈનલમાં ઓપનર શેફાલી વર્માએ ૭૮ બોલમાં ૮૭ રનની ધમાકેદાર ઈનિંગ રમીને ભારતનો સ્કોર ૩૦૦ રનની નજીક પહોંચાડ્યો. રસપ્રદ વાત એ છે કે, જેમિમાહ અને શેફાલી બંને નસીબના જોરે ટીમમાં આવી હતી. જેમિમાહે વર્લ્ડ કપની વોર્મ અપ મેચમાં ઈંગ્લેન્ડ સામે ૬૬ રન કરીને સારી શરૂઆત કરેલી પણ વર્લ્ડ કપની પહેલી મેચમાં ઝીરોમાં ઉડેલી. જેમિમાહે વર્લ્ડકપની ૪ મેચમાં માત્ર ૬૫ રન કરેલા ને તેમાં બે વાર તો ઝીરોમાં આઉટ થતાં પડતી મૂકી દેવાઈ હતી. ન્યૂઝીલેન્ડ સામેની મેચમાં ભારત માટે જીત અનિવાર્ય હતી તેથી જેમિમાહને પાછી લેવાઈ. આ મેચમાં જેમિમાહે ૭૬ રન બનાવીને ટીમની જીતમાં યોગદાન આપ્યું અને ઓસ્ટ્રેલિયા સામેની સેમિફાઈનલમાં અણનમ ૧૨૭ રનની ઈનિંગ્સ રમીને ટીમને ફાઈનલ સુધી પહોંચાડી. જેમિમાહએ ફાઈનલમાં ૨૪ રન જ કર્યા પણ સેમી ફાઈનલમાં પોતાનું કામ કરી દીધેલું. શેફાલી વર્મા તો વર્લ્ડ કપ માટેની ટીમમાં જ નહોતી. શેફાલી વર્માને ખરાબ ફોર્મને કારણે એક વર્ષ પહેલાં જ વન-ડે ટીમમાંથી ઘરભેગી કરી દેવાઈ હતી અને વર્લ્ડ કપ માટેની ટીમમાં પણ પસંદ કરવામાં આવી નહોતી પણ શેફાલીનું નસીબ જોર કરતું હશે કે ૨૬ ઓક્ટોબરે બાંગ્લાદેશ સામેની મેચમાં નિયમિત ઓપનર પ્રતિકા રાવલ ઘાયલ થતાં શેફાલીને પ્રતિકાના સ્થાને લેવાઈ હતી. એ જ શેફાલીએ ફાઈનલ મેચમાં ૮૭ રનની ઈનિંગ્સ રમી અને બે મહત્ત્વની વિકેટ પણ લીધી. ટીમમાં જ નહોતી એવી શેફાલી પ્લેયર ઑફ ધ ફાઈનલ બની. ક્રિકેટમાં કોઈ એક ખેલાડી અકલ્પનિય રમત બતાવીને એકલા હાથે ટીમને જીતાડી દે એવું ભાગ્યે જ બને છે. બાકી તો ટીમના તમામ ખેલાડી નાનું-મોટું યોગદાન આપે તો જ ટીમ જીતી શકે ને આ ફાઈનલે આ વાત સાબિત કરી દીધી, કેટલાક અપવાદોને બાદ કરતાં ક્રિકેટ ટીમ ગેઈમ છે એ સાબિત કરી દીધું. સેમી ફાઈનલમાં ભારતીય ટીમ જેમિમાહ રોડ્રિગ્ઝની યાદગાર ઈનિંગના કારણે ઓસ્ટ્રેલિયા સામે જીત્યું હતું પણ જેમિમાહને ટીમની બીજી છોકરીઓનો પણ સાથ મળ્યો હતો. પહેલાં હરમનપ્રીત કૌર સાથે તોતિંગ ભાગીદારી અને પછી દીપ્તિ શર્મા, રીચા ઘોષ અને અમનજીત કૌર સાથે નાની નાની પણ ઓછા બોલમાં વધારે રનની મહત્ત્વની ભાગીદારીઓના જોરે જેમિમાહે ભારતને જીત અપાવી હતી. ભારત સામેની ફાઈનલમાં સાઉથ આફ્રિકાની કેપ્ટન લૌરા વોલ્વાર્ટે જેમિમાહ જેવી જ યાદગાર ઈનિંગ રમી પણ તેને સામે કોઈનો સાથ ના મળ્યો તેમાં સાઉથ આફ્રિકન ટીમ ના જીતી શકી. લૌરા વોલ્વાર્ટે ૯૮ બોલમાં ૧૧ ચોગ્ગા અને ૧ સિક્સર સાથે ૧૦૧ રન કરીને આફ્રિકા માટે જરૂરી ઝડપી રમત બતાવી પણ બીજી કોઈ ખેલાડી સામે ટકી ના શકી તેમાં લૌરા વોલ્વાર્ટની મહેનત પર પાણી ફરી વળ્યું. લૌરા વોલ્વાર્ટે ૪૦મી ઓવરમાં સદી પૂરી કરી એ પહેલાં આફ્રિકાની ૬ વિકેટો ખખડી ચૂકી હતી. લૌરા વોલ્વાર્ટે ૫૦-૫૦ રનની ત્રણ ભાગીદારીઓ બીજી ખેલાડીઓ સાથે કરી પણ ૨૯૯ રનનો સ્કોર ચેઝ કરવા શરૂઆતમાં જ કમ સે કમ એક સદીની ભાગીદારી જોઈએ પણ આફ્રિકાની કોઈ ખેલાડી ટકી જ ના શકી તેથી લૌરા વોલ્વાર્ટની સદીની પણ કોઈ કિંમત ના રહી. લૌરા વોલ્વાર્ટે સેમી ફાઈનલમાં ઈંગ્લેન્ડ સામે પણ આવી જ યાદગાર ઈનિંગ રમી હતી અને ૧૬૯ રન બનાવ્યા હતા. માત્ર ૧૪૩ બોલમાં ૨૦ ચોગ્ગા અને ૪ સિક્સર સાથે ૧૬૯ રન ઝીકીને લૌરા વોલ્વાર્ટે આફ્રિકાના સ્કોરને ૩૦૦ને પાર કરાવેલો પણ એ વખતે ઓપનિંગમાં તઝમિન બ્રિટ્સે ૧૧૬ રનની ભાગીદારી કરેલી ને પાછળથી મારીઝેન કેપ સાથે ૮૯ રનની ભાગીદારી કરેલી. ફાઈનલમાં ભારતીય છોકરીઓએ એવી મોટી ભાગીદારી જ ના થવા દીધી તેમાં લૌરા વોલ્વાર્ટે સતત બીજી સદી ફટકારી હોવા છતાં આફ્રિકાને ના જીતાડી શકી.

ઈન્ડિયન વીમેન્સ ક્રિકેટ ટીમ માટે ૨૦૨૫ની આ વર્લ્ડ કપ જીત મોટી સિદ્ધિ તો છે જ પણ ટર્નિંગ પોઈન્ટ પણ સાબિત થઈ શકે છે. ૧૯૮૩માં કપિલદેવના નેતૃત્વમાં ભારતે પહેલી વાર વર્લ્ડ કપ જીત્યો પછી ભારતમાં ક્રિકેટનો જબરદસ્ત ક્રેઝ ઊભો થયો. પહેલાં ક્રિકેટ ટીમને સ્પોન્સર કરવા કોઈ તૈયાર નહોતું થતું. તેના બદલે ક્રિકેટ પાછળ નાણાં ખર્ચવા પડાપડી થવા માંડી અને આજે ભારત ક્રિકેટમાં મહાસત્તા છે.

ક્રિકેટના કારણે ભારતમાં જબરદસ્ત ઈકોનોમી ઊભી થઈ છે. વીમેન્સ વર્લ્ડકપની જીત મહિલા ક્રિકેટમાં પણ આ રીતે જ નાણાંની રેલમછેલલ કરાવે અને ભારતને વીમેન્સ ક્રિકેટમાં પણ સુપર પાવર બનાવે એવી આશા રાખી શકાય.

### ગુજરાતના પક્ષી જગતને તેમની નજરથી નિહાળ્યા પછી કુદરતનું સર્જન કેટલું અદ્ભુત હોઈ શકે છે

# વિશ્વ પ્રવાસી યાયાવર પક્ષીઓનું ભારતમાં આગમન

- પક્ષીમાં કુદરતે એટલી અદ્ભુત રચના આપી છે કે તેઓ તાપમાનમાં જરાક જેટલો બદલાવ અનુભવશે કે એમનામાં હોર્મોનલ શારીરિક ફેરફારો આવવા લાગશે અને તેઓ માઈગ્રેશનની શરૂઆત કરશે.

પક્ષીઓનો કલરવ, મોંસૂઝણું થતા જ આકાશમાં ફ આકારની પંખીઓની ઊડતી લયબદ્ધ કતાર, કાઠિયાવાડ અને કચ્છનાં વગડામાં થતો કુંજારવ શિયાળાના પગરવની આછેરી ઝલક આપે છે. આંગણામાં અવનવા રંગોમાં સજીને આવેલી નાની મોટી ચકલીઓ શિયાળાનાં આગમનનો સંકેત આપે છે. દેશભરનાં જંગલોમાં અવનવા પક્ષીઓને મેં કેમેરામાં કંડાર્યા છે પણ એથી વિશેષ મેં તેમને નિહાળ્યા છે. શિયાળો આવે કે પક્ષી જગતના ભીષ્મ પિતામહ ગણી શકાય એવા ડો. સલીમ અલીને યાદ કરવા ઘટે જ.મારો સહુથી પ્રિય રાષ્ટ્રીય ઉદ્યાન 'કિઓલાદેવ નેશનલ પાર્ક' ભરતપુરને રાષ્ટ્રીય ઉદ્યાન બનાવવાનો સંપૂર્ણ શ્રેય ડો. સલીમ અલીને જાય છે આ ઉપરાંત ગુજરાતના ગીર રાષ્ટ્રીય ઉદ્યાનમાં પણ એમનો ખૂબ જ મોટો ફાળો છે. ગુજરાતના પક્ષી જગતને તેમની નજરથી નિહાળ્યા પછી કુદરતનું સર્જન કેટલું અદ્ભુત હોઈ શકે છે તેવા નિષ્કર્ષની લગોલગ તો પહોંચી જ શકાય. ડો. સલીમ અલીએ લખ્યું છે કે 'યેલો થ્રોટેડ સ્પેરો' એમના જીવનનો મુખ્ય ટર્નિંગ પોઈન્ટ હતો અને એટલે જે એમની આત્મકથાનું નામ પણ 'ધી ફોલ ઓફ સ્પેરો' છે જેમાં પંખીઓ વિશેના રસપ્રદ તારણો એમણે લખ્યા છે અને દસ વર્ષની ઉંમરથી તેઓની ડાયરી લખવાની આદતે જ આવી સરસ ભેટ આપણને આપી છે.ખૂબ જ નાની ઉંમરે માતાપિતાની છત્રછાયા ગુમાવી દેનાર આ મહાન વ્યક્તિની પક્ષીઓ પ્રત્યેની જિજ્ઞાસા જ એમની બંદૂકથી છૂટેલી ગોળીએ કેળવી હતી. શિકારમાં રસ ધરાવતા ડો.સલીમ અલીની બંદૂકથી 'યેલો થ્રોટેડ સ્પેરો' મરાઈ અને એ પક્ષીની સુંદરતાને જોઈને દુઃખી થયેલા સલીમ અલીએ એ પક્ષીને ઉઠાવી લીધું અને પોતાનાં મામા પાસે પક્ષી વિશેની જિજ્ઞાસા રજૂ કરી જે એમના મામા ના સંતોષી શક્યા અને મુંબઈમાં BNHS સુધી દોડી ગયા અને આપણને પક્ષીઓની દુનિયાના ભીષ્મ પિતામહ એવા ડો. સલીમ અલી મળ્યા. મ્દ્વઊંજીમાં મૃત પક્ષીઓનાં સંગ્રહાલયમાં માર્ગદર્શક તરીકે નોકરી કરતા કરતા એમની પક્ષીઓ પ્રત્યેની જિજ્ઞાસા તેમને જર્મની સુધી ખેંચી ગઈ.ત્યાર બાદ તેઓએ પક્ષીઓને નિહાળવામાં ક્યારેક પાછા ફરીને જોયું નથી જેથી તેઓ પક્ષીઓનાં વિશ્વકોષ તરીકે ઓળખાય. પદ્મવિભૂષણ એવા ડો. સલીમ અલીએ એમને મળેલું રૂ.૫ લાખનું આંતરરાષ્ટ્રીય ઈનામ પણ મ્દ્વઊંજીને સમર્પિત કરી દીધું. તેઓએ પોતાના જીવનના રોચક કિસ્સાઓ અને પક્ષીઓનાં સંસર્ગમાં વિતાવેલા વર્ષોનાં નિચોડને એક પુસ્તક સ્વરૂપે રજૂ કર્યો જે 'ધી ફોલ ઓફ સ્પેરો' નામે પ્રસિદ્ધ થયું.આ સૃષ્ટિનાં સમગ્ર જમીની વિસ્તાર, સમુદ્ર અને આકાશ પર લાખો વર્ષોથી લઈને આજની ઘડી સુધી પક્ષીઓ રાજ કરતા આવ્યા છે. વસંત ઋતુ ખીલે કે આ પક્ષીઓ મુસાફરની માફક ધરતીનાં એક છેડેથી બીજા છેડા સુધી લાંબી મુસાફરીનો આરંભ કરે છે અને પાનખર બેસતા જ ફરી એ જ રસ્તે પરત ફરે છે, જેનું એક માત્ર કારણ છે પોતાનાં જીવનનાં અસ્તિત્વને ટકાવી રાખવું.સાફરીનો મુખ્ય હેતુ જીવનને ટકાવી રાખવાનો જ હોય છે જેમાં અમુક વિસ્તારોનું તાપમાન શિયાળામાં ખૂબ જ ઘટી જાય છે જેથી જીવી શકાય તેવી પરિસ્થિતિ નથી હોતી, એ સિવાય ખોરાક પણ પૂરતો ન મળી રહે જેથી તેઓ ધરતીનાં એવા વિસ્તારોમાં માઈગ્રેશન કરે છે જ્યાં યોગ્ય વાતાવરણ મળી રહે, સુરક્ષિત જીવન જીવી શકે. વિવિધ પ્રજાતિનાં પક્ષીઓ વિવિધ પ્રકારની મુસાફરી કરે છે.મોટાભાગના પક્ષીઓ રશિયન અને યુરોપિયન દેશો જેવા વિસ્તારમાં તાપમાન નીચે જતા તેઓ ધરતીનાં દક્ષિણી પ્રદેશો જેવા કે એશિયાઈ દેશો તરફ મુસાફરી આદરે છે તો વળી આર્કટિક ટર્ન પોતાનાં આર્કટિક બ્રીડિંગ ગ્રાઉન્ડથી છેક એન્ટાર્કટિકા સુધી હજારો માઈલ લાંબી મુસાફરી કરે છે. કેટલાક પક્ષીઓ લોકલ માઈગ્રેશન કરે છે જેઓ એક તળાવથી બીજા તળાવ કે એક વિસ્તારથી બીજા વિસ્તાર તરફ મુસાફરી કરે છે. નવરંગ તરીકે ઓળખાતું પક્ષી દક્ષિણ ભારતથી ગુજરાત અને છેક હિમાલયની તળેટીના વિસ્તારો સુધીની મુસાફરી કરે છે.ફોરેસ્ટ સ્ટર્લિંગ નામનું પક્ષી અરુણાચલ પ્રદેશ એટલે કે દેશનાં પૂર્વીય વિસ્તારમાંથી હિમાલયની તળેટીમાં આવેલા કુમાઉં વિસ્તાર તરફ મુસાફરી કરે છે. કુદરતની અદ્ભુત રચના એવાં પક્ષીઓનાં વર્તનને કળવું ખૂબ જ અઘરું છે. અમુક પક્ષીઓ પેસેજ માઈગ્રેશન કરે છે જેમાં સમજી લો કે નાના વેકેશન પર ન આવ્યા હોય! આફ્રિકન પ્રદેશો, રશિયન અને યુરોપિયન પ્રદેશોમાંથી કચ્છનાં મોટા રણમાં આવેલ છારીઢંઢમાં ટૂંકા સમયગાળા માટે રોકાય છે અને ફરી પોતાની મુસાફરી આદરે છે.પક્ષીઓનું મુસાફરી પાછળનું વિજ્ઞાન ઘણું જ રસપ્રદ છે, પક્ષીમાં કુદરતે એટલી અદ્ભુત રચના આપી છે કે તેઓ તાપમાનમાં જરાક જેટલો બદલાવ અનુભવશે કે એમનામાં હોર્મોનલ શારીરિક ફેરફારો આવવા લાગશે અને તેઓ માઈગ્રેશનની શરૂઆત કરશે. તેઓનું શરીર તાપમાન ખૂબ જ સારી રીતે નિયમન કરી શકે તેવી ક્ષમતા નથી ધરાવતું હોતું પણ યોગ્ય તાપમાન ને પારખી શકે અને માઈગ્રેશનનાં ચોક્કસ સમયને પારખી શકે તેવું ચોક્કસ હોય છે એટલે જ તેમના માટે માઈગ્રેશન ખૂબ જ જરૂરી પ્રક્રિયા છે.યોગ્ય માત્રામાં અને યોગ્ય દિશામાં વહેતા પવનનો ઉપયોગ કરીને તેઓ મુસાફરી કરે છે જેથી ઓછામાં ઓછી તાકાત લગાવી તે વધુમાં વધુ અંતર ખૂબ ઓછા સમયમાં કાપી શકે. ઘણા ખરા પક્ષીઓ રાત્રે પણ મુસાફરી શરૂ રાખે છે જ્યારે કઝાકિસ્તાનથી આવતા કુંજ માત્ર દિવસે જ ઉડાન ભરે છે અને રાત્રે યોગ્ય સ્થળે આરામ કરે છે, એમ કરતા કરતા તેઓ ૧૦-૧૨ દિવસમાં આશરે ૪૫૦૦ કિમી સુધીની મુસાફરી કરીને ગુજરાત અને રાજસ્થાનમાં ઉતરાણ કરે છે. કુંજ પક્ષીઓમાં મોટા ભાગે વડીલ કુંજ હોય જ છે જે માર્ગદર્શક બની રહે છે.રાત્રિના સમયે મુસાફરી કરતા પક્ષીઓ મોટાભાગે તારાઓ અને નક્ષત્રોનો ઉપયોગ માર્ગદર્શક તરીકે કરે છે જેથી તેઓ વાદળોથી પણ ઉપરનાં વિસ્તારમાં મુસાફરી કરતા હોય છે. ગાર્ગની એટલે કે ચેતવા નામનું પક્ષી ૪૦ દિવસ સુધી ખોરાક પાણી વિના સતત ઉડતું રહે છે. બાર ટેઈલ્ડ ગોડવિટ એટલે કે પટાપૂછ ગડેરા સતત ૧૪૦૦૦ કિમી સુધી ન્યુઝીલેન્ડ સુધીની નોનસ્ટોપ ઉડાન ભરીને મુસાફરી કરે છે. પક્ષીઓની શારીરિક રચના એટલી વિશિષ્ટ હોય છે કે તેઓનાં હાડકાં પણ હવાને જાળવી રાખવામાં મદદ કરે છે પરિણામે વજનમાં તેઓ ખૂબ જ હલકા હોય છે અને સરળતાથી ઉડી શકે.ગમે તેવા ઠંડા તાપમાનમાં પોતાના શરીરની ગરમી ટકાવી રાખવા માટે પીંછાની નીચેનાં ભાગમાં વિશિષ્ટ પ્રકારનાં મુલાયમ વાળ હોય છે .

### બાંગ્લાદેશ અને નેપાળ જેવા દેશોમાં આસાનીથી અરાજકતા ફેલાવી શકાય છે

# તો પહેલી સપ્ટેમ્બરે આખું ભારત અરાજકતામાં ધકેલાઈ જાત?

### પરિણામે ભારત, ચીન અને રશિયા વચ્ચેની સંભવિત ધરી બનતા પહેલા જ ધ્વસ્ત થઈ જાય અને અરાજકતામાં ફસાયેલા ભારત પાસે અમેરિકાની શરણે ગયા

ચીનના તિઆનજીન શહેરમાં યોજાયેલી જીર્ઝ સમિટ દરમિયાન નરેન્દ્ર મોદી અને વ્લાદિમીર પુતિન વચ્ચે એક અનોખી કહી શકાય એવી મીટિંગ યોજાઈ ગઈ. અનોખી એટલા માટે કે બંને શીર્ષનેતાઓ કોઈ મીટિંગરૂમને બદલે પુતિનની કારમાં મળ્યા. રશિયન રાષ્ટ્રપતિ પુતિન ખાસ પ્રકારની આર્મર્ડ લિમોઝીન કાર વાપરે છે. વિદેશપ્રવાસે જાય ત્યારે પણ એમની કાર સાથે જ હોય. મોદી અને પુતિને આ જ લિમોઝીનની પાછલી સીટ પર બેસીને મીટિંગ કરી. વિશ્વભરના મીડિયાએ આ મીટિંગને લિમો ડિપ્લોમસી' અથવાબેકસીટ બ્રોમેન્સ' તરીકે ઓળખાવી. વિશ્વના દિગ્ગજ નેતાઓ આ રીતે ભાગ્યે જ મળે છે. આ મીટિંગ વિશેની અમુક બાબતો આંતરરાષ્ટ્રીય બાબતોના નિષ્ણાંતો આજદિન સુધી સમજી નથી શક્યા. અને આવી અસ્પષ્ટ બાબતો હંમેશાં ચિત્રવિચિત્ર થિયરીઝને જન્મ આપે છે. આ કિસ્સામાં પણ એમ જ બન્યુંપ. ૧ સપ્ટેમ્બર ૨૦૨૫ ના 'શાંઘાય કોઓપરેશન ઓર્ગેનાઈઝેશન સમિટ' માટે ચીન ગયેલા મોદી બાયલેટરલ મીટિંગમાં ભાગ લેવા જવા માટે હોટેલના પોતાના રૂમમાંથી નીચે ઉતર્યા ત્યારે રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમિર પુતિન પહેલેથી જ પોતાની કારમાં રાહ જોતા બેઠા હતા. એમણે મોદીને પોતાની જ કારમાં બેસાડી લીધા. પંદરેક મિનિટ લાંબી ડ્રાઈવ દરમિયાન બંને નેતાઓ વચ્ચે વાતચીત થઇ, પણ ગંતવ્ય સ્થાને પહોંચી ગયા બાદ પણ બંને નેતા લિમોઝીનમાં જ બેસી રહ્યા અને વાતચીત બીજી પિસ્તાળીસ મિનિટ સુધી ચાલુ રહી. ટ્રમ્પના ઉધામા સામે ભારત છેલ્લા થોડા સમયથી રશિયા સાથેની પોતાની નિકટતા જાહેરમાં દર્શાવતું રહ્યું છે. આ પ્રકારના રાજદ્વારી વલણને કારણે ટ્રમ્પના ભારત વિરોધી લવારા ઉપર ઘણે અંશે અંકુશ પણ મુકાયો છે. જોકે રશિયા સાથે નિકટતા દર્શાવવા માટે બીજા ઘણા વિકલ્પો હતા. મોદી અને પુતિન ઔપચારિક રીતે પણ મળી જ શક્યા હોત. એવી તે શું વાત હતી કે આ બંને શીર્ષસ્થ નેતાએ મીટિંગરૂમ કે હોટેલના રૂમને બદલે કારમાં બેઠા બેઠા આટલી લાંબી ચર્ચા કરી નાખી? પુતિને કરેલી ચોખવટ મુજબ રશિયન રાષ્ટ્રપતિએ અલાસ્કામાં ટ્રમ્પ સાથે જે ચર્ચા કરેલી, જે એ મોદીજીને માહિતગાર કરવા માગતા હતા.

આ જવાબ એકદમ ગળે ઉતરે એવો નથી. મોદી અને પુતિન વચ્ચે ખરેખર શું ચર્ચાયું એનો જવાબ મેળવવાની મથામણે મોદીની હત્યાના કાવતરાની વિવાદાસ્પદ થિયરીને જન્મ આપ્યો છે! આ થિયરી મુજબ ચીનના પ્રવાસ દરમિયાન નરેન્દ્ર મોદીની હત્યા થવાની હતી!પુતિનને પણ આ વાતની ગંધ આવી ગઈ આથી એમણે મોદીને સતત પોતાની સાથે રાખ્યા. સોશ્યલ મીડિયાથી માંડીને અમુક પ્રિન્ટ મીડિયામાં પણ આ વિશે ખબરો છપાઇ. એવામાં વળી બાંગ્લાદેશની રાજધાની ઢાકાથી આવેલા સમાચારે બળતામાં ઘી હોમ્યું.૩૧ ઓગસ્ટ ૨૦૨૫ના ધ સન્ડે ગાર્ડિયન'ના રિપોર્ટ મુજબ આ દિવસે વહેલી સવારે ઢાકાનીધ વેસ્ટિન હોટેલ' ના રૂમ નંબર ૮૦૮માંથી એક વ્યક્તિ મૃત હાલતમાં મળી આવ્યો. મૃતક અમેરિકન નાગરિક હતો, નામ હતું ટેરેન્સ જેક્સન ઉર્ફે ટીજે. તાત્કાલિક ઢાકાની અમેરિકન એમ્બેસીને જાણ કરવામાં આવી.એમ્બેસીના માણસો તરત હોટેલ પર પહોંચ્યા અને સ્થાનિક કક્ષાએ પોસ્ટમોર્ટમની પળોજણમાં પડ્યા વિના ટેરેન્સ જેક્સનની લાશને બનતી ઝડપે અમેરિકા મોકલી દેવામાં આવી. 'સન્ડે ગાર્ડિયન'નો રિપોર્ટ વધુમાં જણાવે છે કે પચાસ વર્ષનો ટેરેન્સ કોઈ મામૂલી આદમી નહોતો. એના લિન્ક્ડ ઈન પ્રોફાઈલ મુજબ જેક્સન બે દાયકાથી અમેરિકી સેના સાથે જોડાયેલો હતો.એટલું જ નહિ, અમેરિકી સેનાની એવી મહત્ત્વની પોસ્ટ્સ ઉપર જેક્સન ફરજ બજાવતો હતો, જ્યાં પહોંચવા માટે ઉચ્ચ યોગ્યતા અને અનુભવની જરૂર પડે. આ ઉપરાંત રેકોર્ડ્સ મુજબ જેક્સન 'વેપારઅર્થે' વારંવાર બાંગ્લાદેશ આવતો રહેતો. આ તમામ સાંયોગિક પુરાવા દર્શાવે છે કે જેક્સન કોઈક રીતે બાંગ્લાદેશમાં થતા અમેરિકી ચંચૂપાતમાં સક્રિય ખેલાડી તરીકે કામ કરતો હોવો જોઈએ.બાંગ્લાદેશમાં જ્યારે શેખ હસીના સત્તા પર હતાં, એ સમયે એમણે એવું નિવેદન આપેલું કે અમેરિકા એમને (એટલે કે હસીનાને) સત્તા પરથી ઉથલાવવા માગે છે. થોડા જ દિવસોમાં શેખ હસીનાની આશંકા સાચી પડી અને બાંગ્લાદેશ સળગ્યું. એ કહેવાતી ક્રાંતિ પાછળ અમેરિકાનો સીધો હસ્તક્ષેપ હતો એ સમજવા માટે કંઈ મોટા જાણભેદુ થવાની જરૂર નથી.પ્રશ્ન એ છે કે જેક્સન મર્યો કઈ રીતે? ટ્રમ્પ ભલે મોદી કે ભારત વિશે ગમે એટલું સુજ્ઞુ સુજ્ઞુ બોલે, પણ હકીકત એ છે કે ભારત પ્રગતિના પંથે સ્થિર ગતિએ ચાલતું રહે એ અમેરિકાને ક્યારેય નહિ ગમે. આ માટે અમેરિકા અને ચીન જેવી મહાસત્તા દાયકાઓથી ભારતની આસપાસ ઝેરીલા સાપ ઉછેરવાનો ધંધો કરી રહી છે. બાંગ્લાદેશ અને નેપાળ જેવા દેશોમાં આસાનીથી અરાજકતા ફેલાવી શકાય છે અને ત્યાંની પ્રજામાં ભારત વિરોધી ઈમોશન્સ પેદા કરી શકાય છે.જેક્સન જેવા અધિકારીઓ આવી જ કામગીરી બજાવતા હોવાનું મનાય છે. તો શું જેક્સનને ભારતની કોઈ સુરક્ષા એજન્સીએ મારી નાખ્યો? કે પછી રશિયાની કેજીબીએ જેક્સનનો શિકાર કર્યો?સન્ડે ગાર્ડિયન'ના રિપોર્ટ મુજબ ૩૧ ઓગસ્ટે જેક્સનનું મૃત્યુ થયું એ પછી લાંબા સમય સુધી એનીલિન્ક્ડ ઇન' પ્રોફાઈલ એક્ટિવ હતી. આ પ્રોફાઈલ કોણ યુઝ કરતું હતું? અમેરિકી સેનાએ કહ્યું છે કે અમારા તમામ અધિકારીઓ સુરક્ષિત છે. બીજા શબ્દોમાં કહીએ તો અમેરિકાએ સત્તાવાર રીતે જેક્સન મામલે હાથ ખંખેરી નાખ્યા છે.હવે મૂળ વાત આવે છે આખા ઘટનાક્રમના ટાઈમિંગની. મોદીની હત્યાની આશંકા અને જેક્સનના મૃત્યુને જોડતી જે કડી છે, એ છે બંને ઘટનાનું ટાઈમિંગ. જેક્સન મરાયો. બીજા જ દિવસે પુતિન અને મોદી વચ્ચે પેલી અસામાન્ય મીટિંગ થઇ. કેટલાક માને છે કે ચીનની ધરતી પર ભારતના શીર્ષસ્થ નેતાની હત્યા થાય કે એટલીસ્ટ એમના પર હુમલો ય થાય તો દક્ષિણ એશિયાઈ ઉપખંડમાં ભારે અરાજકતા ફાટી નીકળે. જેક્સન જેવા પ્યાદાઓ આ આગને ભડકાવવાનું કામ કરે.

પરિણામે ભારત, ચીન અને રશિયા વચ્ચેની સંભવિત ધરી બનતા પહેલા જ ધ્વસ્ત થઇ જાય અને અરાજકતામાં ફસાયેલા ભારત પાસે અમેરિકાની શરણે ગયા વિના બીજો વિકલ્પ ન રહે.ખરેખર આવું કશું થાય તો પરિણામો બહુ ગંભીર આવે, પણ આ થિયરીમાં સત્યનો અંશ કેટલો? મોદી-પુતિન વચ્ચે એ દિવસે કઈ ખાનગી ચર્ચા થઇ હશે? જેક્સન મર્યો કઈ રીતે અને એનું પોસ્ટમોર્ટમ કેમ ન કરાયું? આ પ્રશ્નોના સાચા જવાબો ભાગ્યે જ બહાર આવશે.




# કિમ કાર્દાશિયનનું નવું ગતકડું ચંદ્ર પર ખરેખર ઉતરાણ થયું હતું?

## પોતાના પ્રેમી કાન્યે વેસ્ટ વિશે હમણાં એવું કહ્યું  કે મારો ભૂતપૂર્વ પ્રેમી હંમેશા મારા જીવનમાં રહેશો

એવું કહેવાય છે કે કિમ કાર્દાશિયન ન કરે એટલું ઓછું. તે ફરી એકવાર ઈન્ટરનેટ પર ધૂમ મચાવી છે, આ વખતે ફેશન સ્ટેટમેન્ટ કે કોમર્શિયલ ચાલ માટે નહીં, પરંતુ ચંદ્ર પર ઉતરાણ કરવા સંદર્ભે વિવિદાસ્પદ વિધાન કરીને તે ચર્ચામાં આવી છે. પોતાના શો 'કીપિંગ ધ કાર્દાશિયન્સ' (૩૦ ઓક્ટોબર) ના તાજેતરના એપિસોડમાં આરિયાલિટી સ્ટારે ખુલ્લેઆમ પ્રશ્ન કર્યો કે શું ૧૯૬૯ માં ચંદ્ર પર ઉતરાણ ખરેખર થયું હતું? નાસા તેને અવગણવા માટે તૈયાર નહોતું. અભિનેત્રી સારાહ પોલસન સાથેની વાતચીત દરમિયાન, કિમે વાયરલ વિડિઓઝ અને ઓનલાઈન "પુરાવા" ટાંકીને પોતાની શંકાઓ શેર કરી. "હું તમને બઝ એલ્ડ્રિન અને બીજા વ્યક્તિ બંને વિશેના લેખો મોકલી રહી છું," તેણીએ નીલ આર્મસ્ટ્રોંગનો પણ ઉલ્લેખ કર્યો હતો.

સ્વાભાવિક રીતે જ યુએસ સ્પેસ એજન્સી નાસાએ રિયાલિટી સ્ટાર કિમ કાર્દાશિયનના દાવાને ફગાવી દીધો છે કે ૧૯૬૯માં ચંદ્ર પર પ્રથમ માનવીને ઉતારનાર અવકાશ મિશન ખોટો હતો. નાસાના કાર્યકારી વહીવટકર્તા સીન ડફીએ સોશિયલ મીડિયા પર લખ્યું, "હા, અમે પહેલાં પણ ચંદ્ર પર ગયા છીએ... ૬ વાર!" કાર્દાશિયને તેની લાંબા સમયથી ચાલતી ટીવી શ્રેણી, ધ કાર્દાશિયન્સના તાજેતરના એપિસોડમાં આ ટિપ્પણીઓ કરી હતી, જેમાં તેણીએ સહ-અભિનેત્રી સારાહ પોલસનને કહ્યું હતું કે તેણી માને છે કે ચંદ્ર પર ઉતરાણ "ક્યારેય શક્ય બન્યું નથી". વારંવાર ખોટા સાબિત થયા છતાં, માનવો ખરેખર ચંદ્ર પર ઉતર્યા છે કે કેમ તે અંગે પ્રશ્ન છે. જો કે સોશિયલ મિડીયામાં તેની ઘણી ચર્ચા છે.

પોતાના નિવેદનમાં, SKIMS ના સ્થાપકે પોતાના વલણનો પુનરાવર્તિત કર્યો. "મને નથી લાગતું કે અમે તે કર્યું. મને લાગે છે કે તે જૂઠું હતું," "ધ્વજવંદન," મેળ ન ખાતાં પગના નિશાન અને ગુમ થયેલા વાયરોને તેના કારણો ગણાવ્યા. જ્યારે તેમને પૂછવામાં આવ્યું કે તેઓ ટીકાકારોને કેવી રીતે પ્રતિક્રિયા આપશે, ત્યારે તેમણે કહ્યું: "તેઓ કહેશે કે હું પાગલ છું, ગમે તે હોય. પરંતુ ઉપર જાઓ અને જાતે જુઓ."

કિમની વિવાદાસ્પદ ટિપ્પણીઓ, આશ્ચર્યજનક રીતે, વાયરલ થઈ ગઈ, જેના કારણે NASA તરફથી સત્તાવાર પ્રતિક્રિયા મળી. કાર્યકારી પ્રશાસક સીન ડફીએ પરિસ્થિતિ સ્પષ્ટ કરવા માટે ટ્વિટર પર જઈને કહ્યું: "હા, @KimKardashian, અમે પહેલા પણ ચંદ્ર પર ગયા છીએ - છ વખત!" તેમણે નાસાના ચાલી રહેલા આર્ટેમિસ પ્રોગ્રામનો પણ ઉલ્લેખ કર્યો, જેનો હેતુ માનવોને ચંદ્રની સપાટી પર પાછા લાવવાનો છે, અને ઉમેર્યું, "અમે છેલ્લી અવકાશ દોડ જીતી હતી, અને અમે આ પણ જીતીશું."

ગમે તેમ પણ કાર્દાશિયનની ટિપ્પણીઓ થકી ઓનલાઇન એક નવી ચર્ચા શરૂ થઈ છે. દરમિયાન, વૈજ્ઞાનિકો અને અધિકારીઓ ચંદ્રના નમૂનાઓથી લઈને મિશન ફૂટેજ સુધીના પુરાવાઓ આપી રહ્યા છે, જે સાબિત કરે છે કે એપોલો ૧૧ નું ૧૯૬૯ માં ચંદ્ર પર ઉતરાણ ખરેખર વાસ્તવિક હતું.

કિમ કાર્દાશિયન મગજની બીમારી એન્યુરિઝમથી પીડિત છે. તેણે પોતાના પ્રેમી કાન્યે વેસ્ટ વિશે હમણાં એવું કહ્યું  હતું કે મારો એ ભૂતપૂર્વ પ્રેમી હંમેશા મારા જીવનમાં રહેશે.

કિમ કાર્દાશિયને તેના અને કાન્યે વેસ્ટના છૂટાછેડાના તણાવના સંદર્ભે "કીપિંગ અપ વિથ ધ કાર્દાશિયન્સ" સીઝન ૭ માં પોતાના મગજની એન્યુરિઝમ નિદાનનો ચોંકાવનારો ખુલાસો કર્યો હતો. જે દરમિયાન એ પોતાની સ્વાસ્થ્ય સમસ્યા વિશે ભાવુક થઈ ગઈ હતી. તેણે સ્વીકાર્યું હતું કે તણાવને કારણે તેના સ્વાસ્થ્ય પર ગંભીર અસર પડી હતી, જેમાં સોરાયસિસ પણ ફરીથી થયો હતો.

કિમ કાર્દાશિયન અને કાન્યે વેસ્ટના છૂટાછેડા અને કસ્ટડીની લડાઈ તાજેતરમાં ખૂબ ચમકી હતી. "કીપિંગ ધ કાર્દાશિયન્સ" માં પોતાના જીવન વિશે ખુલાસા કર્યા છે. સીઝન ૭ ના પ્રીમિયર દરમિયાન તેણે એવું કહ્યું હતું કે તેને મગજની એન્યુરિઝમ છે. પોતાના છૂટાછેડાના ભાવનાત્મક બોજ અને ચાલુ વ્યક્તિગત પડકારો વિશે ખુલાસો કરતા, કિમે સ્વીકાર્યું કે તણાવથી મારી તબિયત પર ઘણી અસર પડી છે.

કિમ કાર્દાશિયનને મગજની એન્યુરિઝમ હોવાનું નિદાન થયું છે

"કીપિંગ ધ કાર્દાશિયન્સ" ના આગામી સીઝન ૭ ના ટીઝર એપિસોડ ક્લિપમાં, કિમ કાર્દાશિયન તેના પરિવારને મગજની એન્યુરિઝમનું નિદાન જાહેર કરતા પહેલા MRI સ્કેનરમાં પ્રવેશ કરતી જોવા મળી હતી. તેની મોટી બહેન, કોર્ટની કાર્દાશિયન, આઘાતમાં બૂમ પાડે છે, "વાહ!"

કિમે એવું પણ કહ્યું હતું કે "લોકો માને છે કે મારી પાસે દૂર ચાલવાની લક્ઝરી છે. મને ખુશી છે કે હું હવે દૂર સુધી ચાલી શકું છું. મારો ભૂતપૂર્વ બોયફ્રેન્ડ ગમે તે હોય, પણ એ મારા જીવનમાં રહેશે." જો કે આવી વાત કર્યા પછી એ ભાંગી પડી હતી. બાદમાં તેણે એવું પણ કહ્યું હતું કે, "ગઈ રાત્રે હું વિચારી રહી હતી કે, ' મારી સાથે આવું કેમ થઈ રહ્યું છે?''' કિમે એ પણ ખુલાસો કર્યો કે તેનો સોરાયસિસ - એક ક્રોનિક ત્વચા રોગ જેનો તે વર્ષોથી સામનો કરી રહી હતી - ફરી દેખાઈ આવ્યો છે. "છૂટાછેડા પછી મને સોરાયસિસ થયો નથી,પણ હમણાં અચાનક એ પાછો દેખા દઈ રહ્યો છે. "

મગજનો એન્યુરિઝમ શું છે?

એન્યુરિઝમ એ રક્ત વાહિનીની દીવાલમાં આકાર પામેલો એક ફુગ્ગો છે. જેને કારણે ફાટેલી એન્યુરિઝમ આંતરિક રક્તસ્રાવનું કારણ બની શકે છે, જે જીવલેણ પણ ક્યારેક હોઈ શકે છે. જો કે, જો એન્યુરિઝમ નાનો હોય અને ફાટ્યો ન હોય, તો તે સારવાર થકી મટાડી શકાય છે.


કિમ કાર્દાશિયનના સ્વાસ્થ્ય વિશે

કિમ ભૂતકાળમાં તેના સ્વાસ્થ્ય સમસ્યાઓ વિશે ખુલ્લેઆમ વાત કરી ચૂકી છે. તેણે અગાઉ સોરાયસિસ અને સોરાયટિક સંધિવા સાથેની પોતાની લડાઈનો ખુલાસો કર્યો હતો.તેણે પ્લેસેન્ટા એક્રેટાથી વિશે ખુલ્લેઆમ વાત કરી હતી. ગર્ભાવસ્થાની આ એક ખતરનાક બીમારી હતી. તેણેપોતાનાં બાળકો, નોર્થ અને સેન્ટને જન્મ આપતી વખતે આ બીમારીનો સામનો કર્યો હતો.

કિમ અને કાર્દાશિયનના લગ્ન ૨૦14 માં થયા હતા. ૨૦૨૧ માં છૂટાછેડા માટે વિધિવત અરજી કરી હતી. એ પહેલાં તેમના લગ્નજીવનમાં વર્ષોથી સંઘર્ષ ચાલતો હતો. ૨૦૧૬ માં વેસ્ટના અણધાર્યા વર્તનથી તેમના સંબંધોમાં નોંધપાત્ર તણાવ સર્જાયો હતો. નવેમ્બર ૨૦૨૨ માં તેમના છૂટાછેડાને અંતિમ સ્વરૂપ આપવામાં આવ્યું. કાન્યે વેસ્ટ કાર્દાશિયન સાથે પુત્રીઓ નોર્થ (૧૧) અને શિકાગો (૬) અને પુત્ર સાલ્મ (૫) શેર કરે છે.

# બહારથી આવતા એક્ટર્સનો નેપો બેબીઝ પર ગુસ્સો હું સમજી શકું છું

ફિલ્મ મેકર અને કોરિયોગ્રાફર ફરાહે ખાને કેટલીક સુપરહિટ ફિલ્મ અને લોકપ્રિય ગીતોથી ઈન્ડસ્ટ્રીમાં પોતાનું અલગ સ્થાન બનાવ્યું છે, હવે તેણે પોતાનો યુટ્યુબ પર શો પણ શરૂ કર્યો છે. તે ભલે એક ફિલ્મ ઈન્ડસ્ટ્રીના પરિવારમાંથી આવે છે, પરંતુ તેનું બાળપણ ઘણું સંઘર્ષમાં વિત્યું છે. તેના પિતાનું નાની ઉંમરે જ નિધન થઈ ગયું હતું. તાજેતરમાં ફરાહ ખાને સાનિયા મિર્ઝાના પોડકાસ્ટ શોમાં પોતાના બાળપણની યાદો તાજી કરવાની સાથે નેપોટીઝમ અંગે પણ વાત કરી હતી. તેણે ખુલાસો કર્યો હતો કે ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં બહારથી આવતા કલાકારોનો ગુસ્સો અને તકલીફ તે સમજે છે અને તેઓ ઈન્ડસ્ટ્રીના બાળકો માટે કેટલો ગુસ્સો ધરાવે છે, તે અંગે વાત કરી હતી. તેણે એમ પણ કહ્યું કે તે સફળ થવા છતાં આજે પણ આર્થિક રીતે અસુરક્ષા અનુભવે છે.ફરાહને પૂછાયું કે શું તેનાં આર્થિક સંઘર્ષે તેને આજે જેવી છે તેવી બનાવી છે, તે પ્રશ્નના જવાબમાં ફરાહે કહ્યું, "આજ સુધી, હું પૈસા બાબતે અસુરક્ષા અનુભવું છું. મારા માટે, જો હું આર્થિક રીતે સુરક્ષિત હોય તો જ આરામથી રહી શકું છું, મને માત્ર એ એક જ અસુરક્ષા છે. તેથી જ મારો કામ માટેનો જુસ્સો હંમેશા જળવાઈ રહે છે. હું કદાચ સક્રિયપણે ફિલ્મ ડિરેક્ટ ન કરતી હોય, છતાં આજે પણ હું મારી કેરિઅરના શરૂઆતના દિવ, કરતાં પણ આજે વધુ મહેનત કરું છું. અમે અમારા પિતાના ખુબ સમૃદ્ધથી ગરીબ બનતા જોયા છે અને થોડાં વર્ષો સુધી અમે અતિ ગરીબીમાં જીવ્યાં છીએ."આજે લોકો સફળતાને જે રીતે જુએ છે, તે અંગે ફરાહે જણાવ્યું, "આજે બધઆને સ્ટ્રગલ સ્ટોરી જોઈએ છે. જેણે જીવનમાં ક્યારેય સંઘર્ષ જોયો નથી તે પણ કોઈ વિચિત્ર વાતમાંથી કંઈક ઉપજાવી કાઢવાની કોશિષ કરે છે. પરંતુ હું ખુશ છું કે મારા બાળકો પાસે આવી કોઈ વાર્તા નહીં હોય."સ્ટારકિડ્ઝ માટે બહારથી આવતા કલાકારોની અકળામણ અંગે ફરાહે કહ્યું, "જ્યારે લોકો બહારથી મુંબઈ આવે છે અને પછી નેપો બૅબીઝ માટે તેમને જે ગુસ્સો હોય છે, તે હું બરાબર સમજી શકું છું. હું સમજી શકું છું એ ગુસ્સો ક્યાંથી આવે છે, કારણ કે એમને દર મહિને ઘરનાં ભાડાં ભરવા પણ સંઘર્ષ કરવો પડે છે. તેમના માટે, સ્ટાર કિડ્ઝના સંઘર્ષનો કોઈ મતલબ જ નથી."



# ભૂલ ભુલૈયા ૪ કન્ફર્મ : ફિલ્મ પર કામ ચાલુ

## અનીસ બાઝમીએ કાર્તિક આર્યન સાથે ભૂલ ભુલૈયા ૩ના એક વર્ષે ચોથી ફિલ્મની જાહેરાત કરી

કાર્તિક આર્યન, તૃપ્તિ ડિમરી, વિદ્યા બાલન અને માધુરીની ભૂલ ભુલૈયા ૩ રિલીઝ થઈ એને એક વર્ષ થઈ ગયુંછે અને હવે તેના ડિરેક્ટર અનીસ બાઝમીએ ફિલ્મના ચોથા ભાગની જાહેરાત કરી છે. ૧ નવેમ્બરે 'ભૂલ ભુલૈયા ૩'ની રિલીઝનું એક વર્ષ થયું, આ નિમિત્તે આપેલા એક ઈન્ટરવ્યુમાં અનીસ બાઝમીએ જણાવ્યું કે યોગાનુંયોગ ૧ નવેમ્બર તેમનો જન્મ દિવસ પણ છે, ગયા વર્ષે તેમણે કોઈ પ્લાનિંગ વિના પણ જન્મ

દિવસે જ ફિલ્મ રિલીઝ કરી હતી. આજે પણ લોકો આ ફિલ્મ સાથે પોતાનો જોડી શકે છે અને ઘણા લોકોની આ ગમતી ફિલ્મ છે.

આ સાથે અનીસ બાઝમીએ કાર્તિક આર્યનના પણ વખાણ કર્યા હતા. તેમણે કહ્યું, "છોકરાએ કમાલ કામ કર્યું. જો એણે ભૂલ ભુલૈયા ન કરી હોત તો દુનિયાને તેનું કોમિક ટાઈમિંગ જોવા જ ન મળ્યું હોત. હું કાર્તિક સાથે હજુ કેટલીક કોમેડી ફિલ્મ પર કામ કરવા માગુ છું."

જ્યારે ભૂલ ભુલૈયા ૪ વિશે તેમણે કહ્યું, "બિલકુલ, તેનું કામ ચાલુ છે. આજ સુધીમાં આ સિરીઝને જે પ્રેમ મળ્યો છે, તે અવગણી શકાય તેમ નથી. તો હા, એનું કામ ચાલુ છે. તેમાં એક વાત કન્ફર્મ કરી શકું એ છે કાર્તિક." આગળની ફિલ્મમાં વિદ્યા બાલન અને માધુરી સાથે કામના અનુભવ અંગે અનીસ બાઝમીએ કહ્યું કે, "બંને લિજેન્ડ કલાકારો એક સાથે હતા, પરંતુ ત્યારે મને ક્યારેય એવો અનુભવ ન થવા દીધો કે હું કોઈ લિજેન્ડ સાથે કામ કરું છું. એ લોકો બિલકુલ સમયસર કામ કરતાં, શિસ્ત સાથે, તેમનો સ્પર્ધાત્મક અભિગમ હોવા છતાં તેઓ સાથે મળીને સરસ કામ કરતાં હતાં, બહુ મજા આવી."

આ બેમાંથી કોઈ ચોથા ભાગમાં જોવા મળશે કે નહી, તે અંગે અનીસ બાઝમીએ કહ્યું, "હોઈ શકે છે, બીજી તરફ અમારી સાથે એક એવી એક્ટ્રેસ પણ હોઈ શકે છે, જે ક્યારેય આ સિરીઝનો ભાગ રહી ન હોય."

પોતાના જન્મદિવસે તેમની ઈચ્છા અંગે અનીસ બાઝમીએ કહ્યું, "બસ હું લોકોને મનોરંજન આપતો રહું. મને લાગે છે કે આજના ખુબ સ્ટ્રેસના સમયમાં લોકોને હસાવવા એ સૌથી મોટા આશીર્વાદ છે."



# 'દ્દશ્યમ ૩'માં પણ પહેલાંની જેમ મલયાલમ વર્ઝન જ રિલીઝ કરાશે

## જીતુ જોસેફે ઇટરવ્યુમાં મોહનલાલ સાથે દૃશ્યમ અને મિરાજ સહિતની ફિલ્મની વાત કરી

જ્યારથી પહેલી વખત દશ્યમ ફિલ્મ આવી ત્યારથી આ ફિલ્મ વિશે દર્શકોમાં ઉત્સુકતા રહી છે. પહેલી ફિલ્મ આવી ત્યારે કોઈને અંદાજ નહોતો કે તેનો બીજો ભાગ આવશે. હવે ત્રીજી ફિલ્મ અંગે એવી ચર્ચા છે કે આ શ્રેણીની આ અંતિમ ફિલ્મ હશે. પરંતુ મૂળ મલયાલમ દષ્યમના ડિરેક્ટર જીતુ જોસેફે જણાવ્યું કે "ના, આ ખરેખર ફિલ્મનો અંત નહીં હોય. મેં જ્યારે પહેલી દશ્યમ બનાવી ત્યારે પણ સિક્વલનું મારું કોઈ જ આયોજન નહોતું. પછી જ્યારે મને બીજી ફિલ્મનો વિચાર આવ્યો ત્યારે મેં સિક્વલ બનાવવાનું શરૂ કર્યું. આગળ પણ આવું થઈ શકે છે. બીજી ફિલ્મ બની પછી મેં વિચાર્યું કે જો આનો ત્રીજો ભાગ હોય તો કેવો હોય. સમયાંતરે મને ત્રીજી ફિલ્મને જોડતો તાર મળી ગયો. પહેલી ફિલ્મમાં ઘટનામાં પરિવારે કેવા અનુભવ કર્યા એની વાત હતી. હવે તમે છ વર્ષ પછી જુઓ પરિવાર કઈ રીતે વિકસ્યો છે. હવે ત્રીજા ભાગમાં અમે ફરી ૩.૫ થી ૪ વર્ષ આગળની વાત કરી રહ્યા છીએ. આપણને ખબર છે કે જ્યોર્જકુટ્ટીએ કઈ રીતે પુરાવાઓનો નાશ કર્યો હતો. હવે આપણે જોઈશું કે તેના પછી પરિવાર સાથે શું બને છે."

ત્રીજા ભાગની વાર્તા વિશે જોસેફ જણાવે છે, "હું એ જ વાર્તા લખું છું, જે આગળના ભાગ સાથે સહજ રીતે જોડી શકાય. મને ખબર નથી આ ભાગ સાથે તેની વાર્તા અટકશે કે નહી..મને જો કોઈ નવો દષ્ટિકોણ મળે તો હું ચોથો ભાગ પણ લખી શકું છું. હું એવું નથી કહેતો કે હું કરીશ જ, પણ શક્યતા નકારી શકાય નહીં. મને જ્યારે ત્રીજા ભાગમાં રસપ્રદ બાબતો મળી ત્યારે જ મેં તેના પર કામ શરૂ કર્યું હતું."

ત્રીજા ભાગ વિશે વિગતો ન આપવા બાબતે જિતુ જોસેફે કહ્યું, "ત્રીજો ભાગ કયા દષ્ટિકોણથી બન્યો છે, એ હું હાલ કહી શકીશ નહી, તેના માટે તમારે ફિલ્મની રાહ જોવી પડશે. મેં જ્યારે ત્રીજા ભાગની જાહેરાત કરી ત્યારે ઘણા લોકોએ કહ્યું હતું કે તેમાં બીજા ભાગથી સારી સ્ક્રિપ્ટ હોવી જોઈએ. પરંતુ હું આગળની ફિલ્મથી મોટી બનાવવા માટે નવી ફિલ્મ નથી બનાવતો. હું બસ એ પરિવારના જીવનનાં નવાં પ્રકરણની વાર્તા કહેવા માગું છું."



મલયાલમ, હિન્દી અને તેલુગુ ફિલ્મો એકસાથે રિલીઝ કરવા અંગે જીતુ જોસેફે કહ્યું કે "હિન્દી અને તેલુગુ ફિલ્મના મેકર્સે અમને એકસાથે રિલીઝ કરવા માટે પૂછ્યું છે. તકલીફ એ છે કે ભારત સહીત વિદેશમાં પણ સિરીઝ લોકપ્રિય છે. તેથી હિન્દી અને તેલુગુ ફિલ્મ મેકર્સને ચિંતા છે કે જો મલયાલમ ફિલ્મ પહેલાં રિલીઝ થઈ તો તેમની ફિલ્મની બોક્સ ઓફિસ પર અસર થશે કારણ કે લોકોને પહેલાંથી જ વાર્તા ખબર હશે. તેમની અમારા પ્રોડ્યુસર સાથે ચર્ચા ચાલે છે પણ હજું કંઈ નિર્ણય લેવાયો નથી. બધા વર્ઝન સાથે રિલીઝ કરીએ તો અમને પણ નુકસાન થાય. હાલ તો અમે અમારું શૂટ કરી રહ્યા છીએ, એ પૂરું થાય ત્યાં સુધીમાં જે નિર્ણય લેવાય તેના પર આગળ વધીશું. બાકી તો મલયાલમ જ પહેલાં રિલીઝ થશે."

# બચ્ચન પરિવારમાં ચર્ચા થાય, ઝઘડો ક્યારેય નહીં : નવ્યા નંદા

## નવ્યા નંદાએ કહ્યું મારો અને આરાધ્યાનો ઉછેર એકસરખાં મૂલ્યોમાં થયો છે

અમિતાભ બચ્ચનની દોહિત્રી નવ્યા નવેલી નંદા પોતાની યુટ્યુબ ચેનલ પર એક પોડકાસ્ટ શો ચલાવે છે, 'વોટ ધ હેલ નવ્યા'. તેમાં ઘણી વખત તેની સાથે તેની માતા શ્વેતા બચ્ચન અને નાની જયા બચ્ચન પણ જોડાય છે. ત્યારે તાજેતરના એક પોડકાસ્ટ શોમાં નવ્યાએ જણાવ્યું કે કઈ રીતે તેનાં નાના-નાની સાથે તેનો ઉછેર થયો છે અને કઈ રીતે તેમની ભોજન વખતની ચર્ચાઓ ઘણી વખત ધારદાર અને ઉગ્ર થઈ જાય છે, જ્યાં દરેકના પોતાના દૃઢ મત હોય છે.



નવ્યાએ કહ્યું કે તેના માતા અને પિતા બંનેની તરફનો પરિવાર અનોખો છે, તેનાથી જ તેનાં વ્યક્તિત્વનું ઘડતર થયું છે. નવ્યાએ કહ્યું, "હું મોટી થઈ રહી હતી ત્યારે મેં ઘણો સમય મારા નાના-નાની સાથે વિતાવ્યો છે, હજુ પણ વિતાવું છું, અમે હજુ પણ બધા સાથે જ રહીએ છીએ, આજના યુવાન લોકો માટે આ વાત થોડી અસમાન્ય છે. અમે ઝઘડતાં નથી, ઘણા મુદ્દાઓ પર અમારી વચ્ચે ગંભીર પણ તંદુરસ્ત ચર્ચાઓ થાય છે. એમાં એવા પણ મુદ્દાઓ હોય છે, જે આજે ચર્ચામાં હોય, જે મહત્વના હોય. જે પણ લોકોએ પોડકાસ્ટ જોઈ છે, એ લોકો જાણે છે કે દરેક એપિસોડમાં અસહમતી અથવા ચર્ચા હોય છે. આશ્ચર્યની વાત એ છે કે એમાં કોઈ ઝઘડો નથી, અમારા બધાંનું વ્યક્તિત્વ ઘણું અલગ છે, અમે બધાં એકસરખાં મુલ્યો ધરાવીએ છીએ, દરેક બાબતોથી વધુ તે દર્શાવે છે કે અમે કોણ છીએ."નવ્યાએ એમ પણ કહ્યું કે તેનો, તેના ભાઈ અગત્સ્ય અને કઝીન આરાધ્યા એકબીજાને સન્માન આપવાનું મહત્વ શીખ્યા છે. નવ્યાએ કહ્યું, "અમારો ઉછેર જે પહેલી મહત્વની બાબતમાં થયો છે, એ છે ઘણું સન્માન અને પરિવાર. મને લાગે છે અમારા બધાના મનમાં જે એક વાત છે, તે છે સન્માન, પછી તે અમારા નાના-નાની માટે હોય, અમારા ઘરની સૌથી નાની સભ્ય મારી બહેન હોય કે મારો ભાઈ. અમને બધાને એકબીજા માટે ઘણું માન છે, માત્ર વ્યક્તિઓ કે મોટાઓ માટે જ નહીં પણ અમે બધાં જે કામ કરીએ છીએ તેના માટે કે અમે જ્યાંથી આવીએ છીએ તેના માટે પણ."ફિલ્મી પરિવારમાં ઉછેર છતાં નવ્યાને હંમેશા તેના પિતાના બિઝનેસ માટે આકર્ષણ અને ઉત્સુકતા રહ્યાં છે, તેને ધ્યાનમાં લઈને તે એક આન્ત્રપ્રિન્યોર તરીકે પોતાનું નામ બનાવી રહી છે, જોકે, તેનો ભાઈ અગત્સ્ય ફિલ્મ ક્ષેત્રમાં આગળ વધી રહ્યો છે અને ટૂંક સમયમાં તેની ફિલ્મ ઈક્કિસ રિલીઝ થઈ રહી છે.

# બંધન તૂટી ગયા છે હવે જીતવું અમારી આદત પડી જવી જોઇએ: હરમન

## આઇસીસી ટ્રોફી નહીં જીતવાનો હવે અફસોસ નહીં રહે, ભવિષ્યમાં વધુ સફળતા મળતી રહેશે, આ તો શરૂઆત છે, ટ્રોફી જીતવાની જરૂર હતી, હવે પરિવર્તન આવશે: ભારતીય કેપ્ટન

ભારતીય વિમેન્સ ટીમ આઇસીસી વન-ડે ક્રિકેટ વર્લ્ડ ચેમ્પિયન બની તે તો શરૂઆત છે અને હવે આ પ્રકારની સફળતા આવતી રહેશે તેમ ચેમ્પિયન ટીમની કેપ્ટન હરમનપ્રિત કૌરે વિશ્વાસ વ્યક્ત કર્યો હતો. રવિવારે અહીં રમાયેલી વર્લ્ડ કપની ફાઇનલમાં સાઉથ આફ્રિકાને હરાવીને ભારતે વર્લ્ડ કપ જીતી લીધો હતો.

ભારતીય વિમેન્સ ટીમ અગાઉ ક્યારેય આઇસીસી ટ્રોફી કે કોઈ મેગા ઈવેન્ટ જીતી શકી ન હતી પરંતુ આ વખતે ૨૦૨૫ના વર્લ્ડ કપમાં ટીમે કોઈ એક ખેલાડી પર મદાર રાખવાને બદલે તમામના સહિયારા યોગદાનથી સફળતા મેળવીને પહેલી વાર વર્લ્ડ કપ જીત્યો હતો.

ટીમની ગૌરવવંતી સુકાની હરમનપ્રિત કૌરે જણાવ્યું હતું કે ભારત ક્યારેય ટ્રોફી જીતી શકે નહીં તેવા બંધન તૂટી ગયા છે અને હવે જીતવું અમારા માટે આદત પડી જવી જોઈએ. આઈસીસી ટ્રોફી નહીં જીતી શકવાનો હવે અફસોસ નહીં રહે અને ભવિષ્યમાં આ પ્રકારની સફળતા આવતી રહેશે.

હરમનપ્રિતે ટીમની સફળતા બાદ જણાવ્યું હતું કે આ કોઈ અંત નથી પરંતુ આ તો શરૂઆત છે. અમારે એક ટ્રોફી જીતવાની જરૂર હતી અને હવે ભારતીય ક્રિકેટમાં પરિવર્તન આવી ગયું છે. ખાસ કરીને અમારામાં હવે આત્મવિશ્વાસ આવી ગયો છે.ભારતીય ટીમની આ સફળતાએ દેશની રમતગમત સિદ્ધિઓમાં એક નવો સોનેરી અધ્યાય લખી નાખ્યો છે. ભારતના વિજય બાદ સ્ટેડિયમમાં અને સમગ્ર દેશમાં વાતાવરણ બદલાઈ ગયું હતું. દેશભરમાં ઉજવણીનો માહોલ સર્જાઈ ગયો હતો.



હરમનપ્રિત કૌરે એક શાનદાર કેચ ઝડપ્યો અને તે ઝૂમી ઉઠી હતી. તેની સાથે ટીમની તમામ ખેલાડીઓ પણ ઉન્માદમાં આવી ગઈ હતી. આમ છતાં હરમને પોતાની લાગણીઓ પર અંકુશ રાખ્યો હતો અને કોચ ગુરુજી અમોલ મઝુમદારના ચરણ સ્પર્શ કર્યા બાદ તેમને વળગી પડી તે દૃશ્ય ખરેખર સંવેદનશીલ બની ગયું હતું.

થોડી વાર બાદ હરમન મેદાન પર ઉપસ્થિત ભારતની બે ભૂતપૂર્વ ક્રિકેટર અને લિજેન્ડ મિતાલી રાજ અને ઝુલન ગોસ્વામી પાસે પહોંચી ગઈ હતી અને તેમને વળગી પડી હતી. આ સમયે બંને લિજેન્ડ ગળગળી થઈ ગઈ હતી અને તેમના આંસૂ ખાળી શકી ન હતી.

હરમન અને તેની સફળ સાથી સ્મૃતિ મંધાના દોડીને ઝુલન ગોસ્વામી પાસે પહોંચી ગઈ હતી અને એક બાળકની માફક દીદી યે કપ આપ કે લીયે થા કહીને વળગી પડી હતી. આ પ્રકારના દૃશ્યો રવિવારે રાત્રે ડી વાય પાટિલ સ્ટેડિયમ ખાતે સર્જાયા હતા.

હરમનપ્રિતે જણાવ્યું હતું કે આ શરૂઆત છે. વર્ષો સુધી નહીં જીતી શકવાના બંધનને અમે તોડવા માગતા હતા અને હવે અમારો આગામી પ્લાન આ પ્રકારની સફળતાને આદત બનાવી લેવાનો છે. અમે આ ક્ષણની રાહ જોતા હતા અને હવે તે ક્ષણ આવી ગઈ છે. આવા ઘણા મોટા પ્રસંગો આવવાના છે. અમે તેને આગળ ધપાવવા માગીએ છીએ. આ અંત નથી પણ નવા યુગની શરૂઆત છે.

# ક્રાંતિ ગૌડ અને રેણુકા ઠાકુરને એક એક કરોડનો પુરસ્કાર



ભારતીય વિમેન્સ ક્રિકેટ ટીમે રવિવારે સાઉથ આફ્રિકાને બાવન રનથી હરાવીને આઈસીસી વન-ડે ક્રિકેટ વર્લ્ડ કપ જીત્યો તે સાથે ટીમ પર અભિનંદન અને ધન વર્ષા થઈ રહી છે ત્યારે વિવિધ રાજ્ય સરકારે પણ સોમવારે પોતાના રાજ્યની ખેલાડીઓને પુરસ્કારથી નવાજવાની જાહેરાત કરી હતી.મધ્ય પ્રદેશ સરકારે વિજેતા ટીમની ઝડપી બોલર અને આ વર્લ્ડ કપમાં શાનદાર બોલિંગ કરનારી ક્રાંતિ ગૌડને એક કરોડ રૂપિયાનો પુરસ્કાર આપવાની જાહેરાત કરી હતી.મધ્ય પ્રદેશના મુખ્ય પ્રધાન મોહન યાદવે જણાવ્યું હતું કે રાજ્યની દિકરીને અભિનંદન આપી રહ્યો છું. ભારતની તમામ દિકરીઓને પણ અભિનંદન કેમ કે તેમણે આઈસીસી વર્લ્ડ કપ જીતીને દેશને ગૌરવ અપાવ્યું છે. ભારતની દિકરીઓએ દેશ અત્યારે જે રીતે વિકાસના માર્ગે ચાલી રહ્યો છે તેમાં રમતગમતમાં પણ સફળતા હાંસલ કરીને દેશનું ગૌરવ વધાર્યું છે તેમ તેમણે ઉમેર્યું હતું. મધ્ય પ્રદેશની ક્રાંતિ ગૌડે ટીમની સફળતામાં મહત્વપૂર્ણ યોગદાન આપ્યું હતું અને તે બદલ રાજ્ય સરકાર તેને એક કરોડ રૂપિયાનો પ્રોત્સાહક પુરસ્કાર એનાયત કરશે. ક્રાંતિ ગૌડ મધ્ય પ્રદેશના છત્તરપુરના ઘુવારાની વતની છે.

દરમિયાન હિમાચલ પ્રદેશ સરકારને તેના રાજ્યની અને ભારતીય ચેમ્પિયન ટીમની સદસ્ય રેણુકા સિંઘ ઠાકુરને નવાજવાનો નિર્ણય લીધો છે અને તેને એક કરોડ રૂપિયાનો રોકડ પુરસ્કાર એનાયત કરાશે. રેણુકા હિમાચલ પ્રદેશના શીમલા જિલ્લાના રોહરુની વતની છે.હિમાચલ પ્રદેશના મુખ્ય પ્રધાન સુખવિન્દર સુખુએ જણાવ્યું હતું કે વર્લ્ડ કપ જીતીને દેશની દિકરીઓએ નવો ઈતિહાસ રચ્યો છે. ટીમની તમામ સદસ્યને અભિનંદન. રેણુકાને ખાસ અભિનંદન કેમ કે તેણે સમગ્ર ટુર્નામેન્ટ દરમિયાન હરીફ ટીમની બેટર્સને સતત દબાણ હેઠળ રાખીને ટીમને સફળતા અપાવી હતી. મેં રવિવારે ફાઇનલ નિહાળી હતી અને રેણુકા માટે રાજ્યને ગૌરવ છે.

# ન્યૂઝીલેન્ડની ટીર૦ ટીમમાં જેમિસન, સોઢીનો સમાવેશ

## કિવિ ટીમ પ્રવાસી વેસ્ટ ઇન્ડિઝ સામે બુધવારથી ટીર૦ સિરીઝ રમશે

પ્રવાસી વેસ્ટ ઈન્ડિઝની ટીમ બુધવારથી ન્યૂઝીલેન્ડ સામે ટી૨૦ ક્રિકેટ મેચની સિરીઝ રમનારી છે અને આ માટેની ન્યૂઝીલેન્ડની ટીમની સોમવારે જાહેરાત કરવામાં આવી હતી. આ ટીમમાં ઝડપી બોલર કાયલ જેમિસન અને સ્પિનર ઈશ સોઢીનો સમાવેશ કરવામાં આવ્યો હતો. જેમિસન તાજેતરમાં ઈજાને કારણે ક્રિકેટથી દૂર થઈ ગયો હતો. આ જ રીતે સોઢીએ પણ ટીમમાં પુનરાગમન કર્યું છે.

ન્યૂઝીલેન્ડે જાહેર કરેલી ૧૪ સદસ્યની ટીમમાં નાથાન સ્મિથને પણ સામેલ કરાયો હતો જે હજી સુધી એકેય ટી૨૦ મેચ રમ્યો નથી. ગયા વર્ષે તે શ્રીલંકા સામે રમેલી ન્યૂઝીલેન્ડની ટીમમાં હતો પરંતુ ટી૨૦માં પદાર્પણ કર્યું ન હતું.તાજેતરમાં ઈંગ્લેન્ડ સામેની વન-ડે સિરીઝમાં પણ જેમિસનને તક મળી ન હતી કેમ કે તે ઘાયલ હતો અને ટીમની બહાર થઈ ગયો હતો. ઈશ સોઢી ઓક્ટોબરમાં ઓસ્ટ્રેલિયા સામે રમ્યો હતો અને હવે તેને પાંચ મેચની આ ટી૨૦ સિરીઝમાં ફરીથી સામેલ કરાયો છે.આ સિરીઝ ન્યૂઝીલેન્ડ માટે મહત્વપૂર્ણ છે કેમ કે તેના કોચ રોબ વોલ્ટરે તાજેતરમાં જ જાહેર કર્યું હતું કે તે અત્યારે કિવિ ટીમને ભારત અને શ્રીલંકામાં યોજાનારા ટી૨૦ વર્લ્ડ કપ માટે સજ્જ કરી રહ્યો છે. ન્યૂઝીલેન્ડની ટીમ જાન્યુઆરીમાં ભારતના પ્રવાસે પણ આવનારી છે જ્યાં તે પાંચ મેચની ટી૨૦ સિરીઝ રમશે.દરમિયાન ઈંગ્લેન્ડ સામેની છેલ્લી બે વન-ડે ઈજાને કારણે ગુમાવનાર ઝડપી બોલર મેટ હેનરી આ સિરીઝમાં પણ રમી શકે તેમ નથી. જોકે આ ટી૨૦ સિરીઝ બાદ ન્યૂઝીલેન્ડ અને વેસ્ટ ઈન્ડિઝ વચ્ચે ત્રણ ટેસ્ટ અને ત્રણ વન-ડે મેચની સિરીઝ રમાનારી છે અને તેમાં મેટ હેનરી પરત ફરે તેવી પૂરી શક્યતા છે.

જોકે ભૂતપૂર્વ સુકાની અને અનુભવી બેટર કેન વિલિયમ્સનને આ ટીમમાં ધ્યાનમાં લેવામાં આવ્યો ન હતો કેમ કે રવિવારે જ તેણે ટી૨૦ ઈન્ટરનેશનલમાંથી નિવૃત્તિની જાહેરાત કરી દીધી હતી. વેસ્ટ ઈન્ડિઝ સામે ટી૨૦ મેચની સિરીઝ રમનારી ન્યૂઝીલેન્ડની ટીમ આ મુજબ છે. મિચેલ સેન્ટનર (સુકાની), માઈકલ બ્રેસવેલ, માર્ક ચેપમેન, ડેવોન કોનવે, જેકબ ડફી, ઝેક ફોક્સ, કાયલ જેમિસન, ડેરેલ મિચેલ, જીમ્મી નીશમ, રચિન રવીન્દ્ર, ટિમ રોબિન્સન, ટિમ સેફર્ટ, નાથાન સ્મિથ, ઈશ સોઢી.



# કાશ્મીર ક્રિકેટ લીગ કૌભાંડ : ગેલ, રાયડર સહિત અનેક ખેલાડીઓ શ્રીનગરની હોટલમાં ફસાયા

## લીગના આયોજકો ફરાર : હોટેલ મેનેજમેન્ટે ખેલાડીઓને ભાડું ચૂકવવા રોકી રાખ્યા

કાશ્મીરમાં નવી ક્રિકેટ પ્રતિભા શોધવાના ઉદ્દેશ્યથી શરૂ કરાયેલી ઈન્ડિયન હેવન પ્રીમિયર લીગ એક મોટા કૌભાંડમાં ફેરવાઈ ગઈ છે. લીગના આયોજકો ભાગી ગયા હોવાના અહેવાલ છે, જેના કારણે ક્રિસ ગેલ, જેસી રાયડર, ડેવોન સ્મિથ અને શાકિબ અલ હસન સહિત ઘણા ભૂતપૂર્વ આંતરરાષ્ટ્રીય ખેલાડીઓ શ્રીનગરની એક હોટલમાં ફસાયેલા છે કારણ કે તેમના બાકી લેણાં ચૂકવવામાં આવ્યા નથી.

ઓક્ટોબરના છેલ્લા અઠવાડિયામાં ખૂબ પ્રચાર સાથે શરૂ થયેલી આ લીગનું આયોજન મોહાલી સ્થિત યુવા સોસાયટી દ્વારા કરવામાં આવ્યું હતું. આયોજકોએ દાવો કર્યો હતો કે આ ટુર્નામેન્ટ કાશ્મીરના સ્થાનિક ખેલાડીઓને આંતરરાષ્ટ્રીય સ્ટાર્સ સાથે રમવાની તક આપશે.

શ્રીનગર સુલ્તાન્સ, જમ્મુ લાયન્સ, લદ્દાખ હીરોઝ, પુલવામા ટાઈટન્સ, ઉરી પેન્થર્સ, ગુલમર્ગ રોયલ્સ, પટનીટોપ વોરિયર્સ અને કિશ્તવાર જાયન્ટ્સ, દરેકમાં એક ભૂતપૂર્વ આંતરરાષ્ટ્રીય ખેલાડીનો સમાવેશ થાય છે.

મોટાભાગની મેચો બક્ષી સ્ટેડિયમમાં રમાઈ હતી. આ ટુર્નામેન્ટ ૮ નવેમ્બર સુધી ચાલવાની હતી, પરંતુ ખેલાડીઓને ચૂકવણી ન થવાને કારણે લીગ અચાનક રદ કરવામાં આવી હતી. આયોજકો ગાયબ થઈ ગયા, અને




હોટેલ મેનેજમેન્ટે ખેલાડીઓને તેમના બાકી લેણાં ચૂકવવામાં ન આવે ત્યાં સુધી જવાથી રોક્યા.

આ મામલો ત્યારે પ્રકાશમાં આવ્યો જ્યારે ઈંગ્લેન્ડના અમ્પાયર મેલિસા જ્યુનિપરે ખુલાસો કર્યો કે તેમને હજુ સુધી કોઈ ચુકવણી મળી નથી. તેમણે કહ્યું, 'અમને ચૂકવણી કરવામાં આવી નથી. હોટલ સ્ટાફે અમને કહ્યું કે આયોજકો ભાગી ગયા છે.' પોલીસ હોટલ પર પહોંચી, પરંતુ કોઈ સત્તાવાર કાર્યવાહીની પુષ્ટિ થઈ નથી.

ગેલે ગયા વર્ષે કાશ્મીરમાં યોજાયેલી લિજેન્ડ્સ લીગ ક્રિકેટમાં પણ ભાગ લીધો હતો. એવું માનવામાં આવે છે કે, યુથ સોસાયટીએ તે સફળતાથી પ્રેરિત થઈને IHPLનું આયોજન કર્યું હતું.

યુથ સોસાયટીના ચેરમેન પરમિંદર સિંહે જમ્મુ અને કાશ્મીર સ્પોર્ટ્સ કાઉન્સિલ પાસેથી બક્ષી સ્ટેડિયમ ભાડે લીધું હતું અને અગાઉથી ચુકવણી કરવામાં આવી હતી.સ્પોર્ટ્સ કાઉન્સિલના સેક્રેટરી નુઝહત ગુલે કહ્યું, 'આયોજકોએ સ્ટેડિયમ ભાડે લીધું હતું અને તેના માટે ચૂકવણી કરી હતી. લીગ સાથે અમારો કોઈ સીધો સંબંધ નથી. હું ફક્ત ઉદ્ઘાટન સમારોહમાં મહેમાન તરીકે હાજર હતો.'

# LSGએ બે વખતના વર્લ્ડ ચેમ્પિયનને સોંપી મહત્વપૂર્ણ જવાબદારી, બનાવ્યા ફ્રેન્ચાઈઝીના ગ્લોબલ હેડ

લખનૌ સુપર જાયન્ટ્સ ફ્રેન્ચાઈઝી IPL ૨૦૨૬ પહેલા એક મોટો નિર્ણય લેવા જઈ રહી છે. તેઓ ભૂતપૂર્વ ઓસ્ટ્રેલિયન મહાન અને કોચ ટોમ મૂડીને મુખ્ય ભૂમિકા સોંપી શકે છે.IPL ૨૦૨૬ સીઝન પહેલા લખનૌ સુપર જાયન્ટ્સ ફ્રેન્ચાઈઝ એક મોટું પગલું ભરવા માટે તૈયાર છે. ફ્રેન્ચાઈઝ વર્લ્ડ ક્રિકેટના સૌથી દિગ્ગજ ખેલાડીઓ અને કોચમાંના એક ટોમ મૂડીને તેના ગ્લોબલ ડાયરેક્ટર ઓફ ક્રિકેટ તરીકે નિયુક્ત કરવા માટે તૈયાર છે.ટોમ મૂડી મીડિયા રિપોર્ટ મુજબ તમામ RPSG ગ્રુપ ફ્રેન્ચાઈઝીઓના ક્રિકેટ સંચાલનનું નિરીક્ષણ કરશે, જેમાં IPLમાં LSG, SA20માં ડર્બન સુપર જાયન્ટ્સ અને ધ હન્ડ્રેડમાં તેમની માન્ચેસ્ટર ઓરિજિનલ્સ ટીમનો સમાવેશ થાય છે. પરંતુ લખનૌ ફ્રેન્ચાઈઝીએ આને લઈને કોઈ સત્તાવાર જાહેરાત કરી નથી.ટોમ મૂડીએ છેલ્લા બે દાયકામાં અનેક ટીમોને કોચિંગ આપ્યું છે અને તેમની સફળતામાં મુખ્ય ભૂમિકા ભજવી છે. તેમણે તાજેતરમાં જ આ વર્ષની શરૂઆતમાં ઓવલ ઈન્વિન્સિબલ્સને સતત ત્રીજું હંડ્રેડ ટાઈટલ અપાવ્યું હતું. આ પહેલા તેમણે ૨૦૧૫-૧૬માં સનરાઈઝર્સ હૈદરાબાદને IPL ટાઈટલ અપાવ્યું હતું. તેમણે ૨૦૧૩ થી ૨૦૧૯ સુધી સનરાઈઝર્સ હૈદરાબાદને કોચિંગ આપ્યું હતું. ત્યારબાદ ૨૦૨૧માં ફ્રેન્ચાઈઝ દ્વારા તેમને ક્રિકેટ ડાયરેક્ટર તરીકે નિયુક્ત કરવામાં આવ્યા હતા.



# અમોલ મઝૂમદાર: જેમને ક્યારેય ટીમ ઇન્ડિયામાં સ્થાન ન મળ્યું પણ વર્લ્ડકપ જીતવામાં મહત્વનો ફાળો

હરમનપ્રીત કૌરની આગેવાની હેઠળ ભારતીય મહિલા ક્રિકેટ ટીમ પહેલીવાર વિશ્વ વિજેતા બનીને બે વખત ફાઇનલમાં પહોંચીને અધૂરું રહેલું સપનું પૂર્ણ કર્યું. આ જીતનો શ્રેય કેપ્ટન અને ટીમને તો જાય જ છે, પરંતુ તેની પટકથા કોચ અમોલ મજૂમદારે લખી. કોચ અમોલ મજૂમદાર પોતે ક્યારેય ભારત માટે રમી શક્યા નથી, છતાં ફર્સ્ટ ક્લાસ ક્રિકેટમાં ૧૧ હજારથી વધુ રન બનાવી ચૂક્યા છે. તેમણે મહિલા ટીમને વર્લ્ડ ચેમ્પિયન બનાવી દીધી.

હરમનપ્રીત કૌરની કપ્તાનીમાં ભારતીય મહિલા ટીમે રવિવારે રાત્રે ઈતિહાસ રચ્યો. મહિલા વિશ્વ કપની ફાઇનલમાં દક્ષિણ આફ્રિકાને ૫૨ રને હરાવીને ટીમ પહેલીવાર વિશ્વ વિજેતા બની. જીતનો ઝંડો લહેરાવ્યા બાદ કેપ્ટન હરમનપ્રીત કૌરે કોચ અમોલ મજૂમદારના આશીર્વાદ લીધા. તેમણે એ વ્યક્તિને પ્રણામ કર્યા, જે પડદા પાછળ રહીને ટીમને ઘડી રહ્યા હતા.

અમોલ મજૂમદારે બે દાયકા સુધી ઘરેલુ ક્રિકેટમાં બેટિંગનો જલવો દેખાડ્યો, જેમાં તેમના નામે ફર્સ્ટ ક્લાસ ક્રિકેટમાં ૧૧,૧૬૭ રન નોંધાયેલા છે. તેઓ સચિન તેંડુલકર અને વિનોદ કાંબલી જેવા દિગ્ગજો સાથે રમ્યા હતા.

અમોલ મજૂમદાર ૧૯૯૪માં ભારતની અંડર-૧૯ ટીમના વાઈસ કેપ્ટન અને ઈન્ડિયા 'એ' માટે રાહુલ દ્રવિડ-સૌરવ ગાંગુલી સાથે પણ રમ્યા. મુંબઈ માટે પોતાની રણજી ડેબ્યુ મેચમાં ૨૬૦ રનની શાનદાર ઈનિંગ્સ (જે ફર્સ્ટ ક્લાસ ક્રિકેટની ડેબ્યુ મેચમાં કોઈ ભારતીયનો સર્વોચ્ચ સ્કોર હતો) રમી હોવા છતાં, તેમને ક્યારેય ટીમ ઈન્ડિયાનું પ્રતિનિધિત્વ કરવાની તક મળી નહીં.





તેના માટેનું એક સંભવિત કારણ એ હતું કે, તે સમયે ભારતનો મિડલ ઓર્ડર સચિન, દ્રવિડ, લક્ષ્મણ અને ગાંગુલી જેવા મહાન બેટ્સમેનોથી સજ્જ હતો. મજૂમદારે ૨૦૧૪મા સંન્યાસ લીધો, જેનાથી તેમની ૨૧ વર્ષની ક્રિકેટ કારકિર્દીનો અંત આવ્યો.

બીસીસીઆઈએ અમોલ મજૂમદારને ઑક્ટોબર ૨૦૨૩માં ભારતીય મહિલા ક્રિકેટ ટીમના કોચ તરીકે નિયુક્ત કર્યા. બે વર્ષમાં તેમણે ટીમને ઘડી, તેમનામાં એ વિશ્વાસ પેદા કર્યો કે તેઓ આઈસીસી ખિતાબનો દુષ્કાળ સમાપ્ત કરી શકે છે. ૨૦૦૫ અને ૨૦૧૭માં જે ન થઈ શક્યું, તે ૨૦૨૫માં થઈ શકે છે.

૧૧ નવેમ્બરના રોજ અમોલ મજૂમદાર પોતાનો ૫૧મો જન્મદિવસ ઉજવશે. ભારતીય ટીમ તરફથી તેમના માટે વિશ્વ કપની ટ્રોફી કરતાં બીજી કોઈ વધુ સારી ભેટ હોઈ શકે નહીં.

હરમનપ્રીત કૌરની બ્રિગેડની ઐતિહાસિક સફળતા બાદ તેમણે કહ્યું, 'મારી પાસે શબ્દો નથી. આ ખૂબ જ ગર્વની ક્ષણ છે. ટીમે સખત મહેનત અને વિશ્વાસથી દરેક ભારતીયને ગર્વની તક આપી છે... આ એક વોટરશેડ મોમેન્ટ છે.'



# ધારાસભ્ય બલવંત રાજપુતની ઉપસ્થિતિમાં શૈક્ષણિક અને સામાજિક કાર્યક્રમ યોજાયો

## સમૂહલગ્નમાં ૧૪ દંપતિઓને આશિર્વાદ આપતા ધારાસભ્ય

સુરત, તા.૪

તાલુકાના જગન્નાથપુરા ગામે બાવનગોળ રાજપૂત સમાજ એજ્યુકેશન ટ્રસ્ટ સિધ્ધપુર દ્વારા ૨૨ માં પ્રતિભા સન્માન સમારોહમાં ધારાસભ્ય બલવંતસિંહ રાજપૂતે વિવિધ ક્ષેત્રમાં સફળતા મેળવનાર ૯૨ પ્રતિભાશાળી વિદ્યાર્થીઓ તેમજ સરકારી ક્ષેત્રમાં નવી નોકરી મેળવનાર ૭૦ જેટલા યુવાનને સન્માનિત કર્યા હતા. ધારાસભ્યશ્રીએ જણાવ્યું કે ઈનામ સહ સન્માન મેળવનાર વિદ્યાર્થીઓ અને યુવાનો પોતાના પરિવારનું જ નહીં પરંતુ સમગ્ર સમાજનું ગૌરવ વધારેલ છે ભાવિ પેઢીએ આમાંથી પ્રેરણા મેળવવી જોઈએ આ પ્રસંગે શંકરસિંહ પરમાર, ડૉ. કનકસિંહ ડાભી, શ્રીમતી આશાબા રાજપુત, દલપુજી રાજપુત, નાગજીજી પરમાર, શિવાજી રાજપૂત, શ્રી ગોપાલજી રાજપુત, પનુજી રાજપુત, શંકરજી બાપુ, મહિપતસિંહજી, હાલાજી રાજપુત, હેમુજી રાજપુત, કનુજી રાજપુત, વિદ્યાર્થીઓ તેમજ સમાજના આગેવાનો અને ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

તે ઉપરાંત ધારાસભ્ય બલવંતસિંહ રાજપૂતે સિધ્ધપુર તાલુકાના મેળોજ ગામે શ્રી બાવન ગોળ પ્રજાપતિ સમાજ ના ૧૭ માં સમૂહ લગ્નોત્સવમાં હાજરી આપી, ૧૪ નવ વિવાહિત દંપતીઓને શુભકામનાઓ સહ શુભ લગ્નજીવનના આશીર્વાદ આપ્યા. તેઓએ જણાવ્યું કે આવા મંગળ પ્રસંગો સમાજની સમરસતા અને એકતામાં વધારો કરતાની સાથે જરૂરિયાતમંદ લોકો માટે ખૂબ જ અસરકારક અને ઉપયોગી નીવડે છે.આ શુભ પ્રસંગે કનૈયાનાથ મહારાજ, વસંતભાઈ પ્રજાપતિ, રમેશભાઈ પ્રજાપતિ, હરગોવનભાઈ પ્રજાપતિ, વિનુભાઈ પ્રજાપતિ, મનહરભાઈ , હતીબેન ઠાકોર (સરપંચશ્રી), સંગીતાબેન ઠાકોર, દશરથભાઈ પ્રજાપતિ, જયંતીભાઈ પ્રજાપતિ, બાબુભાઈ દેસાઈ, અશોકજી ઠાકોર, સુરેશજી ઠાકોર, સમાજના આગેવાનો, સંગઠનના હોદ્દેદારો તેમજ મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

# તા.૨૬મીએ ચીખલીનો ફરિયાદ નિવારણ કાર્યક્રમ

નવસારી, તા.૪

ચીખલી તાલુકાનો ફરિયાદ નિવારણ કાર્યક્રમ તા.૨૬મી નવેમ્બર-૨૦૨૫ના રોજ મામલતદાર કચેરી, ચીખલી ખાતે સવારે ૧૧-૦૦ કલાકે યોજાશે. જે માટેની ફરિયાદ અરજીઓ 'તાલુકા ફરિયાદ નિવારણ કાર્યક્રમ નવેમ્બર-૨૦૨૫' દર્શાવી અરજી મામલતદારશ્રી, ચીખલી ખાતે ટપાલ મારફત અથવા રૂબરૂમાં મોકલી આપવી. અરજીમાં કયા ખાતાને લગતી બાબત છે તે અવશ્ય દર્શાવવાનું રહેશે તેમ મામલતદારશ્રી ચીખલી દ્વારા અખબારી યાદીમાં જણાવાયું છે.

## ગોપીપુરાથી પૂજાબેન અને સોમીન ભગવતી પ્રસાદ ગુમ

સુરત, તા.૪

અઠવાલાઈન્સ પોલીસ સ્ટેશનના જણાવ્યા અનુસાર, તા.૨૬/૧૦/૨૦૨૫ ના રોજ ઘર નં-૪૦૫, માધવ એપાર્ટમેન્ટ, ગોપીપુરા ખાતે રહેતા ભગવતી પ્રસાદના ૩૨ વર્ષીય પત્ની પૂજાબેન અને ૧૦ વર્ષીય પુત્ર સોમીન ભગવતી પ્રસાદ ગુમ થયા છે. પૂજાબેન શરીરે મધ્યમ બાંધાના, ઘઉંવર્ણ અને ઊંચાઈ ૫.૨ ફૂટ છે. સોમીન શરીરે મધ્યમ બાંધાના, ઘઉંવર્ણ અને ઊંચાઈ ૪.૨ ફૂટ છે. પૂજાબેને શરીરે ખાખી સૂટ પહેર્યો છે. સોમીન શરીરે સફેદ ટી-શર્ટ અને લીલું જીન્સ પહેર્યા છે. કોઈને ભાળ મળે તો તેમણે નજીકના પોલીસ સ્ટેશન અથવા અઠવાલાઈન્સ પોલીસ સ્ટેશનનો સંપર્ક કરવા વિનંતી છે.

## સચિનથી દુર્ગા યાદવ ગુમ

સુરત, તા.૪

સચિન પોલીસ સ્ટેશનના જણાવ્યા અનુસાર, તા.૨૩/૧૦/૨૦૨૫ ના રોજ ઘર નં-૨૨, ગોકુલનગર, પારડી, સચિન (મૂળ રહે. ગામ-કવાણા, જિ-ખરગૌન, એમ.પી) ખાતે રહેતા કૈલાશ યાદવના ૧૯ વર્ષીય પુત્રી દુર્ગા યાદવ ગુમ થયા છે. તેઓ શરીરે પાતળા બાંધાના, રંગે ઘઉંવર્ણ અને ઊંચાઈ ૫.૨ ફૂટ છે. કોઈને ભાળ મળે તો તેમણે નજીકના પોલીસ સ્ટેશન અથવા સચિન પોલીસ સ્ટેશનનો સંપર્ક કરવા વિનંતી છે.

## જહાંગીરપુરાથી વનિતા રાઠોડ ગુમ

સુરત, તા.૪

જહાંગીરપુરા પોલીસ સ્ટેશનના જણાવ્યા અનુસાર, તા.૦૭/૧૦/૨૦૨૫ ના રોજ કોળીવાડ ટેકરો, હળપતિવાસ, વરીયાવ ગામ, જહાંગીરપુરા ખાતે રહેતા રાજૂભાઈ રાઠોડના ૨૧ વર્ષીય પુત્રી વનિતા રાઠોડ ગુમ થયા છે. તેઓ શરીરે પાતળા બાંધાના, રંગે ઘઉંવર્ણ અને ઊંચાઈ ૪.૬ ફૂટ છે. તેમણે મરૂણ ટી-શર્ટ, લીલો પ્લાઝો અને પગમાં ચપ્પલ પહેર્યા છે. કોઈને ભાળ મળે તો તેમણે નજીકના પોલીસ સ્ટેશન અથવા જહાંગીરપુરા પોલીસ સ્ટેશનનો સંપર્ક કરવા વિનંતી છે.

## સચિનથી સોનુ સિંહ ગુમ થયા

સુરત, તા.૪

સચિન પોલીસ સ્ટેશનના જણાવ્યા અનુસાર, તા.૦૧/૧૦/૨૦૨૫ ના રોજ ઘર નં-એ-૨, અંબિકાનગર સોસાયટી, સચિન (મૂળ રહે. ગામ-ગધી, જિ-ફતેહપુર, ઉ.પી) ખાતે રહેતા ૨૮ વર્ષીય સોનુ મહેશ સિંહ ગુમ થયા છે. તેઓ શરીરે મધ્યમ બાંધાના, રંગે શ્યામવર્ણ અને ઊંચાઈ ૫.૬ ફૂટ છે. કોઈને ભાળ મળે તો તેમણે નજીકના પોલીસ સ્ટેશન અથવા સચિન પોલીસ સ્ટેશનનો સંપર્ક કરવા વિનંતી છે.



# સુરત લાજપોર જેલના બંદીવાનો માટે એક મહિનાની યોગ શિબિર યોજાઈ

### અહિંસાથી એકતા સુધીના એક મહિનામાં જેલ સ્ટાફ અને કેદીઓએ યોગ દ્વારા તંદુરસ્તી કેળવી

સુરત, તા.૪

ગુજરાત સરકારના યોગ બોર્ડના સહકારથી સુરત લાજપોર જેલમાં એક અનોખી પહેલ કરવામાં આવી હતી. બંદીવાનો માનસિક તનાવમાંથી બહાર આવે તેમજ તેઓ નિયમિત યોગ દ્વારા સ્વાસ્થ્ય કેળવાય તેવા હેતુ સાથે દેશભરમાં અહિંસા દિવસ ૨જી ઓક્ટોબરથી શરૂ કરીને તા.૩૧ ઓક્ટોબર દરમિયાન યોગ બોર્ડ દ્વારા લાજપોર જેલમાં એક મહિના દરમિયાન યોગની તાલીમ શિબિર યોજાઈ હતી. ગુજરાત રાજ્ય યોગ બોર્ડના તાલીમ પામેલા સર્ટિફાઇડ યોગ કોચ અને ટ્રેનરો દ્વારા આ શિબિર નિયમિતપણે દરરોજ કેદીઓ અને સ્ટાફને વિવિધ યોગાસનો શીખવ્યા હતા. આ પદ્ધતિથી કેદીઓમાં સકારાત્મકતા વધે અને શાંતિ અનુભવે તેવું વાતાવરણ તૈયાર સર્જાયું હતું. આ શિબિરમાં મોટી સંખ્યામાં બંદીવાનોએ ભાગ લીધો હતો. યોગથી કેદીઓના જીવનમાં મોટો બદલાવ આવી શકે છે આ પ્રવૃત્તિ જેલમાં કેદીઓના સુધારા માટે એક ઉત્તમ પગલું પુરવાર થશે.

# વાહે ગુરૂ એટલે 'અદ્ભુત ભગવાન'! એ શીખ ધર્મમાં ભગવાનનો ઉલ્લેખ કરવા માટે વપરાતો શબ્દ છે!

શીખ ધર્મને અનુસરે તેને શીખ (પંજાબી )કહેવાય છે. શીખ ધર્મનો (પંજાબીમાં શીખી) ઉદભવ ૧૫મી સદીમાં દક્ષિણ એશિયાના પંજાબ પ્રદેશમાં થયો હતો. હાલમાં આ ધર્મ વિશ્વભરમાં અનુયાયીઓ ધરાવતા મહત્વના ધર્મ પૈકીનો એક છે. 'શીખ' શબ્દ સંસ્કૃતનાં શબ્દ પરથી ઉતારી આવ્યો છે, જેમાં તેનો અર્થ 'અનુયાયી, શીખનાર' અથવા આદેશ એવો થાય છે!

શીખ ધર્મ એકમાત્ર સર્વોચ્ચ ઈશ્વરમાં વિશ્વાસ ધરાવે છે. ગુરૂ નાનક દ્વારા શરુ કરાયેલી વિચારધાર શાળામાં જાતિ અને વંશની સમાનતા, વહેંચણી, પરિશ્રમ અને પ્રમાણિકતા, સંતોષ, નિઃસ્વાર્થ સેવા, મધુર વાણી, નામની ઉપાસના, સારી રીતભાત, પરંપરા, પ્રાર્થના, ધ્યાન, મિરી-પિરીનો ખ્યાલ, સંત-સૈનિક/યોદ્ધાનો ખ્યાલ, તમામ કામમાં હમેશા ઈશ્વરને યાદ કરવા, સારી સોબત રાખવી, યોગ્ય જાતીય વર્તણૂક, અપરિણીત સાધુ બનીને સંસારનો ત્યાગ કરવાને બદલે ગૃહસ્થ જીવનના ગુણ દયા-કરુણા, આસ્થા, ન્યાય, નિપૂણતા, સદાચાર, બહાદુરી, હિંમત, ઈશ્વર માટે પ્રેમ, માનવતા, મોક્ષ, મૃત્યુ બાદનું જીવન, કર્મનો સિદ્ધાંત (કરમ) જે ધર્મના સિદ્ધાંત (ધરમ)થી વિપરિત છે, સખાવત, અને માનવતા પ્રત્યે સદભાવનાના પાઠ શીખવવામાં આવે છે. આ ઉપરાંત ઈશ્વરની સર્વવ્યાપકતા, સર્વોપરિતા, સર્વશક્તિમાન અને સર્વવિજ્ઞાન જેવી બાબતોનું જ્ઞાન પણ આપવામાં આવે છે!

શીખ વૈચારિક શાળા પુનર્જન્મ તેમજ અનેક સ્વર્ગ અને નર્કનાં ખ્યાલમાં વિશ્વાસ ધરાવે છે. આ ઉપરાંત શીખ સંપ્રદાય મૂલ્યો, નીતિમત્તા અને સદગુણમાં પણ વિશ્વાસ ધરાવે છે તથા ચમત્કાર સ્વીકારે છે. શીખ લોકો મૃત્યુની પરિ (યમ, યમરાજ, અઝરેલ જે મૃત્યુ બાદ શરીરમાંથી આત્માને નવજીવન માટે કાઢી લેનારા મોતના ફરિશ્તાઓમાં માને છે. શીખ લોકોએ સવારમાં (પરોઢે ૧થી સવારે ૬ વચ્ચે)પાંચ પ્રાર્થના (જપજ, આનંદ સાહિબ, જાપ સાહિબ, તાવ-પ્રસાદ સવૈયે, ચૌપાઈ (શીખધર્મની) અને અરદાસ) કરવાની હોય છે. આ ઉપરાંત સાંજે એક પ્રાર્થના - રેહરાસ અને અરદાસ (સાંજે ૫-૭ની વચ્ચે) તથા એક પ્રાર્થના સુતા પહેલા - કીર્તન સોહીલા અને અરદાસ (રાત્રે ૮-૧૦ની વચ્ચે) કરવાની હોય છે! શીખ ધર્મના પવિત્ર લેખોમાં ઓછું ખાવું, ઓછી ઊંઘ લેવી, ઓછું બોલવું, બને તેટલો ઓછો વપરાશ કરવો (કઠોર નહીં પરંતુ મધ્યમસરનો) અને ભક્તિભાવયુક્ત સંત અને એક યોદ્ધા જેવું જીવન જીવવું વગેરે જેવા ઉપદેશ દ્વારા સંયમનનાં પાઠ શીખવવામાં આવે છે. શીખ ધર્મ માણસને (પાંચ દુર્ગુણ), (કામ, ક્રોધ, લોભ, મોહ અને હંકાર) અભિમાન, ગર્વ, ગુસ્સો, જાતીય લોભ, દુન્યવી આકર્ષણો, લાલચને દૂર કરવાનો અને સુખવાદ તેમજ જડવાદ અને અનહદ ભોગવિલાસનો વિરોધ કરવાનો ઉપદેશ આપે છે. શીખ ધર્મ શિક્ષક અને વિદ્યાર્થીને સમાન દરજ્જો આપે છે. શીખ ધર્મના ખ્યાલ અનુસાર, એક શ્રેષ્ઠ વિદ્યાર્થી પોતાના ગુરૂનો પણ ગુરૂ હોય છે. ફ્રાન્સની ક્રાંતિ બાદ પશ્ચિમી વિશ્વમાં આ ખ્યાલને અપનાવવામાં આવ્યો હતો!

શીખ ધર્મ શીખવે છે કે સમગ્ર માનવજાતિનું એક જ ઈશ્વરે સર્જન કર્યું છે, જેના અનેક નામ અને સ્વરૂપ છે. શીખ ધર્મ અન્ય તમામ ધર્મ (સહિષ્ણુ)ને આદર આપવાની શીખ આપે છે. શીખ ધર્મની શિખામણ અનુસાર, શીખ અનુયાયીઓએ માત્ર પોતાના ધર્મનો જ નહિ, પરંતુ અન્ય લોકોના ધર્મ અને વિશ્વાસનો પણ માનવ અધિકારની દ્રષ્ટિએ આદર કરવો જોઈએ. શીખ ધર્મની પ્રર્થનાના અંતમાં સમગ્ર માનવજાતિને મદદ કરવાની પ્રાર્થનાનો સમાવેશ થાય છે. શીખ ધર્મ માનવ આત્મા (આત્મ (આધ્યાત્મિકતા) અથવા અંતરાત્મા અથવા આત્મા અથવા અપાર્થિવ શરીર)માં માને છે. શીખ અનુયાયીઓ એવી માન્યતા ધરાવે છે કે તેઓ ઈશ્વર સાથે એકાકાર અને એકાત્મ થઇ શકે છે કારણકે ચૈતન્ય ઈશ્વર (સર્વોચ્ચ ચૈતન્ય)માં ભળે છે!

શીખ ધર્મના ઉપદેશમાં બ્રહ્માંડ અને સૃષ્ટિના સંબંધની વાત કહેવામાં આવી છે. આશરે ૫૦૦ વર્ષ પૂર્વે, શીખ ગુરૂ નાનક અન્ય ગ્રહો તથા પૃથ્વી અને ચંદ્ર વચ્ચેનું સચોટ અંતર જેવા બ્રહ્માંડના સિદ્ધાંતો, પર્વતમાં જીવ હોવો વગેરે જેવા રહસ્યો પ્રગટ કર્યા હતા. શીખ ધર્મમાં કેટલાક એવા ખ્યાલ પ્રવર્તે છે કે જે આધુનિક વિજ્ઞાનમાં પૂરવાર થયા નથી. દાખલા તરીકે ૮૪ લાખ ભવ અને પરગ્રહવાસીઓનું અસ્તિત્વ વગેરે. શીખ તેમના ઉગેલા વાળ કેશ કપાવતા નથી( તેને પાઘડી દ્વારા ઢાંકવામાં આવે છે. તમામ માનવીની વાળની જડ ચેતા સાથે જોડાયેલી હોય છે, જેનું કાર્ય સંપૂર્ણપણે સમજી શકાયુ નથી તેવા અંગને દૂર ન કરવું. માટે તેને આધ્યાત્મિક અંગ માનવામાં આવે છે, ઈશ્વરનું સન્માન કરવા, ગુરૂના આદેશ, સન્માન, શૌર્ય, સાધુપણુ અને રેડિયન્સ ઓરાના પ્રતીક, ત્રીજી આંખ, દસમદ્વાર, સ્વર્ગ આંખ, દસમ દ્વાર, દસમો દ્વાર, બ્રહ્મદ્વાર, સાતમું ચક્ર (ચક્ર, યોગ), વિચાર ગ્રંથી, પિચ્યુટરી ગ્રંથી, મુગટ ચક્ર, આંતરિક આંખ, મગજની આંખના પ્રતીક). પશ્ચિમી દેશોમાં કુંડલિની યોગ શીખવતા શ્રીએચઓમાં આ આચરણ વધુ મજબૂત થયું હતું!

ભારતમાં સામ્રાજ્યોના ઈતિહાસના કપરાં સમયગાળા દરમિયાન શીખ ચળવળનો પ્રારંભ થયો હતો. આ પૈકીનું એક સામ્રાજ્ય મોગલ સામ્રાજ્ય હતું જેણે બહુમતી હિંદુ સમાજ ઉપર ઈસ્લામિક દ્રષ્ટિકોણ સાથેના કાયદા તથા વ્યવસ્થા લાગુ કર્યા હતા. આ સમયે હિંદુ સમાજમાંથી બૌદ્ધ ધર્મ નામશેષ થઈ ચૂક્યો હતો. શીખ સંપ્રદાયે ભક્તિ ચળવળ, આધ્યાત્મવાદ અને સૂફીવાદ સાથે મોગલ સામ્રાજ્યની સમાંતર ચાલ્યો હતો. શીખ ધર્મમાં નશો ચડાવનારા માદક દ્રવ્યો, કેફી પદાર્થ, દારૂ, સિગારેટ, નશીલા દ્રવ્યો અને શરીરને નુકશાન કરે તેવા અન્ય કોઈ પણ બાહ્ય પદાર્થોનું સેવન કરવા સામે સખત મનાઈ ફરમાવવામાં આવેલી છે!

શીખ ધર્મમાં એવી શીખામણ આપવામાં આવેલી છે કે માનવ જીવન અત્યંત અમૂલ્ય છે. માનવ જીવનને કિંમતી હિરા સાથે સરખાવવામાં આવ્યું છે. માનવ જીવન સંસારની ૮૪ લાખ જીવ યોનિમાંથી પસાર થયા બાદ કેટલીય પવિત્ર કાર્યો અને પુણ્યો દ્વારા પ્રાપ્ત થાય છે. આથી જ, શીખ ઉપદેશોમાં જણાવવામાં આવ્યા પ્રમાણે માનવ જીવન પ્રાપ્ત કરવાનો મતલબ ઈશ્વરને મળવા બરાબર છે. સંસારમાં એકમાત્ર સત્ય ઈશ્વર છે અને બાકીનું બધું છેતરામણું છે તે વાસ્તવિકતાને નજર સમક્ષ રાખીને શીખ લોકો માયા અને વાસ્તવિકતાના ખોટાં ખ્યાલથી દૂર રહે છે.

**સુનીલ રાજેન્દ્ર બર્મન(સંત સુરા)**
**ગોપીપુરા, હનુમાન ચાર રસ્તા, સુરત**
**મો ૯૪૨૭૮ ૩૧૨૧૩**

# નવસારીમાં કમોસમી વરસાદના કારણે પાક નુકસાની સર્વેની કામગીરી વેગવંતી

### ૩૮૪ ગામોમાં પંચરોજકામ સહિતની સર્વે કામગીરી પૂર્ણ

નસારી, તા.૪

ઓક્ટોબર માસના છેલ્લા અઠવાડિયામાં થયેલ કમોસમી વરસાદના કારણે પાક નુકસાની અંગે રાજ્યના મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ અને કૃષિ મંત્રીશ્રી જીતુભાઈ વાઘાણીના માર્ગદર્શનમાં અસરગ્રસ્ત ગામોમાં વિલેજ યુનિટ ગણીને પાક નુકસાની સર્વે અંગે કામગીરી શરૂ કરવામાં આવી છે. નવસારી જિલ્લાના તમામ તાલુકાના સમાવિષ્ટ ૩૮૪ ગામોમાં સતત વરસાદના કારણે તમામ પાકોમાં નુકસાની અંગેની રજૂઆત મળી હતી. નવસારી જિલ્લાની પાક પદ્ધતિ જોઈએ તો જિલ્લાના ચોમાસુ સિઝનના કુલ વાવેતરમાં મુખ્યત્વે ડાંગર ધરાવે છે જને મોટું નુકસાન જોવા મળ્યું હતું. પાક નુકસાનીના આકલન અને પંચ રોજકામ સર્વે કામગીરી માટે જિલ્લાના તમામ ગામોમાં જિલ્લા વહીવટી તંત્ર દ્વારા ગ્રામસેવક ખેતી, તલાટી કમ મંત્રી અને અન્ય સ્થાનિક કર્મચારીઓ સાથેની ટીમની રચના કરી યુદ્ધના ધોરણે કામગીરી શરૂ કરવામાં આવી છે. જિલ્લામાં સર્વે માટે ૧૩૮ ટીમો દ્વારા તમામ ગામની મુલાકાત લઈ ગામના સરપંચશ્રી અને ગામના ખેડૂત આગેવાનો સાથે નુકસાનગ્રસ્ત વિસ્તારની મુલાકાત કરી ૩૮૪ ગામોનું સર્વે કાર્ય પૂર્ણ કરી પંચરોજકામ કામગીરી કરવામાં આવી છે. બાકી રહેતા ગામોમાં કામગીરી શરૂ છે અને આવતીકાલે વહેલી સવારથી આ કામગીરી શરૂ કરી પૂર્ણ કરાવવાનું આયોજન છે.

ખેતીવાડી કચેરી દ્વારા વધુમાં જણાવાયું છે કે ખેડૂતોને યોગ્ય વળતર મળવા માટેની પ્રક્રિયા ઝડપી ગતિએ આગળ ધપાવવામાં આવી રહી છે અને કોઈપણ ખેડૂત વળતરથી વંચિત ન રહે તે માટે સતત મોનીટરીંગ ચાલુ છે.

### લડાઈ માટે

પહેલા પાનાનું ચાલુ

સુરક્ષામાં નોંધપાત્ર યોગદાન આપી રહી છે. હાજર તમામ અધિકારીઓ અને સૈનિકો સાથેની તેમની વાતચીત દરમિયાન, જનરલ દ્વિવેદીએ રાષ્ટ્રની સેવા કરવા માટે તેમની વ્યાવસાયિક યોગ્યતા, પ્રામાણિકતા અને અતૂટ સમર્પણની પ્રશંસા કરી. ભારતીય સેનાની તાકાત તેના કર્મચારીઓની પ્રતિબદ્ધતા, હિંમત અને શિસ્તમાં રહેલી છે, અને આ ભાવના સેનાને દરેક પડકારનો સામનો કરવા સક્ષમ બનાવે છે.

સેના પ્રમુખની મુલાકાત માત્ર કોર્પ્સની તૈયારીનું મૂલ્યાંકન જ નહીં, પરંતુ ભારતીય સેનાની ચાલી રહેલી આધુનિકીકરણ પ્રક્રિયામાં એક મહત્વપૂર્ણ પગલું અને સૈનિકોના મનોબળમાં વધારો પણ હતો. ઉલ્લેખનીય છે કે તાજેતરમાં, ભારતીય સેના પ્રમુખ જનરલ ઉપેન્દ્ર દ્વિવેદીએ બિકાનેર લશ્કરી સ્ટેશન અને સરહદી વિસ્તારોની મુલાકાત લીધી હતી. સેના પ્રમુખે ત્યાં ભારતીય સેનાની ઓપરેશનલ તૈયારીઓની સમીક્ષા કરી હતી. તેમણે સૈનિકો અને વરિષ્ઠ અધિકારીઓ સાથે મુલાકાત કરી હતી અને વાતચીત કરી હતી.

### અમેરિકામાં

પહેલા પાનાનું ચાલુ

કરવાનો આદેશ આપ્યા બાદ આ નિર્ણય લેવામાં આવ્યો છે.તે જ દિવસે, મેસેચ્યુસેટ્સની બીજી કોર્ટે પણ ચુકાદો આપ્યો કે શટડાઉનને કારણે ૧ નવેમ્બરથી SNAP સહાય બંધ કરવાની સરકારની યોજના કદાચ "ગેરકાયદેસર" હતી, જોકે ન્યાયાધીશે વહીવટીતંત્રને ભંડોળ મુક્ત કરવાનો આદેશ આપ્યો ન હતો.ટ્રમ્પ વહીવટીતંત્રે અગાઉ જણાવ્યું હતું કે SNAP માટે ઉપલબ્ધ $૫ થી $૬ બિલિયનના કટોકટી ભંડોળનો ઉપયોગ કાયદેસર રીતે શક્ય નથી, જ્યારે નવેમ્બરના લાભો માટે કુલ ઈ૮ બિલિયનથી વધુની જરૂર છે.SNAP અમેરિકાનો સૌથી મોટો ખાદ્ય સહાય કાર્યક્રમ છે, જે આશરે ૪૨ મિલિયન લોકોને ખોરાક ખરીદવામાં મદદ કરે છે. આમાંના મોટાભાગના લાભાર્થીઓ ગરીબી રેખા પર અથવા નીચે જીવે છે.

### વારાણસીમાં

પહેલા પાનાનું ચાલુ

ઈમરજન્સી સિગ્નલ જારી કરવામાં આવ્યા. ત્યારબાદ પાઈલટે એટીસીનો સંપર્ક કર્યો અને વિમાનને પાછું એપ્રોન પર લાવ્યું. સુરક્ષા અધિકારીઓ અને સીઆઈએસએફના કર્મચારીઓ કંઈક અઘટિત થવાની આશંકા સાથે ત્યાં પહોંચ્યા. બધા મુસાફરોને બહાર કાઢવામાં આવ્યા.

અધિકારીઓએ જણાવ્યું હતું કે સુરક્ષા એજન્સીઓએ વિમાનનો ઈમરજન્સી ગેટ ખોલવાનો પ્રયાસ કરી રહેલા એક યુવાનની અટકાયત કરી હતી. તેણે પોતાનું નામ સુજીત સિંહ તરીકે આપ્યું હતું, જે મુંબઈ જઈ રહ્યો હતો. તેને પૂછપરછ કરવામાં આવી હતી કે તેણે ઈમરજન્સી ગેટ કેમ ખોલવાનો પ્રયાસ કર્યો. બાદમાં તેને પોલીસને સોંપવામાં આવ્યો.

એરપોર્ટ સત્તાવાળાઓ અને પોલીસ હવે સુજીત સિંહની પૃષ્ઠભૂમિ, મુસાફરીના હેતુ અને સંભવિત હેતુ અંગે સંપૂર્ણ તપાસ કરી રહ્યા છે. જો દોષિત ઠેરવવામાં આવે તો, આ ભારતીય દંડ સંહિતા અને ઉડ્ડયન કાયદા હેઠળ ગંભીર ગુનો ગણાશે.

### ભારતમાં

પહેલા પાનાનું ચાલુ

કે જમ્મુ અને કાશ્મીરમાં અબ્દુલ્લા અને મુફ્તી પરિવારો પણ પેઢીઓથી સત્તા પર રહ્યા છે.થરૂરે લેખમાં ઓડિશામાં નવીન પટનાયક, મહારાષ્ટ્રમાં ઉદ્ધવ અને આદિત્ય ઠાકરે, ઉત્તર પ્રદેશમાં મુલાયમ સિંહ અને અખિલેશ યાદવ, બિહારમાં રામવિલાસ અને ચિરાગ પાસવાન, પંજાબમાં પ્રકાશ સિંહ અને સુખબીર બાદલ, તેલંગાણામાં કેસીઆરના પુત્ર અને પુત્રી તેમજ તમિલનાડુમાં કરુણાનિધિ અને તેમના પુત્ર એમકે સ્ટાલિનના પરિવારનો ઉલ્લેખ કર્યો છે.ભાજપે તેને રાહુલ ગાંધી અને કોંગ્રેસ નેતૃત્વ પ્રત્યે "અસંતોષની નિશાની" ગણાવી. ભાજપ આઈટી સેલના વડા અમિત માલવિયાએ કહ્યું કે થરૂરની ટિપ્પણીઓ કોંગ્રેસના ભવિષ્ય વિશે તેમની "નિરાશા" દર્શાવે છે. ભાજપના પ્રવક્તા શહઝાદ પૂનાવાલાએ થરૂરના લેખને "ખૂબ જ સમજદાર" ગણાવ્યો.તેમણે કહ્યું, "થરૂર સાચું જ લખે છે કે ગાંધી પરિવારે ભારતીય રાજકારણને પારિવારિક વ્યવસાયમાં ફેરવી દીધું છે. થરૂર હવે ખેલાડી બની ગયા છે, અને પોતાના જ પક્ષના નેપો કિડ રાહુલ ગાંધી પર સીધા પ્રહારો કરે છે."

કોંગ્રેસના નેતા ઉદિત રાજે કહ્યું કે પરિવારવાદ ફક્ત રાજકારણ પૂરતો મર્યાદિત નથી. તેમણે કહ્યું, "ડોક્ટરો, ઉદ્યોગપતિઓ અને અભિનેતાઓ પણ તેમના પરિવારના માર્ગે ચાલે છે." તેમણે ઉમેર્યું કે ખરેખર સમસ્યા એ છે કે તકો થોડા પરિવારો સુધી મર્યાદિત છે, જે અન્ય લોકો માટે આગળ વધવાની તકોને ઘટાડે છે.

આ દરમિયાન, કોંગ્રેસના નેતા રશીદ અલ્વીએ પણ કહ્યું કે પરિવારવાદ ફક્ત રાજકારણમાં જ નહીં, પરંતુ દરેક ક્ષેત્રમાં પ્રચલિત છે. તેમણે કહ્યું, "લોકશાહીમાં, જનતા નિર્ણય લે છે. કોઈને પણ ફક્ત એટલા માટે ચૂંટણી લડવાથી રોકી શકાય નહીં કે તેમના પિતા સંસદ સભ્ય હતા."

### ગુરુવારે

પહેલા પાનાનું ચાલુ

પરંતુ પરિણામ બાદ જો એનડીએ જીતે તો રાજયના મુખ્યમંત્રી તરીકે ફરી એક વખત શપથ લેશે કે કેમ તેના પર વિપક્ષ પ્રશ્ન ઉઠાવીને જનતાદળ (યુ)માં દ્વીધા સર્જવામાં સફળ રહ્યા છે તો બીજી તરફ મહાગઠબંધનમાં રાજદ વડા તેજસ્વી યાદવે ખુદને મુખ્યમંત્રી પદના દાવેદાર જાહેર કર્યા છે તે મુદ્દે કોંગ્રેસનું હજુ ખુલ્લુ સમર્થન મળ્યું નથી.

આ મોરચામાં પણ મતભેદ છે તો વીઆઈપી પાર્ટીના વડા મુકેશ સાહનીએ ખુદને નાયબ મુખ્યમંત્રી જાહેર કરવા તેજસ્વી યાદવને ફરજ પાડી છે. તેજસ્વીએ પણ બેલેન્સ કરવા એક નહી ત્રણ નાયબ મુખ્યમંત્રી હશે તેમ કહીને મુસ્લીમ તથા અનુસૂચીત જાતિને પણ પ્રતિનિધિત્વ મળશે તે નિશ્ચિત કરવા પ્રયત્ન કર્યા છે જે સામે એનડીએમાં હાલના નાયબ મુખ્યમંત્રી સમ્રાટ ચૌધરી સહિતના ભાવી મુદ્દે પણ પ્રશ્ન છે.

### બારાબંકીમાં

પહેલા પાનાનું ચાલુ

મળ્યું છે કે મૃતકો ફતેહપુર શહેરના રહેવાસી હતા અને તેમણે કાર બુક કરાવી હતી. બીજી બાજુથી વધુ ઝડપે આવતા વાહનને કારણે સામસામે ટક્કર થઈ.

મુખ્ય તબીબી અધિકારી ડૉ. અવધેશ કુમાર યાદવે જણાવ્યું હતું કે ઘાયલોને શરૂઆતમાં સીએચસીમાંથી જિલ્લા હોસ્પિટલમાં લાવવામાં આવ્યા હતા, પરંતુ તેમની ગંભીર સ્થિતિને કારણે, તે બધાને લખનૌ ટ્રોમા સેન્ટરમાં મોકલવામાં આવ્યા હતા.

સ્થાનિક રહેવાસીઓએ માંગ કરી છે કે ભવિષ્યમાં આવી ઘટનાઓ અટકાવવા માટે વહીવટીતંત્ર દેવા-ફતેહપુર રોડ પર કડક ગતિ નિયંત્રણ પગલાં અમલમાં મૂકે.

### બોગસ

પહેલા પાનાનું ચાલુ

હવે તેમની જવાબદારી નક્કી કરાશે.આ ઉપરાંત બોગસ દાવા કરનારા ગ્રાહકો પણ મપાઈ જશે. તેમજ છેતરપીંડી કરનારા ઠગોનો પણ ડેટાબેઝ તૈયાર કરાશે. પકડાયેલી ઠગાઈનો રેકોર્ડ રખાશે. એટલે કોઈ એક વ્યક્તિ કે એજન્ટે ઠગાઈ એક કંપનીમાં કરી છે તો બીજી કંપનીને તેની જાણકારી મળી જશે.

### જયપુર નગર

પેજ-૨ પાનાનું ચાલુ

નિર્ણાયક કાર્યક્ષમતાઓ રજૂ કરવામાં આવી.આ પ્રેઝન્ટેશન દ્વારા સુરત શહેરમાં ડેટા આધારિત નિર્ણય પ્રક્રિયા અને સ્માર્ટ ગવર્નન્સ તરફના નવીન પ્રયાસોની ઝલક આપવામાં આવી હતી.

રીડેવલપમેન્ટ ઓફ પબ્લિક હાઉસિંગ સ્કીમ ૨૦૧૬ અંતર્ગત પબ્લિક પ્રાઈવેટ પાર્ટનરશીપ(PPP) ધોરણે અલથાણ-ભટાર ટેનામેન્ટ, કુંભાલ ટેનામેન્ટ,ગોટલાવાડી ટેનામેન્ટ, માનદરવાજા ટેનામેન્ટો ના રીડેવલપમેન્ટ પહેલાના અને પછીના વિડીયો રજૂ કરી તેના વિષે ચર્ચા કરવામાં આવી તથા વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટ, સોલર પાવર, વિન્ડ પાવર, ચાર્જિંગ ઈન્ફ્રાસ્ટ્રકચર ફોર ઈલેક્ટ્રિક બસ, ઈન્ટેક વેલ, સેન્ટ્રલાઈઝડ ડ્રાય એન્ડ વેસ્ટ પ્રોસેસિંગ પ્લાન્ટ, આ ૬ પ્લાન્ટ માટે સુરત મહાનગરપાલિકા ધ્વારા ૨૦૦ કરોડના મ્યુનિસિપલ ગ્રીન બોન્ડ બહાર પાડવામાં આવેલ છે. જે બાબતની આનુસાંગિક વિસ્તૃત માહિતી આપવામાં આવી. આ પ્રેઝન્ટેશન મારફત મળેલ માહિતીથી રાજસ્થાનના પ્રતિનિધિ પ્રભાવિત થયા હતા.

આવતી કાલે સુરત મહાનગરપાલિકના વિવિધ વિભાગો ધ્વારા સ્વચ્છ ભારત મિશન અંતર્ગત કરવામાં આવતી કામગીરી તથા ટાઉન પ્લાનિંગ વિભાગ ધ્વારા VALUE CAPTURE FINANCING INCREMENTAL CONTRIBUTION અને ટાઉન ડેવેલપમેન્ટ વિભાગ ધ્વારા BUILDING USE PERMISSION વિશેનું પ્રેઝન્ટેશન કરવામાં આવનાર છે.

### વેજલપુર

પેજ-૨ પાનાનું ચાલુ

વર્ષથી લાંબા સમય થી ભારતીય જનતા પાર્ટીમાં સક્રિય કાર્યકર્તા રહેલા એવા પ્રાંજલ દેસાઈ કે જેઓ વેજલપુર, સરખેજ, જોધપુર માં બી.જે.પી વોર્ડ ખાતે વિવધ હોદ્દાઓ પર પણ કાર્યરત રહી ચુક્યા છે. તેઓ પણ આજે AAP માં જોડાઈ ગયા નું જાણવા મળેલ છે.આમ આદમી પાર્ટીની વધી રાહીલ સક્રિયતા બી.જે.પી ના સ્થાનિક આગેવાનો માટે ચિંતાનો વિષય બન્યા નું ચર્ચાઈ રહ્યું છે.

### ચેમ્બર પ્રમુખ

પેજ-૨ પાનાનું ચાલુ

છે. તેમની આ નિમણૂંકોના પરિણામે દક્ષિણ ગુજરાતના ઉદ્યોગોને અનેક લાભ થશે, જેમ કે ઉદ્યોગોના હિતો માટે રાષ્ટ્રીય તેમજ આંતરરાષ્ટ્રીય સ્તરે રજૂઆતો કરી શકાશે, જે દક્ષિણ ગુજરાતની જરૂરિયાતોને કેન્દ્ર સરકાર સુધી પહોંચાડશે. વ્યાપાર અને ઉદ્યોગ માટેની નીતિનિર્માણ પ્રક્રિયામાં પ્રભાવશાળી ભાગીદારી શકય બનશે, જે પ્રદેશના ઔદ્યોગિક વિકાસને વેગ આપશે. રાષ્ટ્રીય તથા આંતરરાષ્ટ્રીય સ્તરે સહકાર, ભાગીદારી અને નેટર્વકિંગના નવા માર્ગો ખુલશે, જે નવી તક અને નવીનતા માટેના દરવાજા ખોલશે. આ ઉપરાંત, વિશેષ જ્ઞાન, માર્ગદર્શન તથા સંસાધનોનો લાભ દક્ષિણ ગુજરાતના ઉદ્યોગોને વધુ સરળતાથી પ્રાપ્ત થશે.

શ્રી નિખિલ મદ્રાસીની ઉદ્યોગ જગત પ્રત્યેની નિઃસ્વાર્થ સેવા, પ્રતિબદ્ધતા અને નેતૃત્વને પગલે તેમને આ પ્રતિષ્ઠિત નિયુક્તિઓ મળી છે. ચેમ્બર પરિવાર તથા સમગ્ર દક્ષિણ ગુજરાતના ઉદ્યોગ વર્ગ તરફથી શ્રી નિખિલ મદ્રાસીને હાર્દિક અભિનંદન પાઠવવામાં આવે છે અને તેમની આગેવાનીમાં દક્ષિણ ગુજરાતના ઉદ્યોગ જગતને નવી ઊંચાઈએ પહોંચાડવા માટે શુભકામનાઓ વ્યકત કરવામાં આવે.

Pratap Darpan, Daily, Editor : Pravinbhai Ratnabhai Gohil. OWNER:-IMAGE PUBLICATION Printer and Publisher Rajesh Balubhai Patel "Printed at IMAGE PRINTERS, 20, 21 Bhidbhanjan Society, Bamroli Rord, Udhna, Surat-394210 . Published From: Pratap Darpan Karayalay, S-6, K.S.B Olympia, Near Kailash Chowkdi , Pandesara, Surat - 394221 , Gujarat-India : Founder Late Mrs. Kantaben Babubhai Rayka

સાંધ્ય દૈનિક
પ્રતાપ દર્પણ
મંગળવાર, તા.૦૪ નવેમ્બર ૨૦૨૫ E-mail : pratap_darpan@yahoo.co.in મો.નં.: ૯૮૨૫૫ ૩૨૫૦૫

# સુરત શહેર-જિલ્લામાં SIRનો પ્રારંભ કરાવતાં કલેક્ટર ડો. સૌરભ પારધી

## આજથી BLO ઘરે ઘરે જઈને મતદાતાઓની ખરાઈ કરશે : SIR માટે ટીમો દોડતી થઈ

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત,તા.૦૪**

ગુજરાતભરમાં આજથી એસઆઈઆરની કામગીરીનો પ્રારંભ થઈ રહ્યો છે. ત્યારે સુરત શહેર અને જિલ્લામાં એસઆઈઆરનો પ્રારંભ સુરત જિલ્લા કલેક્ટર ડો. સૌરભ પારધીએ કરાવ્યો હતો. આ અંગે બપોરે યોજાયેલી પત્રકાર પરિષદમાં સુરત જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેક્ટર ડો. સૌરભ પારધીએ માહિતી આપી હતી. સુરતતમાં ભારતીય ચૂંટણી પંચ દ્વારા મતદાર યાદીનો ખાસ સઘન સુધારણા (એસઆઈઆર)માં ઘરે ઘરે જઈને બીએલઓ મતદાતાઓની ખરાઈ કરશે.

ઈલેક્શન કમિશન ઓફ ઈન્ડિયા- ECT મંગળવારેથી ગુજરાતમાં ખાસ સઘન સુધારણા- SIRનો આરંભ થઈ રહ્યો છે. ચોથી ડિસેમ્બર સુધી ચાલનારી પ્રક્રિયામાં બુથ લેવલ ઓફિસર-BLO ઘરે ઘરે જઈને નોંધાયેલા મતદારની હયાતી, દર્શાવેલા સરનામે જ રહે છે કે કેમ તેની ચકાસણી કરીશે. જેમાં બબ્બે ઠેકાણે નોંધાયેલા મતદારોના નામો આપોઆપ રદ થશે. ગુજરાતમાં ૫.૦૮ કરોડ મતદારો છે. એ તમામની ખરાઈ કરતા SIRમાં BLO ડોર ટુ ડોર જઈ મતદારનુ ફોર્મ ભરાવશે અને પુરાવા એકત્રિત કરશે. જો યાદીમાં દર્શાવેલા સરનામે મતદાર રહેતા ન હોય જીંઈ આધારિત મતદાર યાદીમાંથી તેનુ નામ આપોઆપ રદ થશે. ECIએ વય જુથ અનુસાર નિર્દિષ્ટ કરેલા પુરાવાઓને આધારે મતદાર ઓળખની પ્રક્રિયા નિશ્ચિત કરી છે.

જે મતદારો અસ્થાયીરૂપે શહેરોમાં કે અન્યત્રે બહાર ગામ રહેતા હોય તેના નામ યાદીમાં યથાવત રહી શકે તેના માટે ગામમાં ખાસ બોલાવીને એમ્યુમરેશન ફોર્મ ભરાવા માટે પણ સુચનાઓ આપવામાં આવી છે



ઉકાઈ ડેમમાંથી છોડાતા પાણીની માત્રા નહીંવત કરી દેવાતા ચોમાસામાં ભરચક વહેતી તાપી નદીએ પણ પોતાની લીલા સંકેલી લીધી છે. તાપી નદીના જળસ્તરમાં સતત ઘટાડો થતો હોવાનું આ તસ્વીર પરથી જણાઈ આવે છે. (તસવીર : હનીફ મલેક)

# લેણા કેસમાં કર્ણાટકના વેપારીને રૂા.૧.૬૨ લાખ ચૂકવવા આદેશ

**નેવીલ ઈન્ડસ્ટ્રીઝે સુરત સ્મોલ કોર્ટમાં દાવો કર્યો હતો**

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત,તા.૦૪**

ઉધના બીઆરસી કમ્પાઉન્ડ લક્ષ્મીનારાયણ ઈન્ડસ્ટ્રીયલ સોસાયટીની નેવીલ ઈન્ડસ્ટ્રીઝમાંથી કર્ણાટકાના અભિષેક ટ્રેડર્સના પોપરાઈટર્સ નાગરાજ રુદ્રપ્પા હુગારએ કાપડનો માલ ખરીદ્યો હતો. ત્યારબાદ, પ્રતિવાદી નાગરાજએ પાર્ટ પેમેન્ટ તરીકે રૂ. ૨૧,૦૬૦ની રકમ ચૂકવી હતી. બાદમાં ૧.૫૬ લાખના ચેક આપ્યા હતા. જે ચેક ભંડોળની અછતને કારણે પરત થયા હતા. દરમિયાન નાગરાજ પાસેથી ૧.૪૭ લાખ લેવાના નીકળતા હતા. જેથી નેવિલ ઈન્ડસ્ટ્રીઝના વિજય જરીવાલાએ વ્યાજ સહિત ૧.૬૨ લાખ મેળવવા નાગરાજ સામે સુરત સ્મોલ કોસ કોર્ટમાં દાવો કર્યો હતો. જોકે પ્રતિવાદી નાગરાજએ વાદી વિજય જરીવાલાની માંગણી પર કોઈ ધ્યાન આપ્યું ન હતું, અને વાદીને કોઈ રકમ પણ ચૂકવી ન હતી. દાવાની રકમ માટે, પ્રતિવાદીને કાનૂની નોટિસ આપવામાં આવી હતી, જોકે, પ્રતિવાદી રકમ ચૂકવવામાં નિષ્ફળ ગયો હતો. તેથી, કોર્ટે દાવો મંજૂર કરી નાગરાજને દાવાની રકમ ચૂકવી આપવા આદેશ કર્યો હતો

# સુરત વન વિભાગના આરએફઓ સોનલ સોલંકીની જાસુસી : પતિ સામે આશંકા

## સોનલ સોલંકીની કાર પાછળ જીપીએસ મળી આવતા પોલીસ ફરિયાદ

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત,તા.૦૪**

સુરત વન વિભાગમાં રેન્જ ફોરેસ્ટ ઓફિસર તરીકે ફરજ બજાવતા વિવાદાસ્પદ સોનલ સોલંકીની કારમાં લગાવેલું જીપીએસ મળી આવતા આ આરએફઓ સોનલ સોલંકીએ કામરેજ પોલીસ સ્ટેશને ફરિયાદ નોંધાવી હતી. અંગે નોંધનીય છે કે, ફરિયાદી સોનલ સોલંકી અને તેણીના પતિ વચ્ચે લાંબા સમયથી પારિવાકિ કંકાસ ચાલી રહ્યો છે. અને પોલીસ કેસ પણ થયાં છે. જેથી હાલ તુરંત આ અંગે કામરેજ પોલીસે ફરિયાદ નોંધી સબ ઈન્સ્પેક્ટર નકુમે તપાસ શરૂ કરી છે.

કામરેજ પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ સુરત વન વિભાગમાં ફરજ બજાવતાં આરએફઓ સોનલબેન અરવિંદભાઈ સોલંકીએ કામરેજ પોલીસ સ્ટેશને ફરિયાદ નોંધાવી હતી કે ફરિયાદીની કાર નં. જીજે ૦૫ સીક્યુ ૭૪૦૧ની પાછળના ભાગે જીપીએસ ચાલુ મળી આવ્યું હતું. અમોના પરિવાર તરફથી આ જીપીએસ લગાડવામાં આવ્યું ન હતું. જેથી કોઈ અજાણ્યો વ્યકિત અમારો પીછો કરતો હોય કે જાસુસી કે અમારુ લોકેશન મેળવવા જીપીએસ લગાવ્યું હોવાનું જણાય આવે છે. વધુમાં ફરિયાદમાં જણાવ્યા મુજબ ફરિયાદી સોનલ સોલંકી અને તેણીના પતિ-પરિવાર વિરૂદ્ધમાં જુદી જુદી કોર્ટમાં કૌટુંબિક તકરારના કેસો ચાલી રહ્યાં છે. પતિ અને પરિવાર તરફથી વારંવાર ધમકીઓ પણ અપાય છે. જેથી મારા પતિ અથવા તેઓના પરિવારના સભ્યોએ જાસુસી કે લોકેશન મેળવવા આ જાસુસી ઉપકરણ લગાવ્યું હોવાથી શંકા ફરિયાદમાં વ્યક્ત કરાઈ છે. આ અંગે હાલ કામરેજ પોલીસે આરએફઓ સોનલ સોલંકીની ફરિયાદ નોંધી તપાસ શરૂ કરી છે.

## યુવતીની છેડતી કરનારની ધરપકડ

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૦૪**

વેસુ પોલીસ સ્ટેશન ખાતે દાખલ થયેલ છેડતીના ગુનાના આરોપીને ગણતરીના કલાકોમાં પકડી પાડી કાયદેશરની કાર્યવાહી ધરવામાં આવી હતી.વેસુ પોલીસ સ્ટેશન દ્વારા આરોપી અમિત જગદંબાપ્રસાદ વિરૂધ્ધમાં છેડતીની ફરીયાદ દાખલ થઈ હતી. વેસુ પોલીસને મળેલી બાતમીના આધારે આરોપીને મગદલ્લા ખાતેથી ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરેલ છે. ઉપરોકત કામગીરી પોલીસ ઈન્સપેકટર જે.આઈ.પટેલ વેસુ પોલીસ સ્ટેશનની સુચના અને માર્ગદર્શન હેઠળ સંજયભાઈ રાજુભાઈ, સાદુળભાઈ મુળજીભાઈ, ભગવાનભાઈ શામજીભાઈ, અલ્પેશભાઈ ખાટાભાઈ, નિકુંજકુમાર અશ્વીનભાઈ દ્વારા પ્રસંસનીય કામગીરી કરી હતી.

# હત્યા કેસના આરોપીને પત્નીની સારવાર માટે વચગાળાના જામીન નામંજૂર

**આરોપી પ્રદીપ સેંડીએ પત્નીની સારવાર માટે પૈસાની સગવડ કરવા જામીન માગ્યા હતા**

**પ્રતાપ પ્રતિનિધિ સુરત.તા.૪**

થોડા મહિનાઓ પહેલાં અલથાણ ખાતે પૈસાની ઉઘરાણીમાં એક યુવકને મોતને ઘાટ ઉતારવાના કેસમાં પ્રદીપ ઉર્ફે સેન્ડીએ પત્નીની સારવાર માટે પૈસાની સગવડ કરવા વચગાળાના જામીન માંગતા કોર્ટે નામંજૂર કર્યા હતા.

આભવા ગામ ગણેશ ફળિયામાં રહેતા નાનુ ડાહ્યા પટેલ અને પ્રદીપ ઉર્ફે સેન્ડી ભોળાનાથ શુક્લા વચ્ચે વર્ષો જુની મિત્રતા હતી. પ્રદીપ શુક્લા પાસેથી નાનુ પટેલે ઉછીના ૫૦૦૦૦ રૂપિયા લીધા હતા. પ્રદીપને લીવરનું ઓપરેશન કરાવવા માટે પૈસાની જરૂર હોવાથી નાનું પટેલ પાસે માંગણી કરાઈ હતી. દરમિયાન નાનુ પટેલે પ્રદીપને પૈસા માટે આભવા ચોકડી બોલાવ્યો હતો. પરંતુ નાનુ પટેલ ત્યાં પહોંચ્યો ન હતો. તેમજ પ્રદીપએ તેને ફોન કરતા ઉચક્યો પણ ન હતો. જેથી પ્રદીપએ આવેશમાં આવી પોતાના મિત્રો શુભમ પ્રેમનાથ દુબે ઉર્ફે દામોદર અને સુનિલસિંઘ ઉર્ફે ટાઈગર રાણાપ્રતાપસિંઘ રાજપુત સાથે મળીને પૈસા નહીં આપનાર મિત્ર નાનુ પટેલની હત્યા કરી નાખી હતી. આ હત્યા કેસમાં જેલમાં બંધ પ્રદીપ ઉર્ફે સેન્ડીએ વકીલ વતી વચગાળાની જામીન અરજી કરી જણાવ્યું હતું કે પ્રદીપની પત્ની વર્ષ ૨૦૨૩થી લકવાગ્રસ્ત છે અને તેની તબીબી સારવાર કરાવવી જરૂરી છે અને તેના પરિવારમાં તેની પત્નીની સંભાળ રાખવા માટે કોઈ નથી. તેની પત્નીની તબીબી સારવાર માટે, નાણાકીય વ્યવસ્થા કરવા માટે આરોપીની હાજરી જરૂરી છે. જેથી ૩૦ દિવસના વચગાળાના જામીન માગ્યા હતા. મુખ્ય સરકારી વકીલ નયન સુખડવાલાએ પોલીસે રજૂ કરેલા સોગંદનામાંને ધ્યાને લઈ રજૂઆત કરી હતી કે આરોપી પ્રદીપની પત્નીના નિવેદન મુજબ, તેણીને ૧૨ વર્ષ અગાઉ લકવો થયો હતો અને તે સમયે, તે સારવાર લે છે અને હવે તે ઠીક છે. તેણીએ તેના નિવેદનમાં વધુમાં જણાવ્યું હતું કે તેણીએ ૧૦/૦૯/૨૦૨૧ના રોજ ડુંગરી (વલસાડ) ખાતે છેલ્લી સારવાર લીધી હતી અને છેલ્લા એક વર્ષથી તેણીએ લકવા અંગે કોઈ સારવાર લીધી નથી અને કોઈ પણ ડૉક્ટરની સલાહ લીધી નથી. આરોપી ભાગી જાય તેવી શક્યતા છે જેથી આરોપીના વચગાળાના જામીન નામંજૂર કરવા ડીજીપી સુખડવાલાએ દલીલો કરી હતી.જે કોર્ટે વચગાળાના જામીન રદ કર્યા હતા. આ કેસમાં મૂળ ફરીયાદી તરફે એડવોકેટ રહીમ શેખ છે.

# સુરત આરટીઓમાં ગોલ્ડન-સિલ્વર નંબર પ્લેટની હરાજી

**પ્રતાપ પ્રતિનિધિ સુરત, તા. ૪**

સૂરત રિઝનલ આરટીઓ કચેરી દ્વારા કાર (એલએમવી) માટે જીજે.૫.આરટીથી લઈને જીજે.૫ જેડબલ્યુ સિરીઝ સુધી ગોલ્ડન તેમજ સિલ્વર નંબર પ્લેટની હરાજી રાખવામાં આવી છે. પસંદગીના નંબરો મેળવવા ઈચ્છતા વાહન માલિકો પરિવહન વેબસાઈટ ઉપરથી નોંધણી કરાવી શકશે.૧ નંબરથી લઈને ૪-સિરીઝમાં આવતા વિવિધ નંબરોની યાદી પણ આરટીઓ દ્વારા જાહેર કરવામાં આવી છે. ગોલ્ડન નંબરમાં ૫૫૫૫, ૧૧૧૧, ૨૨૨૨,૩૦૦ તેમજ ૯૯૯૦, ૯૦૦૦, ૩૩૩,૫૫૫,૭૭૭, ૭૮૯ સહિતના નંબરોને ગોલ્ડન સિરીઝમાં મુકવામાં આવ્યા છે. જેનો ફી દર ૪૦ હજાર રૂપીયા છે આ ઉપરાંત ૨ થી લઈ ૧૦ તેમજ ૧૮ નંબર સુધીના નંબરોને સિલ્વર પ્લેટમાં મુકાયા છે. મનપંસદ નંબરો મેળવવા માટે આરટીઓની વેબસાઈટ ઉપર ઓકશનમાં ઓનલાઈન રજીસ્ટ્રેશન કરાવવાનું રહેશે. આ રજીસ્ટ્રેશન આગામી તા.૧૦ નવેમ્બરે સાંજે ૪ કલાકે શરૂ થશે તેમજ ઓકશન ૧૨ નવેમબરે સાંજે ૪ કલાકે શરૂ થશે અને ૧૪ નવેમ્બરે સાંજે ૪ કલાકે પુર્ણ થશે..

# દક્ષિણ-પશ્ચિમ દિશાના પવનથી તાપમાન ઊંચુ,ઠંડીની જોવાતી રાહ

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૦૪**

શહેરમાં વરસાદના વિરામ વચ્ચે ત્રણ દિવસથી તડકો નીકળી રહ્યો છે. બપોરના સમયે મહત્તમ તાપમાનનો પારો ૩૦ ડિગ્રીને આંબી જાય છે. વરસાદ બંધ પડતાં જ આંશિક ગરમી પડવાનું શરૂ થયું છે. મોડી રાત્રે અને વહેલી સવારે ઠંડીની થોડી અસર પમ જોવા મળી રહી છે. ઉત્તરિય પવનોની હજી શરૂઆત થઈ નથી. ઉત્તર દિશામાંથી ફૂંકાતા પવનો શિયાળાની શરૂઆત કરાવતા હોય છે. ત્યારે કમોસમી વરસાદને પગલે વાતાવરણ પણ મિશ્ર બન્યું છે. આજે સવારે સુરત શહેરનું લઘુત્તમ તાપમાન એક ડિગ્રી ઘટીને ૨૪.૨ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું. ગઈકાલે મહત્તમ તાપમાનનો પારો ૩૧.૫ સેલ્સિયસ ડિગ્રી નોધાયો હતો. ઉલ્લેખનીય છે કે, હિમાલય પર્વત માળામાં બરફ વર્ષા જામે એટલે ઉત્તર દિશાથી ફૂંકાતા પવનો દેશના મધ્ય-પૂર્વ સહિત રાજ્યોમાં ઠંડી વર્તાવાનું શરૂ થઈ જાય છે. ત્યારે નવેમ્બર મહિનો શરૂ થઈ ગયો હોય તાપમાનમાં વધઘટ થવા સાથે આ સિઝનમાં શિયાળો વહેલો બેસવાની પણ શક્યતા હવામાન વિભાગે વ્યક્ત કરી છે.

# સેવા પરમો ધર્મને ખરા અર્થમાં સાકાર કરતું જુલી ચેરિટેબલ ટ્રસ્ટ

## ગુજરાતનું સૌથી મોટું આઠ વિઘામાં પથરાયેલા ડોગ સેન્ટરમાં સ્ટ્રીટ ડોગની સેવા

**(અરૂણ સોસા) પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૦૪**

સેવા પરમો ધર્મને ચરિતાર્થ કરતું નવસારીનું ચેરીટબલ ટ્રસ્ટ જુલી ખરેખર પ્રાણીઓ માટે આર્શિવાદરૂપ સાબિત થઈ રહ્યું છે. ૮ વિંઘા જમીનમાં તૈયાર કરાયેલું ડોગ સેન્ટર ૧૨૦૦ શ્વાનની તબીબી સારવારથી માંડીને તેમને સાજા કરવા સુધીની કેપીસિટી ધરાવતું કદાચ રાજ્યનું પ્રથમ નિઃશુલ્ક સેન્ટર ગણવામાં આવી રહ્યું છે. સને ૨૦૦૮થી શરૂ થયેલી સેવાની આ સુવાસ આજે સમગ્ર ગુજરાત સુધી પહોંચી ગઈ છે. જેમાં ઘાયલ થયેલા, બિમાર પડેલા તેમજ સિઝનલ ઈન્ફેક્ટેડ કુતરાઓને સાજા કરવામાં આવી રહ્યા છે.

નવસારીનાં જલાલપોર તાલુકાના મંદીર ગામ નજીક કલથાણ રોડ પર આવેલા જુલી ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા ચલાવવામાં આવતું ડોગ સેન્ટર ગુજરાતનું સૌથી મોટુ સેન્ટર છે. જેમાં ૧૨૦૦ ડોગને રાખવાની ક્ષમતા છે. શિયાળો હોય ઉનાળો હોય કે ચોમાસુ હોય ઠંડી, ગરમી અને વરસાદમાં રક્ષણ આપતા ગજીબો ડોગ માટે બનાવવામાં આવ્યા છે. રસ્તે બિમાર પડેલા, અકસ્માતમાં ભોગ બનેલા કે માનવીય કે અન્ય પ્રાણીઓના હુમલાનો ભોગ બનેલા શ્વાનને અહીં સારવાર આપવામાં આવી રહી છે. અત્રે ઉલ્લેખનીય છે કે, શ્વાનના હુમલાઓ સહિત અનેક નાની મોટી ઘટનાઓનો મુદ્દો છેક કોર્ટ સુધી પહોંચ્યો હતો ત્યારે પ્રાણી પ્રેમીઓ અને સેવાકીય પ્રવૃત્તિ કરનારા જીવદયા પ્રેમીઓએ તેમની સેવા અવિરત ચાલું રાખી છે.

રસ્તે રખડતા ભટકતા લોકોને બે ટંકનું જમવાનું અને રાત્રે સુવા માટે ક્યાંય પણ આસરો મળી જતો હોય છે તેમજ સારવાર પણ મળી જતી હોય છે ત્યારે પ્રાણીઓ પ્રત્યે જીવદયા દાખવીને જીવદયા પ્રેમીઓની કેટલીય સંસ્થાઓ તેમની સેવામાં જોડાયેલી છે. દરમિયાન જુલી ચેરીટેબલ ટ્રસ્ટની પહેલ ખરેખર આવકાર દાયક છે.

## બિમાર કે ઇજાગ્રસ્ત શ્વાન સાજા ન થાય ત્યાં સુધી તેની સેવા : વિનોદભાઇ દેલવાડીયા

ટ્રસ્ટના પ્રમુખ વિનોદભાઈ દેલવાડીયાએ જણાવ્યું હતું કે, મંદીરગામ ખાતે આવેલા જુલી ટ્રસ્ટ અંતર્ગત ચાલતા ડોગ સેન્ટરની ખાસ વાત એ છે કે, અમારૂ ટ્રસ્ટ રસ્તે રઝળતા, બિમાર કે ઈજાગ્રસ્ત કુતરાઓને સ્થળ પર કોઈ ઈન્જેકશન કે ડ્રેસીંગ કરી છોડી દેતું નથી તેને સેન્ટર ઉપર લાવીને જ્યાં સુધી સ્વસ્થ ન થઈ જાય ત્યાં સુધી સારવાર આપવામાં આવે છે.

ડોગ સેન્ટરમાં સારવાર માટે લવાતા કુતરાઓના રિપોર્ટ કાર્ડ બનાવવામાં આવે છે જેમાં તેને સેન્ટર પર લવાયા ત્યારે તેનો વજન, તેની કન્ડીશન તેમજ તેને આપેલી સારવાર થી માંડીને તે સાજા થઈ જાય ત્યાં સુધીની નોંધ કરાઈ છે. જે પણ વ્યક્તિ સારવાર માટે ડોગને મુકી જાય છે તેમને એવી અપીલ કરાઈ છે કે પાછા સાજા થઈ ગયા બાદ ડોગને લઈ જવાઈ જેથી કરીને બીજાને પણ સારવાર મળી શકે.

નવસારીના એરૂ ચાર રસ્તા ખાતે આવેલી પ્રાણીઓની હોસ્પિટલના સહયોગથી જુલી ચેરીટેબલ ટ્રસ્ટમાં આવતા ગંભીર ઈજાગ્રસ્ત કે બિમાર ડોગના એક્ષ-રે, ઓપરેશન તેમજ ઈન્જેકશન-બોટલ આપવા સુધીની વ્યવસ્થા ખુબ સારી રીતે કરવામાં આવી છે. સરકારી હોસ્પિટલના પ્રાણીઓના ડોક્ટરોના માર્ગદર્શન મુજબ ડોગ સેન્ટરનો સ્ટાફ કુતરાઓની સાર સંભાળ કરે છે.

### ભાદરવા મહિનામાં કુતરાઓ ઇજાગ્રસ્ત થવાના સૌથી વધુ બનાવો

ભાદવા મહિનામાં સહવાસના સમયે સૌથી વધુ કુતરાઓ ઈજાગ્રસ્ત થવાના બનાવ બને છે. મેલ અને ફીમેલ ડોગ વચ્ચે આ સમયે સૌથી વધુ એક બીજા ઉપર હુમલો કરવાના બનાવ બનતા હોય છે ત્યારે સુરત સહિત દ.ગુજરાતના અલગ-અલગ વિસ્તારમાંથી આવા ગંભીર ઈજાગ્રસ્ત ડોગને સેન્ટર ઉપર સારવાર માટે જીવદયા પ્રેમીઓ લઈને આવતા હોય છે.

### હિંસક કુતરાઓને અલગ રાખવામાં આવે છે

જુલી ચેરીટેબલ ટ્રસ્ટના ડોગ સેન્ટર પર બિમાર પડેલા ગલુડીયાઓ, ફંગસવાળા તેમજ બ્લાઈન્ડ, પેરાલીસ અને હિંસક કુતરાઓને અલગ-અલગ રાખવામાં આવે છે. એક બીજાથી ઈન્ફેકશન ન થાય તે રીતે કુતરાઓની સારવાર કરવામાં આવે છે. ખાસ કરીને જે હિંસક કુતરાઓ છે તેમને અલાયદી વ્યવસ્થા હેઠળ રાખવામાં આવે છે અને તેમની સારવાર કરવામાં આવે છે.

### ૨૦ જણાંના સ્ટાફ સાથે સેન્ટર ચાલે છે

ડોગ સેન્ટરમાં સારવાર માટે આવતા કુતરાઓની સારવાર માટે૨૦ જણાનો સ્ટાફ કાયમી ધોરણે હાજર હોય છે. કુતરાઓને જમવાથી માંડીને તબીબી સલાહ મુજબ ઈન્જેકશન તેમજ બોટલો ચઢાવવામાં આવે છે. ૨૦ જણાના સ્ટાફ ઉપરાંત નવસારી એરૂ ચાર રસ્તા ખાતે પ્રાઈવેટ ક્લિનીક ચલાવતા ડો.રાજ ગોધાણી પણ ડોગ સેન્ટર ઉપર સેવા આપી રહ્યા છે.

# એનડીપીએસ કેસમાં આરોપીના જામીન મંજૂર કરતી સેશન્સ કોર્ટ

**વકીલ રમીઝ મસ્તાને દલીલો કરી હતી**

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૦૪**

એનડીપીએસના ગુનામાં સોંપાયેલી લિંબાયતની પરવીન શેખના જામીન સુરત સેશન્સ કોર્ટે મંજુર કર્યા હતા. કોર્ટે વકીલ રમીઝ મસ્તાનની દલીલો ગ્રાહ્ય રાખી જામીન અરજી મંજૂર કરી હતી.

લિંબાયત પોલીસે ગાંજાનો જથ્થો અને નશાકારક ગોળીયોનું વેચાણ કરનાર અલીમ ઉર્ફે ગાવઠી કલીમ અંસારી(રહે.નુરાની મસ્જીદ પાસે આઝાદ ચોક,લિંબાયત)ની ધરપકડ કરી હતી. પોલીસની તપાસમાં અલીમ ઉર્ફે ગાવઠીને નશાકારક ગોળીયો વેચાણ કરવા માટે પરવીન ચાંદ શેખ(રહે.નુરાની મસ્જીદ પાસે,લિંબાયત)એ આપી હોવાનું ખુલ્યું હતું. જેથી પોલીસે એનડીપીએસનો ગુનો નોંધી પરવીન શેખની ધરપકડ કરી જેલ ભેગી કરી હતી. જેલમાં બંધ પરવીન શેખે વકીલ રમીઝ ફરીદ મસ્તાન મારફતે સુરત સેશન્સ કોર્ટમાં જામીન અરજી કરી હતી. વકીલ રમીઝ મસ્તાને દલીલો કરી હતી કે, પરવીન પખવાડીયા ઉપરાંતથી જેલમાં બંધ છે.તેણીનો પરિવાર પરવીન ઉપર નિર્ભર છે.તપાસ પણ પૂર્ણ થઈ ગઈ છે. કેસમાં સંડોવાયેલ મુદ્દામાલ નાની માત્રામા છે અને એનડીપીએસ કાયદાની કલમ ૩૭ની કડકતા લાગુ પડતી નથી. કોર્ટે વકીલ મસ્તાનની દલીલો માન્ય રાખી હતી.

